અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૧૪ | અંક : ૧૯૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

પતંગ મહોત્સવનો પ્રારંભ કરાવતા CM I PM નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતનો પતંગોત્સવ વૈશ્વિક ઓળખ બન્યો છે : ભૂપેન્દ્ર પટેલ

## અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૫નો પ્રારંભ








I (એજન્સી) અમદાવાદ, તા.૧૧ I

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ- ૨૦૨૫ના શુભારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરાયણના આ તહેવારને 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે. એટલું જ નહિ પતંગોના આ પર્વને આધુનિક આયામો આપ્યા અને સાથો સાથ પ્રવાસન સાથે આ ઉત્સવને પણ જોડ્યો છે. આમ, આ પતંગોત્સવ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ગયો છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદથી તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દર વર્ષે દેશ અને દુનિયાના એમ્બેસેડર્સ આ પતંગ મહોત્સવ જોવા ગુજરાત આવે છે. આ વર્ષે કુલ ૧૧ જેટલા દેશોના એમ્બેસેડર ગુજરાત આવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વોકલ ફોર વોકલ અભિયાન પતંગોત્સવમાં આવતા પ્રવાસીઓથી ખુબ મોટો વેગ મળ્યો છે. આ ઉત્સવ દરમિયાન ફૂડ સ્ટોલ અને ક્રાફ્ટ સ્ટોલ ધારકોને લાખો રૂપિયાની આવક થાય છે. એટલું જ નહિ, ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં ગયા વર્ષે સાડા પાંચ લાખથી વધુ લોકો જોડાયાં હતા.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવથી થયેલા ગુજરાતના પ્રવાસનના વિકાસ અને ગુજરાતના પતંગ ઉદ્યોગ અંગે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતીઓના પતંગ પ્રેમને કારણે સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે વિશ્વમાં ગુજરાતને ઓળખ મળી છે. અમદાવાદ, નડિયાદ, ખંભાત તેમજ સુરત કાઈટ મેન્યુફેક્ચરીંગના હબ બન્યા છે. એટલું જ નહિ, આજે દેશના પતંગ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતમાંથી દર વર્ષે પતંગો અમેરિકા, યુ.કે., કેનેડા જેવા દેશોમાં એકસપોર્ટ પણ થાય છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વર્ષ ૨૦૪૭માં ભારતને વિકસતિ રાષ્ટ્ર બનાવવાની વડાપ્રધાનની નેમ છે, ત્યારે આ નેમને સાકાર કરવા ગુજરાતના વિકાસ પતંગને પર્યાવરણ અને પ્રકૃતિ સાથે તાલમેલ સાધીને વિકાસ વિશ્વમાં ઊંચી ઊડાન ભરાવવાની એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે ઉત્તરાયણ પર્વની વાત કરતા મુખ્યમંત્રી શ્રીએ કહ્યું કે, ઉત્તરાયણ ઉત્સવ દાન તેમજ ધર્મનું અને સૂર્ય નારાયણની ઉપાસનાનું પર્વ છે. એટલું જ નહિ, દાન-મહિમાની પરંપરા સાથે ઉજવાતા આ પર્વમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદના પણ સમાયેલી છે. જીવમાત્રની સુરક્ષા માટે સંવેદના દર્શાવીને આ પર્વને સુરક્ષિત રીતે ઉજવવુ જોઈએ તેમજ પતંગ ઉડાડવામાં પણ ખુબ કાળજી રાખવી જોઈએ એવી રાજ્યના દરેક નાગરિકોને મુખ્યમંત્રી દ્વારા અપિલ કરવામાં આવી હતી. આ અવસરે મુખ્યમંત્રી એ ઉતરાયણ અને મકરસંક્રાંતિના પર્વની સૌને શુભેચ્છાઓ પણ પાઠવી હતી. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ -૨૦૨૫ની વિગતવાર માહિતી આપતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૨૫'નું આયોજન કરાયું છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. જેમાં ૫૫ દેશોના ૧૫૩ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ૧૨ રાજ્યોના ૬૮ રાષ્ટ્રીય પતંગબાજો, ગુજરાતનાં ૨૩ શહેરોના ૮૬૫ પતંગબાજોએ ભાગ લીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં -૨૦૨૫માં અર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બેલારુસ, બેલ્જિયમ, ભૂતાન, બ્રાઝિલ, બલ્ગેરિયા, કંબોડિયા, કેનેડા, ચીલી, કોલંબિયા, કોસ્ટા રીકા, ડેનમાર્ક , ઈજિપ્ત, એસ્ટોનીયા, ફ્રાન્સ, જર્મની , ગ્રીસ, હંગારી, ઈન્ડોનેશિયા, આયર્લેન્ડ, ઈટલી, ઈઝરાયલ, જાપાન, રિપબ્લિક ઓફ કોરિયા, લેબાનોન, લીથું ઉનીયા, મલટા ,મેક્સિકો, નેધરલેન્ડ, ફિલિપાઈન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનીયા, રશિયન ફેડરેશન, સ્લોવાકિયા, સોલ્વેનિયા, સાઉથ આફ્રિકા, સ્પૈન, સ્વીઝરલેન્ડ, તુર્કી, યુક્રેન, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ, વીયેતનામના પતંગબાજો ભાગ લઈ રહ્યા છે.

### જાણીતા ટીવી અને બોલિવૂડ એક્ટર ટીકુ તલસાનિયાની તબિયત બગડી



I (એજન્સી) મુંબઈ, તા.૧૧ I

પ્રખ્યાત ટીવી અને બોલિવૂડ એક્ટર ટીકુ તલસાનિયાની તબિયત અચાનક બગડી ગઈ છે. તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે. અહેવાલ છે કે અભિનેતાની તબિયત સારી ન હતી જેના પછી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. હોસ્પિટલમાં દાખલ થવા પાછળનું પ્રાથમિક કારણ હાર્ટ એટેક હોવાનું કહેવાય છે, પરંતુ તબીબો હજુ પણ તેમની તબિયત બગડવાનું કારણ શોધી રહ્યા છે. ટીકુ તલસાનિયા વિશેના આ સમાચાર ખૂબ જ આશ્ચર્યજનક છે. ટીકુ ૭૦ વર્ષનો છે. તે ઈન્ડસ્ટ્રીના સિનિયર એક્ટર છે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે અભિનેતા જલ્દી સ્વસ્થ થઈ જશે. આજતકે આ અંગે ટીકુ તલસાનિયાના પરિવારનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હજુ સુધી પરિવાર તરફથી આ અંગે કંઈ કહેવામાં આવ્યું નથી. અભિનેતા ટીકુ તલસાનિયાનો જન્મ ૧૯૫૪માં થયો હતો. તેણે ૧૯૮૪માં લોકપ્રિય શો 'યે જો હૈ ઝિંદગી'થી અભિનયની શરૂઆત કરી હતી.

"પુષ્પા ૨" નાસભાગ કેસમાં અલ્લુ અર્જુનને રાહત

## નામપલ્લી કોર્ટે "પુષ્પા ૨" એક્ટર અલ્લુ અર્જુનને આપી અનેક છૂટછાટ

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ I

હૈદરાબાદની નામપલ્લી કોર્ટે 'પુષ્પા ૨' નાસભાગ કેસમાં અલ્લુ અર્જુનને કોર્ટમાંથી ઘણી મોટી રાહત મળી છે. તેલુગુ સુપરસ્ટારના ફેન્સના મૃત્યુના મામલામાં પરેશાનીઓ ઓછી થવાના કોઈ સંકેતો દેખાતા ન હતા. ગયા મહિને તેની ધરપકડ પણ કરવામાં આવી હતી, પરંતુ બાદમાં તેને જામીન મળી ગયા હતા. હવે કોર્ટે એક્ટરને ઘણી છૂટ આપી છે. આજે એટલે કે શનિવારે, સમાચાર આવ્યા છે કે 'પુષ્પા ૨' એક્ટરને દર રવિવારે ચિક્કડપલ્લી પોલીસ સ્ટેશનમાં હાજરી આપવાની જરૂર રહેશે નહીં. હવે કોર્ટે એક્ટરને મુક્તિ આપી છે. અલ્લુ અર્જુનની કાનૂની ટીમે સુરક્ષાની ચિંતાઓને



ટાંકીને આ છૂટ આપવામાં આવી હતી. આ સિવાય હવે અલ્લુ અર્જુનને વિદેશ પ્રવાસની પણ સંપૂર્ણ સ્વતંત્રતા છે. નોંધનીય છે કે 'પુષ્પા ૨'ના પ્રીમિયર દરમિયાન નાસભાગમાં એક મહિલાના મોતના મામલામાં અલ્લુ અર્જુન વિરુદ્ધ કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. અલ્લુ અર્જુન કારમાંથી બહાર આવતાની સાથે જ પ્રીમિયરમાં ભીડ કાબૂ બહાર થઈ ગઈ હતી. આ ઘટનામાં એક મહિલાનું મોત થયું હતું અને તેનો પુત્ર ગંભીર રીતે ઘાયલ થયો હતો. છોકરો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અલ્લુ અર્જુનના વકીલે સુરક્ષાની ચિંતાઓને ટાંકીને એક્ટર માટે કોર્ટમાં છૂટની માંગ કરી હતી, હવે કોર્ટે હવે આ અપીલ પર સુનાવણી કરી છે. હવે અલ્લુ અર્જુનને રવિવારે પોલીસ સ્ટેશનમાં હાજર થવાની જરૂર નથી. એટલું જ નહીં તેના વિદેશ પ્રવાસ પર લાગેલો પ્રતિબંધ પણ હટાવી લેવામાં આવ્યો છે. આ રાહત અર્જુન માટે એક મોટો વળાંક છે, કારણ કે તેણે પોલીસ સમક્ષ પોતાની હાજરી નોંધાવી દીધી હતી.

રામલલાનો પંચામૃત અભિષેક, યોગીએ કરી પૂજા

## પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ પર અયોધ્યામાં ઉત્સવ યોજાયો

I (એજન્સી) અયોધ્યા, તા.૧૧ I

રામ મંદિરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ દ્વારા આજથી ત્રણ દિવસીય વિશાળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ તહેવારને હિન્દુ કેલેન્ડર અનુસાર પ્રતિષ્ઠા દ્વાદશી નામ આપવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શનિવારે અયોધ્યા પહોંચ્યા હતા. આજે રામલલાની વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી. જેમાં રામલલાનો પંચામૃત અભિષેક કરવામાં આવ્યો હતો. સીએમ




યોગીએ મહાભિષેક કરીને ૩ દિવસીય કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું હતું. જણાવી દઈએ કે આ વર્ષે પ્રતિષ્ઠા દ્વાદશી પર્વ મુહૂર્ત મુજબ ઉજવવામાં આવી રહ્યો છે. રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ અયોધ્યામાં ઉજવવામાં આવી રહી છે. આ પ્રસંગે રામલલાની વિશેષ પૂજા કરવામાં આવી હતી. જેમાં રામલલાને દૂધ, દહીં, ઘી, મધ અને સાકરથી અભિષેક કર્યા પછી ગંગાજળથી સ્નાન કરાવ્યું હતું. આ પછી રામલલાને પીળા વસ્ત્રો પહેરાવવામાં આવ્યા હતા અને ઘરેણાંથી શણગારવામાં આવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું-રામ મંદિર વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં મદદ કરશે. મંદિર ટ્રસ્ટના જણાવ્યા અનુસાર આજે ૨ લાખ ભક્તો રામલલાના દર્શન કરશે. તેમજ ૧૧ થી ૧૩ જાન્યુઆરી સુધી પ્રાણ-પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે.

## ડોનાલ્ડ ટ્રમ્પ હશ મની કેસમાં તમામ આરોપોમાંથી બિનશરતી મુક્ત

I (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ I

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને તેમના શપથ ગ્રહણના માત્ર ૧૦ દિવસ પહેલા જ હશ મની કેસમાં બિનશરતી મુક્ત જાહેર કરવામાં આવ્યા હતા. નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ આ મામલાને લઈને સમગ્ર દેશમાં ચર્ચામાં હતા. અમેરિકાની સુપ્રીમ કોર્ટે આ મામલામાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યા બાદ ટ્રમ્પને સજાનો સામનો કરવો પડશે તેવી વાતો ચાલી રહી હતી. ટ્રમ્પ પર સ્ટોર્મી ડેનિયલ્સને કરવામાં



આવેલી $130,000ની ચૂકવણીને છુપાવવા માટે વ્યાપારી રેકોર્ડ ખોટા કરવાનો આરોપ હતો. ઉલ્લેખનીય છે કે, આ મામલો ૨૦૦૬નો બતાવવામાં આવી રહ્યો હતો. જો કે, બીજી તરફ ટ્રમ્પે હંમેશા મહિલા સાથેના પોતાના કથિત સંબંધોને નકારી કાઢ્યા છે. તેમણે આ કેસમાં કાર્યવાહીને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા હતી. અમેરિકાની કોર્ટે તેમને તમામ ૩૪ આરોપોમાંથી બિનશરતી નિર્દોષ જાહેર કર્યા છે. ચુકાદા પર ટ્રમ્પે ન્યાયાધીશને કહ્યું કે, મારી સાથે ખૂબ જ ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો. નિર્ણય બદલ હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું.

આ મામલાને લઈને શુક્રવાર સવાર સુધી કહેવામાં આવી રહ્યું હતું કે એક પોર્ન સ્ટારને પૈસા આપીને ચૂપ રહેવા મજબૂર કરવાના ગુનામાં ટ્રમ્પને શુક્રવારે સજા સંભળાવવામાં આવશે. ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહ પહેલા તેમની સજા એક આશ્ચર્યજનક વિરોધાભાસ ઉભી કરશે જે અમેરિકામાં અગાઉ ક્યારેય બન્યું નથી. થોડા દિવસોમાં રાષ્ટ્રપતિ વિશાળ સત્તાનો ઉપયોગ કરશે અને દેશના કાયદા અને બંધારણના અંતિમ સંરક્ષક બનશે, પરંતુ તેઓ પોતે આ કેસમાં સજા પામશે. નોંધનીય છે કે, ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેવા જઈ રહ્યા છે.

કેજરીવાલ પર અનુરાગ ઠાકુરના આકરા પ્રહાર

## પાઠશાળાના બદલે મધુશાળા બની, ઝાડૂ પરથી દારુ ઉપર આવી ગયા

I નવી દિલ્હી, તા.૧૧ I

દિલ્હીમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. આ વચ્ચે હવે ભાજપ સાંસદ અનુરાગ ઠાકુરે આમ આદમી પાર્ટી અને કેજરીવાલ પર દિલ્હીની જનતા સાથે ઠગાઈ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, વર્ષ ૨૦૨૫ ચાલી રહ્યું છે પરંતુ હું ૨૦૨૬ની વાત કરવા આવ્યો છું, કારણ કે, ૨૦૨૫ નાણાકીય વર્ષ છે અને દારુ કૌભાંડ ૨૦૨૬ કરોડનું છે. દિલ્હીમાં પાઠશાળાના બદલે મધુશાળા બની, આ લોકો ઝાડૂ પરથી દારુ પર આવી ગયા. ભાજપ સાંસદે કહ્યું કે, આપદા દૂર થાય તે જરૂરી છે. એ પાર્ટીના મુખ્યમંત્રી અને ડેપ્યુટી સીએમ પણ જેલમાં ગયા. કોરોના મહામારી સમયે સુવિધાઓનો અભાવ હતો.

I.N.D.I.A. બાદ મહાવિકાસ અઘાડીમાં પણ તિરાડ!

## ઉદ્ધવ સેનાનું BMC ચૂંટણી એકલા લડવા માટેનું એલાન

I (એજન્સી) મુંબઈ, તા.૧૧ I

શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતે શનિવારે કહ્યું કે અમારો પક્ષ મહારાષ્ટ્રમાં સ્થાનિક એકમો એટલે કે BMCની આગામી ચૂંટણીઓ એકલા હાથે લડશે. પાર્ટીના વડા ઉદ્ધવ ઠાકરેએ પણ પાર્ટીને સંકેત આપ્યો હતો કે આ વખતે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેના એકલા હાથે ચૂંટણી લડે. પત્રકારો સાથે વાત કરતાં શિવસેના (UBT) રાજ્યસભા સાંસદ રાઉતે કહ્યું કે 'I.N.D.I.A. બ્લોક' અને 'મહા વિકાસ આઘાડી' ગઠબંધન લોકસભા અને વિધાનસભા ચૂંટણી પૂરતું જ છે. ગઠબંધનમાં વ્યક્તિગત પક્ષોના કાર્યકરોને તક મળતી નથી અને આ રાજકીય પક્ષોના સંગઠન વિકાસમાં અવરોધ રૂપ થાય છે. અમે મુંબઈ, થાણે, નાગપુર અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનો, જિલ્લા પરિષદો અને પંચાયતોમાં અમારી તાકાતના આધારે ચૂંટણી લડીશું. આ ચૂંટણીઓમાં અમે અમારા કાર્યકરોને તક આપીશું.

હત્યા કે આત્મહત્યા અંગે રહસ્ય ઘેરાયું

## AAP ધારાસભ્ય ગુરપ્રીત બસ્સી ગોગીનું ગોળી વાગવાથી મોત

I (એજન્સી) લુધિયાણા, તા.૧૧ I

લુધિયાણાના પશ્ચિમ મતવિસ્તારના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગુરપ્રીત ગોગીનું માથામાં ગોળી વાગવાથી મૃત્યુ થયું છે. એવી અટકળો ચાલી રહી છે કે મૃતક ધારાસભ્યએ પોતાને ગોળી મારી છે, પરંતુ હજુ સુધી કોઈ વહીવટી અધિકારીએ સત્તાવાર રીતે પુષ્ટિ કરી નથી કે તેમનું મૃત્યુ કેવી રીતે થયું, કોઈએ તેમને ગોળી અચાનક મારી હતી કે તેમણે જાતે ગોળી મારી હતી કે પછી કોઈ બીજાએ ગોળી ચલાવી હતી, તે અંગે હાલમાં કંઈ કહી શકાય નહીં. સંયુક્ત પોલીસ કમિશનર જસકરણ સિંહ તેજાએ AAP ધારાસભ્યના મૃત્યુની પુષ્ટિ કરી અને કહ્યું કે તેમને મૃત હાલતમાં DMC હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે શબઘરમાં રાખવામાં આવ્યો છે. આ ઘટના મોડી રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ બની હતી. પોલીસ કમિશનર કુલદીપ ચહલ અને ડેપ્યુટી કમિશનર જીતેન્દ્ર જોરવાલ ડીએમસીએચ ખાતે હાજર છે.

ભાજપનો ૨૦૦૦ કરોડનું નુકસાન થયાનો દાવો

## ભાજપ-આપ વચ્ચે CAGના લીક રિપોર્ટના મુદ્દે ઘમસાણ

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ I

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી દરમિયાન કથિત લિકર કૌભાંડ એક મોટો મુદ્દો બની ગયો છે. ભારતીય નિયંત્રક અને ઓડિટર જનરલ (CAG)ના અહેવાલને ટાંકીને, ભાજપે આમ આદમી પાર્ટી (AAP)ને ઘેરી છે. ભાજપનો દાવો છે કે લિકર પોલિસી કૌભાંડને કારણે દિલ્હીને ૨ હજાર કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે. આ ઉપરાંત ઘણા આપના નેતાઓએ લાંચ પણ લીધી હતી. જો કે, આપે આ મુદ્દા પર વળતો પ્રહાર કર્યો છે અને રાજ્યસભાના સાંસદ સંજય સિંહે પૂછ્યું કે, 'CAG રિપોર્ટ ક્યાં છે. આ દાવાઓ ક્યાંથી આવી રહ્યા છે.' અહેવાલો અનુસાર, ભાજપે ઝછ્યનો લીક થયેલો રિપોર્ટ જાહેર કર્યો છે. જેમાં ચોંકાવનારા તથ્યો પ્રકાશમાં આવ્યા છે. લિકર કૌભાંડથી સરકારી તિજોરીને ૨,૦૨૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ભાજપનો આરોપ છે કે, નીતિના અમલીકરણમાં ખામી રહી છે.





આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની શાનદાર ઉજવણીની વધુ એક ઝલક..

## વલસાડમાં ગોડાઉનમાંથી થયેલ અનાજની ચોરીનો ભેદ ઉકેલાયો

### કોઈ અજાણ્યા ઈસમો આ ગોડાઉનમાંથી મોટી માત્રામાં અનાજની ચોરી કરી અને ફરાર થઈ ગયા હતા

। (એજન્સી) વલસાડ, તા.૧૧ ।

ગોડાઉનમાંથી થયેલ અનાજની ચોરીનો ભેદ ઉકેલાયો, પોલીસે ગુજરાત અને મહારાષ્ટ્ર બોર્ડર પરથી ત્રણને ઝડપી પાડ્યા. વિગત મુજબ વલસાડના છીપવાડ દાણા બજારમાં પ્રભાતે ટ્રેડર્સ નામની દુકાનમાં અનાજ અને કઠોળનું હોલસેલ અને છુટક વેચાણ કરવામાં આવે છે. આમનું વલસાડના ગુંદલાવમાં અનાજ અને કઠોળનો ગોડાઉન છે. જ્યાં જથ્થાબંધ અનાજનો સંગ્રહ કરવામાં આવે છે. ત્યાંથી માલની ડીલીવરી કરવામાં આવે છે. જોકે કોઈ અજાણ્યા ઈસમો આ ગોડાઉનમાંથી મોટી માત્રામાં અનાજની ચોરી કરી અને ફરાર થઈ ગયા હતા. ગોડાઉનનું શટર ઊંચું કરી જોતા આસપાસના લોકો દ્વારા ગોડાઉન માલિકને જાણ કરતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. તપાસ કરતા ગોડાઉનના સીસીટીવી કેમેરામાં અનાજની ચોરી થઈ હોવાનું ધ્યાન આવ્યું હતું. કોઈ અજાણ્યો ઈસમ મોઢું છુપાવી અને ગોડાઉનમાં લગાવેલા સીસીટીવી કેમેરાની દિશા ચેન્જ કરી દીધી હતી. ત્યારબાદ ગોડાઉનમાંથી ૨૬૭૦ કિલો કઠોળનો જથ્થો ચોરી અને ફરાર થઈ ગયા હતા. આ અંગે ગોડાઉન માલિકે વલસાડ રૂરલ પોલીસને જાણ કરતાં રૂરલ પોલીસની ટીમે આ મામલે તપાસ કરી હતી. બાતમીદારોનું નેટવર્ક અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ઊંડાણ પૂર્વક તપાસ કરતા આખરે ગણતરીના સમયમાં જ તેમને સફળતા મળી અને મહારાષ્ટ્ર અને ગુજરાતની હદ પરથી ટેમ્પો સાથે ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

### ફ્લાવર શો ૨૪મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે

## અમદાવાદમાં ફ્લાવર શોની નકલી ટિકિટનું કૌભાંડ સામે આવ્યું છે

### ઓનલાઇન ટિકિટનું વેચાણ બંધ થયા પછી ભેજાબાજો નકલી ટિકિટ વેચતા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના પાલડી વિસ્તારમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભવ્ય ફ્લાવર શૉ ૨૦૨૫નો ત્રીજી જાન્યુઆરીથી પ્રારંભ થયો છે, જે ૨૪મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ફ્લાવર શૉની નકલી ટિકિટનું કૌભાંડ સામે આવ્યું છે. વાત એમ છે કે, ઓનલાઈન ટિકિટનું વેચાણ બંધ થયા પછી ભેજાબાજો નકલી ટિકિટ વેચતા હતા. નોંધનીય છે કે, ફ્લાવર શૉમાં પ્રિ-વેડિંગ અને ફિલ્મ શૂટિંગ કરવા ઈચ્છતા લોકો નિયમ મુજબનો ચાર્જ ભરીને શૂટિંગ કરી શકશે. મળતી માહિતી અનુસાર, રિવરફ્રન્ટમાં યોજાયેલા ફ્લાવર શોમાં અનેક લોકો પાસે નકલી ટિકિટો મળી આવી છે, જે પ્રિન્ટ કરેલી છે. ૭૦ રૂપિયાના દરની ૨૭ તેમજ ૧૦૦ રૂપિયાના દરની ૨૫ ટિકિટ મળી આવી છે, જે અસલી ટિકિટ જેવી જ છે. આમ, ફ્લાવર શો જોવા આવેલા લોકો પાસેથી કુલ ૫૨ નકલી ટિકિટ મળી આવી છે. આ મામલે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના પાલડી વિસ્તારમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ભવ્ય ફ્લાવર શૉ ૨૦૨૫નો ત્રીજી જાન્યુઆરીથી પ્રારંભ થયો છે, જે ૨૪મી જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ફ્લાવર શૉની નકલી ટિકિટનું કૌભાંડ સામે આવ્યું છે. વાત એમ છે કે, ઓનલાઈન ટિકિટનું વેચાણ બંધ થયા પછી ભેજાબાજો નકલી ટિકિટ વેચતા હતા. નોંધનીય છે કે, ફ્લાવર શૉમાં પ્રિ-વેડિંગ અને ફિલ્મ શૂટિંગ કરવા ઈચ્છતા લોકો નિયમ મુજબનો ચાર્જ ભરીને શૂટિંગ કરી શકશે. મળતી માહિતી અનુસાર, રિવરફ્રન્ટમાં યોજાયેલા ફ્લાવર શોમાં અનેક લોકો પાસે નકલી ટિકિટો મળી આવી છે, જે પ્રિન્ટ કરેલી છે. ૭૦ રૂપિયાના દરની ૨૭ તેમજ ૧૦૦ રૂપિયાના દરની ૨૫ ટિકિટ મળી આવી છે, જે અસલી ટિકિટ જેવી જ છે. આમ, ફ્લાવર શો જોવા આવેલા લોકો પાસેથી કુલ ૫૨ નકલી ટિકિટ મળી આવી છે.

### એસીબીના છટકામાં ઝડપાયો

## દાહોદમાં નાયબ મામલતદાર લાંચ લેતા છટકામાં ઝડપાયો

। (એજન્સી) દાહોદ, તા.૧૧ ।

છઝ્રમ્ દ્વારા લાંચીયા લોકો સામે સતત કામગીરી કરવામાં આવતી હોવા છતાં કેટલાક સુધરવાનું નામ નથી લઈ રહ્યા. દાહોદમાં નાયબ મામલતદાર મંથનકુમાર જીવાભાઈ પરમાર લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપાયો હતો.

ફરીયાદીને દારપણાનો દાખલાની જરૂરીયાત હોવાથી મામલતદાર કચેરી ફતેપુરા ખાતે ગયા હતા. દારપણાનો દાખલો મેળવવા માટે તેમના કાકાના છોકરાના નામે મિલ્કત આવેલ હોવાથી તેમના નામની અરજી તૈયાર કરાવી અરજી માલતદાર કચેરીની ટપાલ શાખામાં તા.૨૫ ઓક્ટોબર ના રોજ આપી હતી. એકાદ મહીનાનો સમય થતા દારપણાનો દાખલો ન મળતા તેઓ મામલતદાર કચેરી ફતેપુરા ખાતે ઓફિસમાં સર્કલ ઓફિસરને મળ્યા હતા. તેમણે જણાવ્યું, અરજીના કાગળો મળતા નથી.

જે શોધી કાઢી તમને જણાવીશ. ત્યાર બાદ ફરીયાદીએ મામલતદાર કચેરી ફતેપુરા ખાતે જઈ આ કામના આરોપી સર્કલ ઓફિસરને મળતાં અરજીમા સુધારો તથા રૂ.૫૦ નો સ્ટેમ્પ નવેસરથી કરી રૂ.૫૦૦૦ લઈ આવવા જણાવ્યું હતું. જે લાંચના નાણાં તેઓ આપવા માંગતા ન હોવાથી મહીસાગર એ.સી.બી.ને ફરિયાદ કરી હતી. જેના આધારે ગોઠવાયેલા લાંચના છટકા દરમિયાન આરોપી ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂ.૫,૦૦૦ની લાંચ સ્વીકારતાં રંગેહાથ ઝડપાયા હતા.

## આણંદમાં વિદેશ જવાની લાલચમાં વધુ એક મહિલા સાથે છેતરપિંડી

। (એજન્સી) આણંદ, તા.૧૧ ।

લોકોને વિદેશમાં જવાની ભારે ઘેલછા હોય છે. આ ઘેલછા ક્યારેક ભારે પણ પડતી હોય છે. આણંદમાં બનેવલા આ પ્રકારના એક કેસમાં વિદેશ જવાની લાલચમાં મહિલા છેતરપિંડીનો બોગ બની હતી. જેમાં આણંદના કણજરી વિસ્તારમાં રહેતી મહિલા સાથે રૂ. ૧૮.૪૦ લાખ ની છેતર પિંડી કરવામાં આવી હતી. આ મહિલાને UKના વિઝા અપાવવાના બહાને ઠગ ટોળકીએ નાણાં પડાવ્યા હતા. આ અંગે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. પોલીસે આ સંદર્ભે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

### PMJAY યોજના દેશવાસીઓ માટે વરદાન સમાન છે

## આયુષ્યમાન કાર્ડ કઢાવવામાં અરજદારોને પારાવાર હાલાકી

### ડિજિટલ ઈન્ડિયાના દાવા વચ્ચે વારંવાર સર્વરમાં ખામી સર્જાતા કાર્ડ નીકળી રહ્યા નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ભારત સરકારની PMJAY યોજના દેશવાસીઓ માટે વરદાન સમાન છે. આ યોજના થકી ગરીબ મધ્યમ વર્ગના દર્દીઓને તેમના ગંભીર રોગોની સારવાર માટે કોઈપણ મોટી ખાનગી કે હોસ્પિટલમાં ૫ લાખ સુધીનો વીમો મળે છે. જેમા ૭૦ વર્ષથી વધુ વયના દર્દીને એકલાને ૫ લાખ રૂપિયાનો વીમો મળે છે. જો કે આ કાર્ડ ન હોય તો નવુ કાર્ડ કઢાવવામાં દર્દીઓને દિવસે તારા દેખાઈ રહ્યા છે. ત્યારે દર્દીઓ સારવાર કેવી રીતે લઈ શકે તે મોટો સવાલ છે. આ સવાલ એટલા માટે કારણે કે છેલ્લા કેટલાક દિવસોથથી અમદાવાદમાં આયુષ્ય કાર્ડ કઢાવનારા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં કાર્ડ ન નીકળે તેમને ગીતામંદિર ખાતે આવેલા મુખ્ય આરોગ્ય કેન્દ્રનો રસ્તો દેખાડવામાં આવે છે. હવે ગીતામંદિર આરોગ્ય કેન્દ્ર ખાતે સર્વર ડાઉન રહેતા કાર્ડ કઢાવવા આવેલા દર્દી અને દર્દીઓનાં સગાનું કામ આગળ ચાલતું જ નથી. અને જો કદાચ કાર્ડ એપ્લાઈ થઈ જાય તો ઉપરથી એપ્રુવલ આવતા સમય લાગે છે. હાલમાં જ PMJAY કાર્ડની કામગીરીનું કૌભાંડ બહાર આવ્યું, જે બાદ નિયમો અને વધુ કામગીરી કડક થતા આયુષ્યમાન કાર્ડ ઝંખતા સામાન્ય લોકો પરેશાન છે. સૌથી વધુ હેરાનગતિ એ લોકોને થઈ રહી છે જે લોકોને તાત્કાલિક સારવારની જરૂરિયાત છે.

આયુષ્યમાન કાર્ડ કાઢવાની મંથર ગતિએ ચાલતી કામગીરીને કારણે ખાસ કરીને ડાયાલિસીસના દર્દીઓ, હૃદયને લગતી ગંભીર બીમારીના દર્દીઓ પણ રાહ જોવા મજબુર બન્યા છે. અર્બન હેલ્થ સેન્ટર કે જિલ્લા આરોગ્ય કેન્દ્ર ખાતે ફકત કાર્ડ એપ્લાય કરવાની કામગીરી થાય છે પરંતુ એપ્રુવલની પ્રોસેસમાં સર્વર ખોટકાતા સમસ્યા સર્જાઈ છે. હાલત તો એવી છે કે જે દર્દીઓને સારવાર લેવાની છે તે સારવાર લેવાને બદલે આયુષ્યમાન કાર્ડ કઢાવવાની લાઈનોમાં બેઠા છે. સર્વરમાં ખામી અને ઉપરથી એપ્રુવલ ન આવતા લોકો પરેશાન થાય છે અને ધક્કા ખાવા મજબૂર છે. અમદાવાદમાં ખ્યાતિ હોસ્પિટલનું ખોટી રીતે એન્જીયોપ્લાસ્ટી કરવાનું કારસ્તાન સામે આવ્યા બાદ હવે સરકારે કાર્ડ કાઢવાની પ્રોસેસ વધુ કડક કરી નાખી છે. જો સર્વર બરાબર ચાલે તો કાર્ડની પ્રોસેસ તો થઈ જાય છે પરંતુ ઉપરથી એપ્રુવલ આવવામાં જ સૌથી મોટો વિલંબ થઈ રહ્યો છે. જે કાર્ડ ની પહેલા ૨૪ થી ૨૮ કલાકમાં એપ્રુવલ આવી જતી હતી તે હવે ૧૫ થી ૨૦ દિવસે આવે છે, તેના કારણે પણ અરજદારોને જલ્દી કાર્ડ મળી રહ્યા નથી.

## ગિફ્ટ સિટીની એન્જિનિયર યુવતી સાથે રૂ.૫.૯૪ લાખની છેતરપિંડી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

ગાંધીનગર ગિફ્ટ સિટીની એક કંપનીમાં સોફ્ટવેર એન્જીનિયર તરીકે ફરજ બજાવતી યુવતી સાથે રૂ. ૫.૯૪ લાખની ઠગાઈ કરવામાં આવી હોવાનો બનાવ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાયો છે. મનીલોન્ડરીંગના કેસમાં ફસાવી દેવાનો કારસો રચી ઠગાઈ આચરી હતી. રાદેસણમાં પીજીમાં રહેતી અને IBM કંપનીમાં જોબ કરતી જુનાગઢની ભક્તિબેન વિઠલાનીને ૧૮મી ડિસેમ્બરે UDI ડિપાર્ટમેન્ટમાંથી સિનિયર વેરીફિકેશન ઓફિસર રાહુલ શર્માએ કોલ કરી જણાવ્યુ હતું કે, તમારૂ આધારકાર્ડ હોટલ અને ટ્રાવેલ બુકિંગના નામે મિસયુઝ થઈ રહ્યું હોવાથી તમારે વેરીફિકેશન કરવાનુ કહી તેણે Skype આઈડી મોકલ્યું હતું. જેથી ભક્તિએ એપ્લિકેશન ડાઉનલોડ કરી લોગીન કરતા તેમાં પ્રૂફ તરીકેના ડોક્યુમેન્ટ તેમજ દિલ્હી પોલીસનું આઈડી કાર્ડ હતુ.

થોડીવારમાં વિડિયો કોલ આવ્યો હતો. એટલે ભક્તિએ માગ્યા મુજબ પોતાનું આધારકાર્ડ વેરીફાય કરવા માટે મોકલ્યુ હતું. સામાવાળી વ્યક્તિએ આધાર કાર્ડ મનીલોંડરીંગ સાથે સંકળાયેલ હોવાનું કહીને બીજા કેટલાક બેંક એકાઉન્ટ તમારા આધાર કાર્ડ સાથે લિંક હોવાનું કહ્યું હતું.

### નર્સિંગ કલાસીસ સામે વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી મામલો

## નર્સિંગની ડિગ્રીના બહાને ૨૯ છાત્રાઓ સાથે રૂ.૯.૮૭ લાખની ઠગાઈ

। (એજન્સી) અંકલેશ્વર, તા.૧૧ ।

અંકલેશ્વરના નર્મદા પેરામેડિકલ નર્સિંગ કલાસીસ સામે વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી મામલે પોલીસ ફરિયાદ પોલીસે દાખલ કરી હતી. નર્સિંગ કોર્સની ડિગ્રી આપવાના બહાને એડમિશન આપી એડમિશન ૯.૮૭ લાખ રૂપિયા ૨૯ વિદ્યાર્થીની પાસે ખંખેરી લીધા હોવાનો આક્ષેપ હતો. પોલીસે તપાસ બાદ ગુનો દાખલ કરી ક્લાસીસ સંચાલક મહિલાની ધરપકડના ચક્રોગતિમાન કર્યા હતા. અંકલેશ્વરની સિંગ્નેચરીયા ગેલેરીયા મહાવીર ટર્નીંગ ખાતે નર્મદા પેરામેડિકલ નર્સિંગ ક્લાસીસ ચલાવી રહ્યા છે. જેનું સંચાલન ચેતનાબેન રાવ કરી રહ્યા છે કોલેજ માં જી.એન.એમ. (જનરલ નર્સીંગ મિડવાઈફરી) કોર્સ માટે ભરૂચ રહાડપુરના ૨૧ વરહોય રશ્મિબેન વસાવા એ એડમિશન લીધું હતું. જ્યાં લોભામણી લાલચ આપી એડમિશન વેળા અસલ માર્કશીટ, એલ.સી. જાતિનો દાખલો, આવક દાખલો, અસલ બેંક પાસબુક, એ.ટી.એમ કાર્ડ, કોરા ચેકો, આધાર કાર્ડ અને એડમિશનના ૮૦૦૦ લઈ તેની રસીદ આપી હતી.વર્ષ પૂર્ણ થતા પરીક્ષાની વાત કરતા તમારી વાર્ષિક અને પરીક્ષા ફી રૂપે ૫૫૦૦ના ભરી હોવાથી પરીક્ષા લીધી હતી અને સાહેદ રૂપાલી બેન વસાવા પાસેથી પણ એડમિશનના ૮૦૦૦, ૫૫૦૦ રૂપિયા પરીક્ષા ફી તેમજ સ્કોલરશીપના ૭૩.૬૦૦ રૂપિયા મળી કુલ ૧.૦૦.૧૦૦ લીધા હતા. સ્કોલરશીપના રૂપિયા પણ ઉપાડી લીધા બાદ પરત આપ્યા ન હતા. કોર્સ પણ પૂર્ણ ના કરાવી સર્ટિફિકેટ અને માર્કશીટ અને કોરા ચેક સહીવાળા પણ પરત આપ્યા ન હતા. બને વિદ્યાર્થીનીઓ ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓ સાથે પણ નર્સિંગ કલાસીસના ચેતના નામદેવ નવગીરે દ્વારા ઠગાઈ કરી હોવાની ફરિયાદ બી ડિવિઝન પોલીસે અંતે નોંધી વધુ તપાસ આરંભી હતી. અને સંચાલક ચેતના નામદેવ નવગીરેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકે ડો. ઉત્પલ જોશીની નિમણૂક

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કાયમી કુલપતિ તરીકે ડૉ. ઉત્પલ જોશીની નિયુક્તિ કરાઈ છે. ગુરુવારે જ ડૉ.જોશીએ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનમાં અધ્યક્ષ તરીકે પદ ગ્રહણ કર્યું હતું. ડૉ. ઉત્પલ જોશી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિક શાસ્ત્ર ભવનમાં જ ભણેલા છે. તેમણે જ અહીંથી એમએસ.સી. અને પીએચ. ડી. કર્યું છે. રાજ્યના શિક્ષણ વિભાગના ડેપ્યુટી સેક્રેટરી મનોજ વાઘે આજે જાહેર કરેલા નોટિફિકેશન મુજબ, ગુજરાત યુનિવર્સિટીના ફિઝિક્સ ભવનના પ્રોફેસર ડૉ. ઉત્પલ શશિકાંત જોષીને રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયમી કુલપતિ બનાવવામાં આવે છે. જેમની ટર્મ પાંચ વર્ષની રહેશે.

### દમણમાં સરકારના કબજા હેઠળનો દારૂ પણ સુરક્ષિત નથી

## દારૂના ગોડાઉન માંથી જ લાખો રૂપિયાના સરકારી દારૂની ચોરી

। (એજન્સી) દમણ, તા.૧૧ ।

રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દમણમાં સરકારના કબજા હેઠળનો દારૂ પણ સુરક્ષિત નથી. દમણમાં એક્સાઈઝ વિભાગના દારૂના ગોડાઉન માંથી જ લાખો રૂપિયાના સરકારી દારૂ ચોરી કરીને ગુજરાતમાં જ વેચી માર્યો હોવાની ઘટના બનતા ચકચાર મચી ગઈ હતી. જોકે દમણ પોલીસે ગણતરીના સમયમાં જ સરકારી દારૂ ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દમણમાં કોટ વિસ્તારમાં આવેલા એક્સાઈઝ વિભાગના ગોડાઉનમાંથી એક અજીબ ચોરીની ઘટના બની હતી. આ ગોડાઉનમાંથી કોઈ જેવી તેવી વસ્તુ નહીં પરંતુ લાખો રૂપિયાના સરકારી દારૂની ચોરીની ઘટના બનતા જ પ્રદેશમાં ચકચાર મચી ગઈ હતી. એક્સાઈઝ વિભાગને ચોરીની વાત ધ્યાને આવતા આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. મોટી દમણ વિસ્તારમાં કોટ વિસ્તારમાં એક્સાઈઝ વિભાગનું ગોડાઉન આવેલું છે જ્યાં વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવતા દારૂનો કરોડો રૂપિયાની કિંમતનો દારૂ સંગ્રહ કરવામાં આવ્યો છે. આ જપ્ત કરેલા દારૂમાંથી રૂપિયા ૧૪ લાખથી વધુ ની કિંમતના ૩૭૫ થી વધુ વિદેશી દારૂની પેટીઓની ચોરી થઈ હોવાની ફરિયાદ દાખલ કરી હતી. આથી દમણ પોલીસે દારૂ ચોરીનો ભેદ ઉકેલવા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. બાતમીદારોનું નેટવર્ક સક્રિય કરી અને અન્ય ટેકનિકલ સર્વેલન્સના આધારે દમણ પોલીસને ગણતરીના સમયમાં જ દારૂ ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. દમણ પોલીસે આ મામલામાં ૯ આરોપીઓની ધરપકડ કરી તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે .. આ સરકારી દારૂ ચોરીની ઘટનામાં પોલીસની તપાસમાં ચોંકાવનારી વાત બહાર આવી છે. જેમાં આ સરકારી જાપ્તા હેઠળના આ દારૂના ગોડાઉનમાં એક મિત્રોની ટોળકીએ જ સાથે મળી અને લાખો રૂપિયાની દારૂની ચોરી કરી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### યુક્રેન-અમેરિકા ટેન્શનમાં

# ૧ લાખ સૈનિકોના બદલામાં મિસાઈલ ટેકનોલોજી મેળવશે કિમ જોંગ ઉન



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રશિયા-યુક્રેન યુદ્ધનો અંત આવે તેવા કોઈ સંકેતો લાગતા નથી. ઉત્તર કોરીયાનો સરમુખત્યાર કિમ જોંગ રશિયાને યુક્રેનસામે લડવા માટે મદદ કરવા એક લાખ સૈનિકો મોકલશે. તેના બદલામાં રશિયાએ તેને મિસાઈલ ટેકનોલોજી આપી હોવાનું મનાય છે. કિમ જોંગે તાજેતરમાં મધ્યમ અંતરના હાઈપરસોનિક બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યુ તે પૂર્ણપણે રશિયાની મદદથી કર્યુ હોવાનું મનાય છે. આ પહેલા ઉત્તર કોરીયા યુક્રેન સામે લડવા રશિયાને મદદ કરવા દસ હજાર સૈનિકો મોકલી ચૂકયુ છે, હવે તે તેનાથી દસ ગણા વધારે એટલે કે એક લાખ સૈનિકો તે રશિયા મોકલશે. આમ રશિયા કિમ જોંગને અત્યંત સંવેદનશીલ ડિફેન્સ ટેકનોલોજી પૂરી પાડી રહ્યું છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સંરક્ષણ વિશ્લેષકોનું માનવું છે કે ઉત્તર કોરીયાના આ પગલાંથી પૂર્વ એશિયામાં તણાવ વધી શકે છે. તેનું કારણ એ છે કે ટેકનોલોજી હાંસલ કરવા માટે કિમ જોંગ યુક્રેન ફક્ત સૈનિકોજ નહી કરે, પરંતુ રશિયાની મદદથી તેના લશ્કરનું આધુનિકીકરણ પણ કરશે.તેનાથી દક્ષિણ કોરીયા, જાપાન અને અમેરિકા માટે ભયજનક સ્થિતિ સર્જી શકે છે. દક્ષિણ કોરીયાને લઈને આમ પણ કિમ જોંગના ઈરાદા સારા રહ્યા નથી. તાજેતરના દિવસોમાં તેણે દક્ષિણ કોરીયાને ઉશ્કેરતા ઘણા પગલાં લીધા છે. આ ઉપરાંત જાપાનની કેબિનેટે શુક્રવારે રશિયા પર યુક્રેન સાથેના યુદ્ધને લઈને વધુ પ્રતિબંધો લાદ્યા હતા. તેમા ડઝનેક વ્યક્તિઓ અને ગ્રુપોની એસેટ જપ્ત કરવાનો સમાવેશ થાય છે. તેની સાથે ડઝનેક સંગઠનો પર રશિયા અને બીજા અન્ય દેશોમાં નિકાસ કરવા પર પ્રતિબંધ લાદ્યો હતો. આ દેશો રશિયા પરના પ્રતિબંધોને ચાતરી જવામાં મદદરુપ થતાં હોવાથી તેના પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. કેબિનેટ મુખ્ય સચિવે જણાવ્યું હતું કે આ પ્રતિબંધો દર્શાવે છે કે જાપાન જી-૭ સમિટમાં રશિયા-યુક્રેન યુદ્ધ સામે સમિટે લીધેલા પગલાંને લઈને પ્રતિબદ્ધ છે. જાપાન યુક્રેન યુદ્ધને લઈને રશિયા પર અગાઉ પણ પ્રતિબંધ લાદી ચૂક્યું છે.

### લિબરલ પાર્ટીના હિન્દુ નેતા ખાલિસ્તાની આતંકવાદના વિરોધી

# કેનેડાના PM પદની સ્પર્ધામાં ભારતીય મૂળના સાંસદ ચંદ્ર આર્યની દાવેદારી

### કેનેડાના સાંસદ ચંદ્ર આર્યે સોશ્યલ મીડિયા પ્લેટ ફોર્મ એક્સ પર વીડિયો પોસ્ટ કરીને પોતાની ઉમેદવારીની જાહેરાત કરી છે



। (એજન્સી) ટોરોન્ટો, તા.૧૧ ।

કેનેડામાં જસ્ટિન ટ્રુડોના વડાપ્રધાન પદ પરથી રાજીનામા પછી લિબરલ પાર્ટીના હિન્દુ નેતા ચંદ્ર આર્ય પણ નવા વડાપ્રધાનની સ્પર્ધામાં સામેલ થઈ ગયા છે. ચંદ્ર આર્ય ભારતીય મૂળના કેનેડિયન સાંસદ છે. જસ્ટિન ટ્રુડોના રાજીનામા પછીથી લિબરલ પાર્ટીમાં નવા નેતાની પસંદગીનું કામ શરુ થઈ ગયું છે. કેનેડાના સાંસદ ચંદ્ર આર્યે સોશ્યલ મીડિયા પ્લેટ ફોર્મ એક્સ પર વીડિયો પોસ્ટ કરીને પોતાની ઉમેદવારીની જાહેરાત કરી છે. ચંદ્ર આર્ય પહેલા જસ્ટિન ટ્રુડોના નજીકના વિશ્વાસુ હતા, પરંતુ ખાલિસ્તાની આંતકવાદ અને ઉગ્રવાદને લઈને ટ્રુડોના વલણ પછી આર્ય તેમના વિરોધી બની ગયા છે. હકીકતમાં, છઠ્ઠી જાન્યુઆરીએ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પાર્ટી નેતાઓની તરફથી સતત વધી રહેલા દબાણ પછી પાર્ટીના નેતા અને પીએમ પદ પરથી રાજીનામા આપી દીધા હતા. એ સપ્ટેમ્બર ૨૦૨૧માં ત્રીજી વાર પીએમ બન્યા હતા. તેમની સરકારનો કાર્યકાળ ઓક્ટોબર ૨૦૨૫ સુધીનો હતો. આ દરમિયાન, લિબરલ પાર્ટીના હિન્દુ સાંસદ ચંદ્ર આર્યે વડાપ્રધાન પદની દાવેદારીની જાહેરાત કરીને કહ્યું કે, હું કેનેડાનો આગામી વડાપ્રધાન બનવા માટે ચૂંટણી લડી રહ્યો છું, જેથી અમારા દેશનું પુનનિર્માણ અને ભાવી પેઢીઓ માટે સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે એક નાની, વધુ કુશળ સરકારનું નેતૃત્વ કરી શકું. કેનેડાના સત્તાપક્ષ લિબરલ પાર્ટી ઓફ કેનેડાના પ્રમુખ સચિત મેહરાએ કહ્યું કે, એક મજબૂત અને સુરક્ષિત રાષ્ટ્રવ્યાપી પ્રક્રિયા પછી, લિબરલ પાર્ટી ૯મી માર્ચે એક નવાની નેતાની પસંદગી કરશે અને ૨૦૨૫ની ચૂંટણી લડવા તથા જીતવા માટે તૈયાર રહેશે.

### બિલ જોઈને પરિવાર ગોથે ચડ્યો

# હિમાચલ પ્રદેશમાં મહિલાને વીજળી વિભાગે ૨,૧૦,૪૨,૦૮,૪૦૫નું લાઈટ બિલ પકડાવી દીધું

। (એજન્સી) શીમલા, તા.૧૧ ।

હિમાચલપ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખૂના ગૃ હ જિલ્લા હમીરપુરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક મહિલા વેપારીને વીજળી વિભાગે મોટુ બિલ ફટકારી દીધું છે અને તેમાં ૨૧૦ કરોડ રુપિયાની રકમ લખેલી છે. બિલ જોઈ મહિલા વેપારી થોડી વાર ચકરાવે ચડી ગઈ. જો કે બાદમાં ફરિયાદ કરતા વીજળી વિભાગે તેમાં સુધારો કરી દીધો. પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, હમીર પુરના ઉપમંડલ ભોરંજ અંતર્ગત બેહડવી જટ્ટા ગામનો આ કિસ્સો છે. અહીં મહિલા વેપારી લલિતા ધીમાન ઈંટ બનાવવાનો ગૃહ ઉદ્યોગ ચલાવે છે. લલિતાને વીજળી વિભાગે ૨૧૦ કરોડ રુપિયાથી પણ વધારેનું વીજળી બિલ મોકલી દીધું. આ દરમ્યાન મહિલા વેપારીએ જ્યારે ૨,૧૦,૪૨,૦૮,૪૦૫ રુપિયાનું બિલ જોયું તો તેને ચક્કર આવી ગયા અને અબજો રુપિયાનું બિલ જોઈ લલિતા ધીમાનને મોટો ઝટકો લાગ્યો.

બેહડવી નજીક ક્રોંકીટ સીમેન્ટની ઈંટો બનાવતી લલિત ધીમાન અને તેમને દીકરો આશીષ ધીમાને જણાવ્યું કે, તેમણે જ્યારે વીજળીનું બિલ આવ્યું તો બિલ જોઈને ચોંકી ગયા. વીજળી વિભાગના કર્મચારીએ તેમને અબજો રુપિયાનું બિલ પકડાવી દીધું

### બાંગ્લાદેશને પણ આમંત્રણ

# અખંડ ભારતના કાર્યક્રમમાં પાકિસ્તાનના અધિકારી આવશે

### ભારત સરકારે ભારતીય હવામાન વિભાગના ૧૫૦ વર્ષ પૂરા થયાના અવસરે અખંડ ભારત સેમિનારનું આયોજન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવા દેશો ભલે ભારતથી બળતા હોય પરંતુ એ વાત આખી દુનિયાને ખબર છે કે ભૂતકાળમાં તેઓ ભારતનો હિસ્સો રહી ચૂક્યા છે. એટલું જ નહીં ભારત હંમેશાથી એવું ઈચ્છે છે કે આ બંને દેશોનું ભલું થાય અને આ કડીમાં ભારત સરકારે ભારતીય હવામાન વિભાગ (IMD)ના ૧૫૦ વર્ષ પૂરા થયાના અવસરે અખંડ ભારત સેમિનારનું આયોજન કર્યું છે. જેમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અન્ય પાડોશી દેશોને પણ આમંત્રણ અપાયું છે. આ પહેલ જોઈન્ટ ઈતિહાસને મનાવવા અને મતભેદોને બાજુ પર મૂકીને એકજૂથતા દર્શાવવા માટે કરાઈ છે.

વાત જાણે એમ છે કે રિપોર્ટ્સ મુજબ આ આયોજનમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, અફઘાનિસ્તાન, મ્યાંમાર, માલદીવ, શ્રીલંકા, અને નેપાળ સહિત અનેક દેશોને આમંત્રણ અપાયું છે. આ ઉપરાંત મધ્ય એશિયા અને દક્ષિણ-પશ્ચિમ એશિયાના કેટલાક દેશોના અધિકારીઓને પણ આમંત્રણ મોકલવામાં આવ્યું છે.

ખાસ વાત એ છે કે પાકિસ્તાને આ કાર્યક્રમમાં પોતાની ભાગીદારીની પુષ્ટિ કરી છે, જ્યારે બાંગ્લાદેશની પુષ્ટિની હજુ રાહ જોવાય છે.




જો બાંગ્લાદેશ આ કાર્યક્રમમાં સામેલ થશે તો આ ઐતિહાસિક પળ હશે. ંસ્ઠ ના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે તે તમામ દેશોના અધિકારીઓ આ આયોજનનો ભાગ બને જે IMD ની સ્થાપના સમયે અખંડ ભારતનો ભાગ હતા.

આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે ભારત સરકારના અનેક મંત્રાલયોએ યોગદાન આપ્યું છે. નાણા મંત્રાલયે ૧૫૦ રૂપિયાના વિશેષ સ્મારકનો સિક્કો બહાર પાડવાનો નિર્ણય લીધો છે. જ્યારે ગૃહ મંત્રાલયે ગણતંત્ર દિવસ પર IMDની ૧૫૦મી વર્ષગાંઠના ઉપક્રમે એક વિશેષ ઝાંખીની મંજૂરી આપી છે. હાલના સમયમાં IMD એ પ્રમુખ હવામાન વિભાગોમાંથી એક છે. સ્વતંત્રતા બાદ IMD એ હવામાન વિજ્ઞાન, સંચાર અને વૈજ્ઞાનિક નવાચારમાં મોટી પ્રગતિ કરી છે. ઈસરોના સહયોગથી IMD એ INSAT ઉપગ્રહના માધ્યમથી ૨૪૮૭ હવામાન નિગરાણી અને ચક્રવાતી તોફાનની ચેતવણી સિસ્ટમ સ્થાપિત કરી, જેનાથી તે હવે દુનિયાની અગ્રણી હવામાન વિભાગોમાં સામેલ થઈ ગયું.

ભારતીય હવામાન વિભાગની સ્થાપના ૧૫ જાન્યુઆરી ૧૮૭૫ના રોજ થઈ હતી જો કે તે કહેલા પણ હવામાન કેન્દ્ર સ્થાપિત કરાયા હતા. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની તરફથી કલકત્તાનું કેન્દ્ર ૧૭૮૫માં, મદ્રાસનું ૧૭૯૬માં અને બોમ્બેનું ૧૮૨૬માં બનાવવામાં આવ્યું હતું. પછી છેલ્લે આઈએમડીનું નિર્માણ ૧૮૭૫માં ત્યારે થયું જ્યારે કલકત્તામાં ૧૮૬૪માં વાવાઝોડું આવ્યું અને ત્યારબાદ ૧૮૬૬ અને ૧૮૭૧માં બે ઘાતક હવામાન નિષ્ફળતાઓ સામે આવી જેના કારણે બંગાળમાં દુષ્કાળ આવ્યો.

૧૮૭૫માં સ્થાપના બાદથી આઈએમડીનું હેડક્વાર્ટર કલકત્તામાં હતું. ૧૯૦૫માં તેને શિમલા ખસેડાયું. પછી ૧૯૨૮માં પુણે અને છેલ્લે ૧૯૪૪માં નવી દિલ્હીમાં. જ્યાં અત્યારે પણ છે. સ્વતંત્રતા બાદ આઈએમડીએ હવામાન વિજ્ઞાન, સંચાર અને વૈજ્ઞાનિક નવાચારમાં ખુબ પ્રગતિ કરી.

### કર્મચારીઓને વાર્ષિક ૫ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય વીમો આપવામાં આવશે

। (એજન્સી) રાંચી, તા.૧૧ ।

ઝારખંડના રાજ્ય કર્મચારીઓ માટે સારા સમાચાર સામે આવ્યા છે, તેઓને ટૂંક સમયમાં જ આરોગ્ય વીમા યોજનાનો લાભ મળશે અને આ અંતર્ગત કર્મચારીઓને વાર્ષિક ૫ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય વીમો આપવામાં આવશે, જ્યારે ગંભીર બીમારીઓના કિસ્સાઓમાં ૧૦ લાખ રૂપિયા સુધીનું હેલ્થ કવરેજ મળશે. મુખ્યમંત્રી હેમંત સોરેને આ યોજના લાગુ કરવાના પ્રસ્તાવ પર મંજૂરીની મહોર મારી દીધી છે.

રાજ્ય કર્મચારી આરોગ્ય વીમા યોજનાના પ્રસ્તાવ પર ટૂંક સમયમાં કેબિનેટની મંજૂરી લેવામાં આવશે અને ત્યારબાદ તેને લાગુ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે આરોગ્ય, તબીબી શિક્ષણ અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૩૧ જુલાઈ ૨૦૨૩ના રોજ જાહેર કરાયેલા ઠરાવ નંબર ૧૮૫ (૧૩) હેઠળ કાર્યરત, નિવૃત કર્મચારીઓ, અધિકારીઓને આરોગ્ય વીમા યોજનાનો લાભ આપવાનો પ્રસ્તાવ છે. ત્યારથી અટકી પડેલા આ પ્રસ્તાવને હવે સોરેન સરકારે મંજૂરી આપી દીધી છે અને તેનો લાભા ટૂંક સમયમાં જ રાજ્યના કર્મચારીઓને મળવા લાગશે.

આ આરોગ્ય યોજના (સ્વાસ્થ્ય યોજના)નો લાભ ઝારખંડ રાજ્ય વિધાનસભાના વર્તમાન સભ્યો, રાજ્યના તમામ વિભાગઓમાં કાર્યરત કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યોને મળશે, જેમાં તેમના પતિ અથવા પત્ની, પુત્ર, કાયદેસર દત્તક લીધેલ પુત્ર, પુત્રી (અપરિણીત, વિધવા) સગીર ભાઈ અને અપરિણીત બહેનની સાતે જ માતા-પિતાનો સમાવેશ થાય છે.

આ તમામને સંયુક્ત રીતે ૫ લાખ રૂપિયા પ્રતિ વર્ષની મર્યાદા હેઠળ આરોગ્ય વીમો (હેલ્થ ઈન્શ્યોરન્સ) આપવામાં આવશે.

રાજ્ય કર્મચારી આરોગ્ય વીમા યોજના હેઠળ લાભાર્થીઓ અને તેમના આશ્રિતોને એક પરિવાર એકમ તરીકે ધ્યાનમાં લઈને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીનો આરોગ્ય વીમો આપવામાં આવશે.

ગંભીર બીમારીઓના કિસ્સામાં વધારાના ૫ લાખનો વીમો આપવામાં આવશે. એટલે કે કુલ ૧૦ લાખ રૂપિયાનો વીમો આપવામાં આવશે.

### ૧૦૦થી વધુ શેલ કંપની બનાવી હતી

# મહારાષ્ટ્રમાં એક સામાન્ય વ્યક્તિએ ૧૦૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

ઍન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે ૧૧ સ્થળો પર દરોડા પાડી રૂ. ૧૦ હજાર કરોડના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. થાણેમાં રહેતાં જિતેન્દ્ર પાન્ડેએ ૨૬૯ બૅન્ક ખાતા મારફત રૂ. ૧૦ હજાર કરોડ વિદેશ ટ્રાન્સફર કર્યા છે. આ કૌભાંડ માટે તેણે ૯૮ નકલી કંપની અને ૧૨ ખાનગી કંપની બનાવી હતી. આ કંપનીઓના નામે ફંડ ઉઘરાવી તેણે વિદેશમાં રકમ ટ્રાન્સફર કરી હતી. આરોપીએ હોંગકોંગ, સિંગાપોર અને થાઈલૅન્ડમાં સ્થિત કંપનીઓના ખાતામાં આ મોટી રકમ ટ્રાન્સફર કરી હતી. જિતેન્દ્ર પાન્ડે માલભાડાના નામે આટલા મોટા વ્યવહાર કરતાં ઈડીના સંકજામાં ઘેરાયો હતો. ૨ જાન્યુઆરીના રોજ મુંબઈ, થાણે અને વારાણસીમાં ૧૧ સ્થળોએ ઈડીએ દરોડા પાડ્યા હતા. જેમાં વિદેશોમાં ગેરકાયદે રૂ. ૧૦ હજાર કરોડ ટ્રાન્સફર થયા હોવાનો ખુલાસો થયો હતો. દરોડામમાં એજન્સીએ એક કરોડ રૂપિયા રોકડ અને જ્વેલરી પણ જપ્ત કરી હતી. આ સિવાય અમુક દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. જેમાં મોટાપાયે અચલ સંપત્તિ મળી આવી હતી. થાણે પોલીસે જિતેન્દ્ર પાન્ડે ઉપરાંત અન્ય લોકો સામે એફઆઈઆર ફાઈલ કરી હતી. જેના આધારે હાલ તપાસ જારી છે. જિતેન્દ્ર પાન્ડેએ અમુક લોકો સાથે કુલ ૧૧૦થી વધુ શેલ કંપનીઓ બનાવી એક નેટવર્ક ઊભું કર્યું હતું. તેણે આ નકલી કંપનીઓના નામે ૨૬૯ બૅન્ક ખાતા ખોલાવ્યા બાદ આ કૌભાંડને અંજામ આપ્યો હતો.



પટનાના ગાંધી મેદાન ખાતે આગામી 'પ્રજાસત્તાક દિવસ' પરેડ માટે રિહર્સલ દરમિયાન સુરક્ષા કર્મચારીઓ કૂચ કરી રહ્યા છે.

### દિલ્હી ચૂંટણીમાં આપ-કોંગ્રેસ બંને ટેન્શનમાં

# સીપીઆઈ (એમ) દિલ્હીમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીના મેદાનમાં ઉતરી

### છ બેઠક પરથી ચૂંટણી લડશે : અન્ય બેઠકો પર ડાબેરી પક્ષો ભાજપ વિરુદ્ધ લડનારા સૌથી મજબૂત ઉમેદવારોને સમર્થન આપશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

લોકસભામાં I.N.D.I.A. ગઠબંધનમાં સામેલ કોંગ્રેસ અને આપ નો વધુ એક સમર્થક સીપીઆઈ (એમ) દિલ્હી વિધાનસભા ચૂંટણીના મેદાનમાં ઉતરતાં કોંગ્રેસ અને આપનું ટેન્શન વધ્યું છે. કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. દિલ્હીમાં આ વખતે મુખ્ય મુકાબલો આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે છે. કોંગ્રેસ પણ આ ચૂંટણીમાં પોતાની એડીચોટીનું જોર લગાવી રહી છે. એવામાં સીપીઆઈની એન્ટ્રીથી રાજકારણ ગરમાયું છે. સીપીઆઈ(એમ)ના વરિષ્ઠ નેતા બ્રિંદા કરાતે જણાવ્યું કે, 'ડાબેરી પક્ષોએ દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવારોને ટિકિટ આપવાનો નિર્ણય લીધો છે. તે છ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. જ્યારે અન્ય બેઠકો પર ડાબેરી પક્ષો ભાજપ વિરુદ્ધ લડનારા સૌથી મજબૂત ઉમેદવારોને સમર્થન આપશે.' બ્રિંદા કરાતે આઠમા ઝારખંડ રાજ્ય મહાધિવેશનમાં ભાગ લેતાં જણાવ્યું કે, 'સીપીઆઈ (એમ) દિલ્હીમાં છમાંથી બે બેઠકો પર ચૂંટણી લડશે. ડાબેરી પક્ષો દેશની રાજધાની દિલ્હીમાં ભાજપની હાર માટે સંભવિત તમામ પ્રયાસો કરશે. જેથી તમામ બેઠકો પર ભાજપ વિરુદ્ધ મજબૂત ઉમેદવારોને સમર્થન આપીશું.' ચૂંટણી પંચે મંગળવારે કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર કરી હતી. દિલ્હીની ૭૦ બેઠકો માટે એક જ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ થશે અને પરિણામો ૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ જાહેર કરવામાં આવશે.

# કોહલી અને અનુષ્કા પ્રેમાનંદ મહારાજના દર્શન કરવા પહોંચ્યા

। (એજન્સી) વૃંદાવન, તા.૧૧ ।

બોલિવૂડની જાણીતી અભિનેત્રી અનુષ્કા શર્મા અને ભારતીય ક્રિકેટર વિરાટ કોહલી સૌથી વધુ ચર્ચિત કપલ્સમાંથી એક છે. ચાહકો પણ બંનેને સાથે જોવાનું પસંદ કરે છે. ભારતીય ક્રિકેટર કોહલી અને અનુષ્કા તાજેતરમાં વૃંદાવન પહોંચ્યા હતા, જ્યાં તેમણે પ્રેમાનંદ મહારાજના દર્શન કર્યા હતા. વિરાટ કોહલી અને અનુષ્કાનો એક વીડિયો સામે આવ્યો છે, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં બંને સ્ટાર્સ પ્રેમાનંદ મહારાજ સાથે વાત કરતા જોવા મળે છે. આ સમય દરમિયાન તેમના બાળકો પણ સાથે છે. વીડિયોમાં અનુષ્કા અને વિરાટ પ્રેમાનંદ મહારાજ સાથે વાત કરતા જોવા મળે છે. આ દરમિયાન મહારાજે બંનેને નામ જપવાની સલાહ આપી. વામિકા વિરાટના ખોળામાં અને અકાય અનુષ્કાના ખોળામાં જોવા મળે છે. જોકે તેનો ચહેરો બતાવવામાં આવ્યો નથી. વાતચીત દરમિયાન અનુષ્કાએ પ્રેમાનંદ મહારાજ પાસે પ્રેમ ભક્તિની માંગ કરી.

### વરુણ એરોન ઈજાગ્રસ્ત થતાં કરિયર બગડયું

# ટીમ ઈન્ડિયાના ઘાતક બોલરે અચાનક સંન્યાસનું કર્યું એલાન

### વરુણે ભારત માટે ૯ વનડે અને એટલી જ ટેસ્ટ મેચ રમી છે : આ દરમિયાન, ફાસ્ટ બોલરે કુલ ૨૯ વિકેટ લીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર વરુણ એરોને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. વરુણે ૨૦૧૧ માં એમએસ ધોનીની કેપ્ટનશીપ હેઠળ ડેબ્યૂ કર્યું હતું. વરુણે ભારત માટે ૯ વનડે અને એટલી જ ટેસ્ટ મેચ રમી છે. આ દરમિયાન, ફાસ્ટ બોલરે કુલ ૨૯ વિકેટ લીધી.

વરુણ તેની સ્પીડ માટે જાણીતો હતો, પરંતુ સતત ઈજાઓને કારણે તે ટીમમાં અંદર-બહાર થતો રહ્યો. વરુણ પહેલી વાર ૨૦૧૦-૧૧માં રમાયેલી વિજય હજારે ટ્રોફી દરમિયાન ચર્ચામાં આવ્યો હતો, જ્યારે તેણે ૧૫૩ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરીને સનસનાટી મચાવી દીધી હતી. એમએસ ધોનીની કેપ્ટનશીપ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કરનાર વરુણ એરોને નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. વરુણ એક સમયે ભારતીય ટીમના સૌથી ફાસ્ટ બોલરોમાં ગણાતો હતો. જોકે, સતત ઈજાઓને કારણે તેની કારકિર્દી લાંબો સમય ટકી શકી નહીં. તેણે ૨૦૧૧ માં ભારત માટે ડેબ્યૂ કર્યું હતું. વરુણે ટીમ ઈન્ડિયા માટે કુલ ૯ વનડે રમી અને આ દરમિયાન તેણે કુલ ૧૧ વિકેટ લીધી. ફાસ્ટ બોલરે ટેસ્ટ ક્રિકેટમાં કુલ ૧૮ વિકેટ લીધી. વરુણ એરોન તેની કારકિર્દી દરમિયાન ઈજાઓથી ખૂબ પરેશાન રહ્યા. ઈજાને કારણે વરુણ સતત ભારતીય ટીમમાં અંદર-બહાર થતો રહ્યો. જોકે, વરુણે સ્થાનિક ક્રિકેટમાં ઝારખંડ માટે સારું પ્રદર્શન કર્યું. વરુણે કુલ ૬૬ ફર્સ્ટ ક્લાસ મેચ રમી અને આ દરમિયાન આ ફાસ્ટ બોલરે કુલ ૧૭૩ વિકેટ લીધી.

## તંત્રી લેખ...

# ડિજિટલ પ્રદૂષણની વધતી સમસ્યા

આધુનિક સંદેશા વ્યવહારના ઉપલબ્ધિ સાથેના વર્તમાન સમયમાં એક તરફ આપણી ડિજિટલ નિર્ભરતા વધી રહી છે ત્યારે બીજી તરફ આ ગતિવિધિઓ ડિજિટલ પ્રદૂષણ અને ઇ-કચરાનું કારણ બની રહી છે. સ્માર્ટફોન, લેપટોપ અને કમ્પ્યુટરના ઉપયોગ કરવા સમયે, ખાસ કરીને ઇન્ટરનેટના માધ્યમથી કાંઇપણ મોકલવા, નિહાળવા કે ડાઉનલોડ કરવાથી કાર્બન ફુટપ્રિન્ટ ઉત્પન્ન થાય છે. આ પ્રકારનું ડિજિટલીકરણ પર્યાવરણ સંરક્ષણના અભિયાનમાં મુશ્કેલીઓ ઉભી કરે છે. જે લાંબા ગાળે સ્વચ્છ પર્યાવરણના માનવ અધિકારમાં બાધક બને છે. ડિજિટલ પ્રદૂષણ દુનિયાના વૈશ્વિક ગ્રીનહાઉસ ઉત્સર્જનમાં ચાર ટકાની ભાગીદારી રાખે છે. વધતા ડિજીટલકરણના કારણે આ સમસ્યા વધુ ગંભીર બની રહી છે. ડિજિટલ ઉપકરણોનું નિર્માણ, વિતરણ, ઉપયોગ અને કચરામાં રૂપાંતરણ આ ચાર તબકકાઓથી પર્યાવરણને વ્યાપક નુકસાન પહોંચે છે. ડિજિટલ ગૈજેટસના નિર્માણમાં પ્રાકૃતિક સંસાધનો - ધાતુ, પાણી અને ઇંધણનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. એક કમ્પ્યુટર બનાવવમાં લગભગ ૨૪૦ કિલોગ્રામ ઇંધણ, ૨૨ કિલોગ્રામ ધાતુ અને ૧૫૦૦ લીટર પાણીની જરુર પડે છે. ગૈજેટ બનાવવા માટે પ્રાકૃતિક સંસાધનોનું ખનન અને નિષ્કર્ષણ કરવામાં આવે છે. એક મોબાઇલ ફોન લગભગ ૭૦ રાસાયણિક તત્વોની તૈયાર થાય છે. તેમાં સંમ્મિલિત ધાતુ કોઇ એક દેશ કે મહાદેશમાં ઉપલબ્ધ હોતી નથી. વધતી ટેકનીકી માંગના કારણે આ ખનિજોનું અંધાધૂંધ ખનન, ધોવાણ કરવામાં આવે છે. જે ભવિષ્યમાં કોઇ તકનીકી ખાઇ ઉત્પન્ન કરી શકે છે. ગૈજેટસના નિર્માણ દરમ્યાન પાણી, ઇંધણ, રસાયણની જરુરિયાત ઉભી થાય છે. વધતી માંગના સમાંતર તેના ઉપયોગમાં વૃદ્ધિ થાય છે. નિર્મિત ગૈજેટસના વિતરણમાં ઉર્જા અને ધનની વ્યાપક ખપત થાય છે. જયારે ઉપકરણ ગ્રાહક પાસે આવે છે તો તેના ઉપયોગની પ્રવૃતિ પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. ડિજિટલ ઉપકરણ ઉર્જા વપરાશ માટે જવાબદાર હોય છે.

## ભૂકંપના ઘાતક પ્રહાર સહન કરવા આપણે કેટલા તૈયાર?

ચીનમાં તાજેતરમાં આવેલા ભૂકંપના કારણે ૬૦થી વધુ લોકોના મૃત્યુ થયા હોવાની દુઃખદ ઘટના સર્જાઇ હતી. આ ઘટનાથી ભૂકંપના મામલે મનુષ્યની લાચારી પણ જાણી શકાય છે. આ ભૂકંપ ફરી એકવાર સંવેદનશીલ મનાતા દેશો માટે ચેતવણીરુપ છે. ભૂકંપના જોખમ અને તેની સાથે જોડાયેલ તમામ તૈયારીઓને ફરીથી જોઇ-ચકાસી લેવી એ સમયની માંગ છે. એ વાત નોંધનીય છે કે ભારતીય ભૂભાગનો ૫૯ ટકા વિસ્તાર ભૂંકપની દષ્ટિએ વધુ સંવેદનશીલ છે. ભૂગર્ભીય પ્લેટના કારણે જ ભૂકંપ આવે છે અને હિમાલય વિશેષ રીતે સંવેદનશીલ છે. વર્ષ ૧૯૭૫થી અત્યાર સુધી જોવામાં આવે તો, ૬ મેગદ્નીટયૂડ કે તેનાથી વધુના આઠ ભૂકંપ આવી ચૂકયા છે. તેમાં કચ્છનો ભૂકંપ ૬.૯ની તીવ્રતાનો હતો. પાંચ દસકામાં જ આઠ મોટા ભૂકંપોના કારણે વિસ્તારના લોકોમાં ચિંતા વ્યાપી છે. ભૂકંપ અંગેની સતાવતી ચિંતાઓમાં મુખ્યત્વે શું ભૂકંપ સવારના સમયે જ આવે છે?, શિયાળાની ઋતુમાં ભૂકંપની સંભાવના વધુ હોય છે? જો કે ભૂકંપનો કોઇ નકકી સમય કે ઋતુ હોતી નથી. પરંતુ એ વાત ધ્યાને આવી છે કે, ભૂજનો ભૂકંપ ૨૬ જાન્યુ.૨૦૦૧ના રોજ આવ્યો હતો. બિહાર-નેપાલમાં ૧૯૩૪ના વર્ષમાં ખતરનાક ભૂકંપ ૧૫ જાન્યુઆરીએ આવ્યો હતો. આમ તો સાવધાન રહેવું જોઇએ, ભૂકંપ ગમે તે સમયે આવી શકે છે. પરંતુ મોટો સવાલ એ છે કે ભૂકંપની નુકસાન કેટલું થશે? ભૂકંપની નુકસાન અંગેનું એક અધ્યયન વર્ષ ૨૦૧૩માં બિહારમાં કરવામાં આવ્યું હતું. જેમાં એ જાણવાનો પ્રયાસ કરાયો હતો કે, વર્ષ ૧૯૩૪માં બિહાર-નેપાળમાં ૮.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, તેવી જ તીવ્રતા ધરાવતો ભૂકંપ ફરી આવે તો શું થાય ? અધ્યયનમાં જોવા મળ્યું હતું કે, જો રાત્રિના સમયે ભૂકંપ આવે તો કેટલું નુકસાન થાય અને દિવસે આવેલ ભૂકંપ કેટલો ઘાતક હોય? દસ કરોડથી વધુ વસતી ધરાવતા બિહારમાં કદાચ રાત્રિના સમયે ભૂકંપ આવે તો બે લાખથી વધુના મોત નીપજેનું અનુમાન છે. જયારે દિવસે ભૂકંપ આવે તો ૭૨ હજારની આસપાસ લોકોના મૃત્યુ થવાની સંભાવના અધ્યયનમાં વ્યકત કરવામાં આવી હતી. હવે સવાલ એ છે કે, ભૂકંપ સામે બચાવ કેવી રીતે કરી શકાય? વાસ્તવમાં આજના સમયમાં રહેણાંકના ઘરો અને ભવનોને ભૂકંપપ્રુફ એટલે કે ભૂકંપની તીવ્રતા સહન કરી શકે તે લાયક બનાવવાની જરુર છે. પર્યાપ્ત વૈજ્ઞાનિક અધ્યયન થયા છે. ભૂકંપ પ્રતિરોધક બાંધકામના માપદંડ બન્યા છે પરંતુ તેનું પાલન કેટલા અંશે થઇ રહયું છે? આ બાબતે માત્ર સરકારોએ જ નહિં પરંતુ સામાન્ય વ્યકિતએ પણ વિચારવું જોઇએ. બીજી મહત્વની વાત એ પણ છે કે શું આપણે ભૂકંપ આવે તે પૂર્વ ચેતવણી મળી શકે તેવું તંત્ર બનાવી શકીએ? ભૂકંપથી ઉત્પન્ન થતી ઉર્જા જુદી જુદી લહેરો કે પવન મારફતે જુદા જુદા સ્થળોએ પહોંચે છે. મુખ્ય લહેરને પ્રાથમિક અને દ્વિતિય લહેરને સેકન્ડરી લહેરના નામથી ઓળખવામાં આવે છે. આ લહેરોના સમયમાં અંતર હોય છે. જેથી આ અંતરને ધ્યાનમાં રાખીને ચેતવણી જાહેર કરી શકાય છે. જયારે કોઇ ભૂકંપ આવે છે તો પ્રાથમિક લહેર ખૂબ જલ્દીથી આવે છે, તેની ગતિ વધુ હોય છે. પરંતુ સેકન્ડરી લહેર થોડા સમય બાદ આવે છે. તેની ઝડપ પણ ઓછી હોય છે. પ્રાથમિક લહેર જયારે આવે ત્યારે એક ધકકો લાગ્યાનો અનુભવ થાય છે. આ સ્થિતિમાં જો ઘર સહિતના બાંધકામ મજબૂત ન હોય તો ધરાશાયી થઇ શકે છે. જો ભૂકંપની પ્રથમ લહેર આવતા જ લોકોને સૂચિત કરી દેવામાં આવે, તો જાન-માલના નુકસાનથી બચાવી શકાય છે. મહત્વપૂર્ણ છે કે, તમે ભૂકંપના કેન્દ્રથી ભલે ગમે તેટલા દૂર હો પરંતુ તે અંતર મુજબ તમારા સુધી ભૂકંપની ચેતવણી પહોંચવી જોઇએ. પ્રાથમિક વેવ બાદ થોડી સેકં કે મિનિટમાં સેકન્ડ વેવ આવતી હોય છે. આ સ્થિતિમાં અગાઉથી ચેતવણી મળવાના કારણે વ્યકિત પોતાનો બચાવ કરી શકે છે. ભૂકંપની પ્રાથમિક વેવ આવતા મેટ્રો પરિવહનને તત્કાળ રોકી શકાય છે. અન્ય જોખમભરી સેવાઓને અટકાવી શકાય છે. આ પ્રકારના ચેતવણી તંત્રનો ઉપયોગ મેકિસકો, કેલિફોર્નિયા વગેરે દેશોમાં કરવામાં આવે છે. ચેતવણી મળતા જ લોકો સત્વરે પોતાના ઘર, ઓફિસ સહિતના સ્થળોએથી બહાર દોડી જાય છે. ભારતમાં આ પ્રકારના ચેતવણી તંત્ર ઉભા કરવાનો સમય પાકી ગયો છે. જેથી હિમાચલ કે બિહાર સહિતના કોઇ સ્થળે ભૂકંપ આવે તો ઓછામાં ઓછી ત્રીસથી ચાલીસ સેકન્ડનો સમય બચાવ માટે મળી શકે છે. જેમાં ઉદા. તરીકે ચીનમાં તાજેતરમાં જે ભૂકંપ આવ્યો હતો તેની બિહારમાં વધુ તીવ્રતા અનુભવાઇ હતી. જો ચીન પોતાને ત્યાં ચેતવણી તંત્રને સાબદું કરે અને તત્કાળ ભારતને સચેત કરે તો ભૂકંપ સામેના બચાવમાં મદદ મળી શકે છે.

### ગુજરાતમાં મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી પતંગ ઉડાડીને કરવામાં આવે છે, નાના-મોટા સૌનો પ્રિય તહેવાર છે

# મકર સંક્રાંતિ અને ઉત્તરાયણ એ ખગોળીય ઘટનાનું મહાત્મ્ય દર્શાવતો હિન્દુ તહેવાર છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**મકરસંક્રાંતિ એ સૂર્યની એક રાશિમાંથી બીજી રાશિમાં તરફ સંક્રાંતિ થાય છે, તેને અનુલક્ષીને ઉજવાતો તહેવાર છે, એટલે કે આ તહેવારમાં સૂર્યનું મહત્વ ખુબ જ છે, વર્ષમાં છ માસ સૂર્ય દક્ષિણ યાનમાં અને છ માસ ઉત્તર યાનમાં રહે છે, ઉત્તર યાનમાં હોય ત્યારે પૃથ્વી છ માસ માટે પ્રકાશમાં રહે, અને દક્ષિણ યાનમાં હોય ત્યારે છ માસમાં અંધકારમાં રહે છે.**

૧૪ જાન્યુઆરી એટલે કે મકરસંક્રાંતિ અને ઉત્તરાયણના તહેવાર તરીકે આપણે જેને ઓળખીએ છીએ એ આવશે. ઉત્તરાયણના દિવસે પિતામહ ભીષ્મ એ, પોતાનો પ્રાણ ત્યજી અને દેહથી વિદાય લીધી હતી. આપણે સૌ જાણીએ છીએ તેમ ભીષ્મ પિતામહને તેમના પિતા શાંતનુ દ્વારા ઈચ્છા મૃત્યુનું વરદાન પ્રાપ્ત થયું હતું.રાજા શાંતનુને સત્યવતી સાથે વિવાહ કરવાં હતાં, ત્યારે સત્યવતીએ લગ્ન માટે શરત રાખી કે ગંગાપુત્ર ભીષ્મ નહિ પણ તેમનો પુત્ર રાજ ગાદી માટે વારસદાર ગણાશે, જો આ શરત મંજૂર હોય તો જ તે લગ્ન કરશે, અને ત્યારે ગંગા પુત્ર ભીષ્મ એ હસ્તિનાપુરના રક્ષણની તેમજ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી હતી, ત્યારે એમને આ વરદાન આપ્યું હતું, એટલે જ સત્યવતીના પુત્ર શાંતનુને રાજગાદી મળી. શાંતનુને બે પુત્ર હતા પાડું અને ધૃતરાષ્ટ્ર જેમાં ધૃતરાષ્ટ્ર જયેષ્ઠ હોવા છતાં અંધ હોવાથી પાડુંને રાજગાદી મળી. પાંડુના નિધન બાદ ધૃતરાષ્ટ્ર રાજા બન્યાં, અને તેમની ઈચ્છા તેમના જયેષ્ઠ પુત્ર દુર્યોધન હસ્તિનાપુરનો રાજા બને તેવી હતી. દુર્યોધને પાંડવોને સોયની અણી જેટલી જમીન આપવાનો ઈનકાર કરતાં મહાભારતનું યુદ્ધ થયું. ભીષ્મ પિતામહ એ ૫૮ દિવસ સુધી પોતાનો દેહ શૂળ શૈયા પર ટકાવી રાખ્યો હતો, એમના ઘાયલ થયા બાદ પણ યુદ્ધ આઠ દિવસ ચાલ્યું હતું. આમ ઈચ્છા મૃત્યુ હોવાથી કરેલા કર્મોનો હિસાબ આ જન્મમાં જ પૂરો કરવા માંગતા હોય એવું લાગે છે. આમ તો તેમનું કુળ માટેનું સમર્પણ બહુ શ્રેષ્ઠ છે, પરંતુ દુર્યોધનની રાજ્ય સભામાં જ્યારે દ્રૌપદી ચીરહરણ થયુ, ત્યારે પિતામહ ભીષ્મ પણ દ્રૌપદીની રક્ષા માટે આગળ આવ્યા નહીં, કદાચ એ કર્મની ભરપાઈ કરવા શૂળ શૈયા પર સૂતા. ભગવાન કૃષ્ણને ક્યાં સમયે મૃત્યુ સ્વીકારવાથી તે શ્રેષ્ઠ સાબિત થાય છે, એમ પુછતા તેમણે કહ્યું હતું કે ઉત્તરાયણના દિવસે ઉગતા સૂર્ય પ્રકાશમાં કે દિવસના પ્રકાશમાં પ્રાણ છૂટે તો એ દેહનું જન્મ મૃત્યુનું બંધન કાયમી છૂટે છે, માટે ત્યારે પોતાનો દેહ ત્યાગ કર્યો, આ વાત સાબિત કરે છે કે આ દિવસ કેટલો મહત્વનો છે. ૧૪ જાન્યુઆરીને આપણે ત્યાં મકરસંક્રાંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે ઘણા લોકોને ઉત્તરાયણ અને મકરસંક્રાંતિ વચ્ચેના ભેદની ખબર ન હોવાથી આજે ઉત્તરાયણ છે, એમ પણ કહેતા હોય છે. આ તહેવાર ખગોળ શાસ્ત્રની ઘટનાને આધારિત હોવાથી, આપણા પૂર્વજો ખગોળ વિશે પણ કેટલું બધું જ્ઞાન ધરાવતા એ અહીં દેખાય છે. ખગોળશાસ્ત્રની દષ્ટિએ આ તહેવારનું મહત્વ જોઈએ, તો સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય, એને સંક્રાંતિ કહેવામાં આવે છે, અને આ રીતે સૂર્ય આખા વર્ષ દરમિયાન બાર વાર સંક્રાંતિ કરે છે. પરંતુ ધન રાશિમાંથી સૂર્ય મકર રાશિમાં આ સમયગાળા દરમિયાન સંક્રાંતિ કરતો હોય તેને મકરસંક્રાંતિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. ખગોળની દ્રષ્ટિએ એક શુભ કદમ છે. જ્યારે ઉત્તરાયણ એટલે સૂર્યનું થોડુંક ઉત્તર તરફ ખસવું એને ઉત્તરાયણ કહેવામાં આવે છે, અને રોજ મધ્યાને જ્યારે સૂર્ય માથાપર આવે ત્યારે એ ત્યાંથી સહેજ ઉત્તર તરફ ખસે છે. ૨૧ ડિસેમ્બર કે ૨૨ ડિસેમ્બર આસપાસથી સૂર્ય ઉતર યાનમાં પ્રવેશે છે, એટલે કે તેની એ તરફ ગતિ શરૂ થાય છે. આપણે ત્યાં કમુરતાની પણ એક પ્રથા છે, જેમાં આપણે ત્યાં શુભ કાર્ય એ પછી થતાં નથી.એટલે ધનારક કે કમુરતા પુરા થશે, અને ઘણા તેને ટાઢું પુરાણ પણ કહે છે, એટલે શુભ કાર્ય શરું થશે. મકરસંક્રાંતિ એ સૂર્યની એક રાશિમાંથી બીજી રાશિમાં તરફ સંક્રાંતિ થાય છે, તેને અનુલક્ષીને ઉજવાતો તહેવાર છે. એટલે કે આ તહેવારમાં સૂર્યનું મહત્વ ખુબ જ છે, વર્ષમાં છ માસ સૂર્ય દક્ષિણ યાનમાં અને છ માસ ઉત્તર યાનમાં રહે છે, ઉત્તર યાનમાં હોય ત્યારે પૃથ્વી છ માસ માટે પ્રકાશમાં રહે, અને દક્ષિણ યાનમાં હોય ત્યારે છ માસમાં અંધકારમાં રહે છે. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે, કે પૃથ્વી જ્યારે પ્રકાશમાં હોય ત્યારે જે કોઈનું મૃત્યુ થાય તેનો પુનર્જન્મ થતો નથી, અને દક્ષિણ યાનમાં કે અંધકારમાં હોય ત્યારે જો કોઈનું મૃત્યુ થાય તો એ જન્મ-મૃત્યુના બંધનમાં ફરી ફસાય છે. આ ઉપરાંત હિન્દુ ધર્મમાં સૂર્યને સાક્ષાત દેવ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, તેથી આજના દિવસનું ખૂબ જ મહત્વ છે. ગાયત્રી મંત્રના આજે અનુષ્ઠાન કરવાથી પણ ઘણા ફાયદા બતાવાયા છે. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, ગીતાનો ઉપદેશ આ પહેલાં પણ મેં ગાયો છે, અને સૌથી પહેલીવાર રવિ એટલે કે સૂર્યને સંભળાવ્યો હતો. આ ઉપરાંતમાં સરસ્વતીની સાધનાનો પણ આજે દિવસ છે. આજે શાસ્ત્રોકત રીતે દાન ધર્મ અને પૂજા વિધિના અનેક અનુષ્ઠાનો બતાવવામાં આવ્યા છે. તેમાં પણ ગાયના શરીરમાં ૩૩ કોટી દેવતાનો વાસ બતાવાયો હોવાથી, ગાયને ઘઉં તથા બાજરીની ઘૂઘરી ખવડાવવામાં આવે છે, અને બ્રાહ્મણ તથા બેન દીકરીઓને યથાશક્તિ દાન કરવામાં આવે છે. ખેતરોમાં પાક તૈયાર થઇ ગયો હોવાથી છડેલા ધાનનો ખીચડો કરવાનું,તેમજ તેનું દાનનું પણ ખૂબ જ મહત્વ છે.આ ઉપરાંત આજના દિવસે સ્નાનનો પણ ખૂબ મહિમા છે, ઘણા લોકો તીર્થ સ્થાનોમાં સ્નાન પણ કરે છે, અને ઘણા ઘરમાં તલ અને ગંગાજળ મિક્સ કરીને સ્નાન કરે છે. લોકોમાં ધાર્મિક શ્રદ્ધા વધે, એ હેતુથી આવા વિધાન શાસ્ત્રમાં બતાવેલ હોય છે, પરંતુ ઘણીવાર આમાંથી જ અંધશ્રદ્ધા વધતી જોવા મળે છે. દાખલા તરીકે ગાયને ઘૂઘરી કે ઘાસ ખવડાવવાનું મહત્વ છે, એમ સમજી સમાજનો દરેક વ્યકતિ જો ગાયને આ રીતે ખવડાવે તો ગાયની શું હાલત થાય!! અને થતી પણ જોવા મળે છે. દાન કરવા માટે વૈશ્રવને ખાસ દિવસ, તિથી, કે મુહુર્તની જરૂર પડતી નથી. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોઈએ તો સૂર્ય માંથી આપણને વિટામીન ''ડી'' પ્રાપ્ત થાય છે, અને આજથી હવે પૃથ્વી સૂર્ય પ્રકાશ તરફ આવી હોવાથી, સૌ આ વિટામીન ''ડી'' નો લાભ મેળવે એ બહુ જરૂરી છે. ખોરાકના કોઈને કોઈ ઘટક માંથી અન્ય વિટામિનો પ્રાપ્ત થાય છે, પણ આ એક એવું વિટામિન છે જે આપણે નિશુલ્ક મેળવી શકીએ છીએ, અને આજે તો લોકોના જીવન એસી માં બંધ થયા હોવાથી, તેની ઉણપને કારણે પણ ઘણા રોગ થાય છે, એ સિદ્ધ થયું છે, અને તેના ઈન્જેક્શનો અને ગોળી લઈ તેની પૂર્તિ કરવી પડે છે. ગુજરાતમાં મકરસંક્રાંતિના તહેવારની ઉજવણી પતંગ ઉડાડીને કરવામાં આવે છે. નાના-મોટા સૌનો પ્રિય તહેવાર છે, અગાસીમાં વિવિધ રંગો અને ડિઝાઈનના કાગળમાંથી બનાવેલા પતંગો માંજો પાયેલી દોરીથી ઉડાવવામાં આવે છે, અને એ રીતે આખો દિવસ સૂર્યની હાજરીમાં લોકો વિતાવે છે. પતંગમાં પણ ઘણી વેરાયટી જોવા મળે છે,જેમ કે અટ્ટો, પટ્ટો, ચાંદરાજ, ફુદડી વાળો,ચુમકી વાળો, પુંછડીયો, સ્ટાર, પ્લેન વગેરે. આજે સૌની અગાસીમાં આખો દિવસ ખૂબ જ ચહલપહલ રહેશે, અને પતંગ કાપ્યો છે... કે આવ્યો છે... એવી બૂમાબૂમ થશે, હવે તો લોકો ગીત સંગીતની ધૂન પણ અગાસીમાં વગાડતા હોય છે. ટૂંકમાં હળીમળીને પૂર્ણ મજા મસ્તીમાં આખો દિવસ ઉજવાય છે. જમવામાં પણ ઉંધિયુ પૂરી જલેબી કે અન્ય મીઠાઈ બંને છે,તેમજ શીંગપાક, દાળિયા પાક,તલપાક, મમરાના લાડુ,વગેરે ચીકી પણ ખાવામાં આવે છે,બોર જામફળ શેરડી જેવા ફળની રંગત પણ થાય છે. રાત્રે પણ આકાશમાં ગબ્બારા કે ટુક્કલ ચડાવીને લોકો આનંદ પ્રાપ્ત કરતાં હોય છે. પરંતુ પક્ષીઓનું ધ્યાન રાખી આ દિવસની ઉજવણી કરવી, એટલે પતંગ કાપવાની બહુ વૃત્તિ રાખવી નહીં, અને દોરીનો માંજો પાવામાં કાચનો ઉપયોગ ઓછો કરવો. ચાઈનીઝ દોરીનો ઉપયોગ ઘટાડી અને પક્ષીના જીવ બચાવીએ, એ પણ એટલું જ જરૂરી છે. આપણી મજા કોઈની સજા ન બને, એનો પણ આપણે ખાસ ખ્યાલ રાખવો. તો આપણે સૌ આપણી સંસ્કૃતિની ગાથા ગાતા આવા તહેવારને મનભરીને ઉજવીએ. દરેક તેનું મહત્વ સમજી એ પ્રમાણે ઉત્સાહથી જીવે, અને પિતામહ ભીષ્મની જેમ આજના સમયમાં સંસ્કૃતિના રક્ષણની એક ભીષ્મ પ્રતિજ્ઞા કરીને આપણી બહુવિધ સંસ્કૃતિનું મુલ્યાંકન કરીએ. જય હિન્દ.

### ભગવદ્ ગીતા, રામાયણ, મહાભારત અને પુરાણોમાં ઉંડો રસ દાખવ્યો હતો તેઓ શાસ્ત્રિય સંગીતમાં, ગાયકી વાદ્ય એમ બન્નેમાં જાણકાર હતા

# ૧૬૨મી સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિએ યુવાનોના આદર્શને શ્રદ્ધા સુમન અર્પણ કરીએ ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**તમારા સમગ્ર જીવનમાં પવિત્ર રહો, તમારા આત્મસન્માનની રક્ષા કરો અને બીજાના આત્મસન્માન પર કદી અતિક્રમણ ન કરો, પરમ શાંતબનો પરંતુ જ્યાં જરૂર હોય ત્યાં તમારા હૈયાને કઠ્ઠણ બનાવી દો, જાણવા મળે છે, તેમ તેઓ ધ્યાનમાં પારંગત હતા, કહેવાય છે કે તેમને ઉંઘમાં એક દિવ્ય પ્રકાશ દેખાતો હતો અને તેમને ધ્યાન દરમિયાન બુદ્ધના દર્શન થતા હતાં.**

આજે બારમી જાન્યુઆરી- ૨૦૨૫ને રવિવાર સ્વામી વિવેકાનંદનો ૧૬૨મો જન્મ દિવસ એટલે યુવા દિવસ આજના દિવસે જોઇએ તો સ્વામી વિવેકાનંદનો જન્મ સન ૧૮૬૩માં કલકત્તા શિમલા પાલ્લીમાં ભદ્ર કાયસ્થ પરીવારમાં થયો હતો. તેમના પિતા વિશ્વનાથ દત્ત કલકત્તા હાઈકોર્ટ માં એટર્ની હતા. તેમની ગણના એક ઉદાર વ્યક્તિ તરીકે થતી હતી અને સામાજિક તથા ધાર્મિક બાબતોમાં તેમની છાપ એક પ્રગતિશીલ વ્યક્તિની હતી. તેમની માતા ભુવનેશ્વરી દેવી પવિત્ર સ્ત્રી હતા તથા સંયમ પાળતા હતા અને પોતાને એક પુત્ર આપવા માટે તેઓ વારાણસી ના વિરેશ્વર (શિવ)ની આરાધના કરતા હતા. જાણવા મળ્યા મુજબ તેણીને એક સ્વપ્ર આવ્યુ હતું જેમાં તેમને એવું દેખાયુ હતું કે શિવ ભગવાને ધ્યાનમાંથી ઉઠીને કહ્યું કે તેઓ તેના પેટે પુત્ર તરીકે જન્મ લેશે.૧૨મી જાન્યુઆરી ૧૮૬૩માં જન્મેલા આ બાળકનું નામ નરેન્દ્રનાથ દત્ત પાડવામાં આવ્યુ હતું. તેમના માતાપિતાએ સ્વામીની વિચારસરણી પર અસર પાડી પિતાએ તેમના બૌધ્ધિક દિમાગથી તથા માતાએ તેમના ધાર્મિક સ્વભાવથી.તેમની યુવાનીના વર્ષો દરમિયાન તેઓ પાશ્ચાત્ય તત્વજ્ઞાન અને વિજ્ઞાનના પરિચય માં આવ્યા હતાં અને તેઓ કોઇ પણ વાતને બૌધિક પુરાવા અને વ્યવહારિક ચકાસણી વિના માનવાનો ઈક્રાર કરતા હતાં. તેમના મનનો બીજો હિસ્સો ધ્યાનના આધ્યાત્મિક આદર્શો અને અનાસક્તિ તરફ આકર્ષાતો હતો. તેમની વિચારસરણી પર તેમના માતાપિતાની ગાઢ અસર હતી - પિતાના બૌધ્ધિક દિમાગની અને માતાના ધાર્મિક સ્વભાવની. બાળપણથી જ તેમનામાં આધ્યામિકતા તથા ઈશ્વર સાક્ષાત્કાર માટે લગાવ દેખાતો હતો.નરેન્દ્રનાથે પોતાનો અભ્યાસ ઘરેથી શરૂ કર્યો હતોપરંતુ પછીથી તેઓ સને ૧૮૭૧માં ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર સંસ્થામાં દાખલ થયા હતા.સન ૧૮૭૯માં તેમણે પ્રવેશ પરિક્ષા પાસ કરી હતી.તેમને વિવિધ વિષયોમાં રસ હતો અને તેઓ તત્વજ્ઞાન,ઈતિહાસ,સમાજ શાસ્ત્ર વિનયન,સહિત્ય અનેઅન્ય વિષયોમાં વિદ્વતા ધરાવતા હતા. તેમણે વેદ, ઉપનિષદો, ભગવદ ગીતા,રામાયણ,મહા ભારત અને પુરાણોમાં ઉંડો રસ દાખવ્યો હતો તેઓ શાસ્ત્રિય સંગીતમાં,ગાયકી વાદ્ય એમ બન્ને માં જાણકાર હતા. બાળપણથી જ તેમણે શારીરિક કસરત, રમત ગમત અને અન્ય સંગઠનલક્ષી પ્રવૃત્તિ ઓમાં સક્રિય રસ લીધો હતો. તેઓ જ્યારે ખુબ જ યુવાન હતા ત્યારે પણ તેમણે પાખંડી રીત રિવાજો અને જ્ઞાતિ અને ધર્મ આધારીત ભેદભાવો સામે અવાજ ઉઠાવ્યો હતો. નરેન્દ્રનાથની માતાએ તેમના આધ્યાત્મિક વિકાસમાં ખુબજ મહત્વનો ભાગ ભજવ્યો હતો. નરેન્દ્ર પોતાના જીવનના અંતિમ વર્ષો દરમિયાન પોતાની માતાનું એક વાક્ય ટાંકતા હતા તે આ મુજબ હતું, ''તમારા સમગ્ર જીવનમાં પવિત્ર રહો. તમારા આત્મસન્માનની રક્ષા કરો અને બીજાના આત્મસન્માન પર કદી અતિક્રમણ ન કરો.પરમ શાંતબનો પરંતુ જ્યાં જરૂર હોય ત્યાં તમારા હૈયાને કઠ્ઠણ બનાવી દો. જાણવા મળે છે.તેમ તેઓ ધ્યાનમાં પારંગત હતા.કહેવાય છે કે તેમને ઉંઘમાં એક દિવ્ય પ્રકાશ દેખાતો હતો અને તેમને ધ્યાન દરમિયાન બુદ્ધના દર્શન થતા હતાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવી શકે તેવા વ્યક્તિની શોધમાં તેઓ રામ કૃષ્ણને મળ્યા અને તેમના શિષ્ય બની ગયા.રામકૃષ્ણએ તેમને એક ગુરૂ તરીકે અદ્વૈત વેદાંત અને બધા જ ધર્મો સાચા છેતથા વિવેકાનંદને શીખવાડવામાં આવ્યું હતુંકે માનવજાતની સેવા ઈશ્વરની સૌથી અસરકારક સેવા છે. એવું નોંધાયું છે કે જ્યારે વિવેકાનંદે અવતાર ,અંગેના રામકૃષ્ણના દાવા સામે શંકા ઉઠાવી ત્યારે તેમણે એવું કહ્યું હોવાનું મનાય છે કે, ''એ જે રામ હતા, એ જે કૃષ્ણ હતા, હવે તે પોતે રામકૃષ્ણના શરીરમાં છે.'' અંતિમ દિવસોમાં રામકૃષ્ણએ વિવેકાનંદને મઠના અન્ય અનુયાયીઓની સંભાળ લેવા જણાવ્યું હતું અને ત્યાર બાદ તેમને વિવેકાનંદને તેમના નેતા તરીકે સ્વીકારવા જણાવ્યું હતું. રામકૃષ્ણની સ્થિતિ ક્રમશઃ બગડતી ગઈ હતી અને તેઓ કોસીપોરના ગાર્ડન હાઉસમાં ૧૬ ઓગસ્ટ, ૧૮૮૬એ વહેલી સવારે મૃત્યુ પામ્યા હતા. તેમના અનુયાયીના જણાવ્યા પ્રમાણે, તેમણે મહાસમાધિ લીધી હતી ગુરૂના અવસાન બાદ પરિવ્રાજક બની તેમણે સમગ્ર ભારત ખંડમાં પરિભ્રમણ કર્યુ અને ભારતની સ્થિતિનો તાગ મેળવ્યો.તેઓ પાછળથી શિકાગો ગયા અને સન ૧૮૯૩ની વિશ્વધર્મ પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ હતું. પ્રખર વક્તા વિવેકાનંદને યુનાઈટેડ સ્ટેટ્સના અમુક મંચોએ યુનિવર્સિટીઓ અને ક્લબોમાં વક્તવ્ય આપવા નિમંત્રણ આપ્યું હતું.તેમણે કેટલાક જાહેર અને ખાનગી ભાષણો કર્યા, અમેરિકા, ઈંગ્લેંડ અને યુરોપના અન્ય કેટલાક દેશોમાં વેદાંત, યોગ અને હિન્દુ ધર્મનો પ્રચાર કર્યો હતો તેમણે અમેરિકા તથા ઈંગ્લેંડમાં વેદાંત સોસાયટી ઓની પણ સ્થાપના કરી હતી. પછીથી તેઓ ભારત પરત આવ્યા હતા તથા સન ૧૮૯૭માં તેમણે રામ કૃષ્ણ મઠ તથા મિશન-એક સમાજસેવી તથા આધ્યાત્મિક સંસ્થાની સ્થાપના કરી. સ્વામી વિવેકાનંદને ભારતના પ્રથમ રાષ્ટ્ર નિર્માતાઓ પૈકીના એક ગણવામાં આવે છે. મહાત્મા ગાંધી,જવાહરલાલ નેહરુ,સુભાષ ચંદ્ર બોઝ,અરવિંદ ઘોષ, રાધા કૃષ્ણન જેવા અન્ય રાષ્ટ્રિય નેતા ઓ તથા વિચારકો પર તેમના તત્વજ્ઞાનનો પ્રભાવ પડ્યો હતો. વિવેકાનંદ ચાના શોખીન હતા. એ દિવસોમાં જ્યારે હિંદુ પંડિતો ચા ના વિરોધમાં હતા ત્યારે તેઓએ તેમના મઠમાં ચાની છૂટ આપી હતી. એકવાર બેલુર મઠમાં ટેક્સ વધી ગયો.કારણ આપવામાં આવ્યું હતું કે તે ખાનગી ગાર્ડન હાઉસ છે.બાદમાં બ્રિટિશ મેજિસ્ટ્રેટની તપાસ બાદ ટેક્સ દૂર કરવામાં આવ્યો હતો. વિવેકાનંદજીએ કેટલાક દિવસો અદ્વૈત આશ્રમ,માયાવતી ખાતે અને બાદમાં બેલુરમઠમાંવિતાવ્યા ત્યારથી માંડીને છેવટ સુધી તેઓ બેલુરમઠમાં રોકાયા અને રામ કૃષ્ણ મિશન તથા મઠની ઈંગ્લેન્ડ અને અમેરિકાની કામગીરી વિશે માર્ગદર્શન આપતા રહ્યા આ વર્ષો દરમિયાન હજારો મુલાકાતીઓ તેમને મળવા આવતા,જેમાં ગ્વાલિયરના મહારાજા અને ડિસેમ્બર ૧૯૦૧માં, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના લોકમાન્ય ટિળક જેવા દિગ્ગજ નેતાઓનો સમાવેશ થતો હતો. ડિસેમ્બર ૧૯૦૧માં જાપાને તેમને ધર્મ સંમેલનમાં ભાગ લેવા નિમંત્રણ આપ્યુ, પરંતુ કથળતા આરોગ્યના પગલે તેઓ ઉપસ્થિત રહી શક્યા નહિ. આખરી દિવસોમાં તેમણે બોધગયા અને વારાણસીની યાત્રા કરી.તેમના પ્રવાસો,સળંગ વક્તવ્યો, અંગત ચર્ચાઓ અને વાતચીતોએ સ્વાસ્થ્યનો ભોગ લીધો.તેઓ અસ્થમા, ડાયાબિટિસ અને અન્ય શારીરિક બિમારીઓથી પિડાતા હતા. અવસાનના થોડા દિવસ પૂર્વે તેઓ ધ્યાનપૂર્વક પંચાંગનો અભ્યાસ કરતા જોવાયા હતા. અવસાનના ત્રણ દિવસ પહેલા તેમણે અંતિમક્રિયા નું સ્થળ જણાવ્યું હતું અને આ સ્થળે આજે તેમની યાદમાં બનાવેલ મંદિર ઉભુ છે. તેમણે ઘણા લોકો સમક્ષ નોંધ્યુ હતું કે તેઓ ચાળીસ વર્ષ સુધી નહિ જીવે. અવસાનના દિવસે સવારમાં તેમણે બેલુર મઠ ખાતે કેટલક વિદ્યાર્થીઓને શુક્લ યજુર્વેદ ભણાવ્યો હતો. તેઓ ભાઈ- વિદ્યાર્થી સ્વામી પ્રેમાનંદ સાથે ચાલવા ગયા હતા અને રામકૃષ્ણ મઠના ભવિષ્યને લગતીસૂચનાઓ આપી હતી. ચોથી જુલાઈ ૧૯૦૨ ના રોજ નવ વાગીને દસ મિનિટે ધ્યાનાવસ્થા માં વિવેકાનંદજીનું અવસાન થયું હતું.તેમના અનુયાયીઓના મતે આ મહા સમાધિ હતી.બાદમાં તેમના શિષ્યોએ નોંધ્યુ હતું કે સ્વામીના મોઢા પાસે નસકોરોમાં અને આંખોમાં ''થોડુ લોહી'' તેમણે જોયુ હતું.ડોક્ટરોના મતે મગજ માં લોહીની નળી ફાટી જવાથી આમ થયુ હતું, પરંતુ મૃત્યુનું સાચુ કારણ તેઓ શોધી શક્યા નહોતા. તેમના શિષ્યોનાજણાવ્યા મુજબ તેમણે મહાસમાધિ લીધી ત્યારે બ્રહ્મરંધ્ર મસ્તિષ્કના મુગટના બાકોરોમાં નિશ્ચિતપણે કાણુ પાડવામાં આવ્યુ હતુ. ચાળીસ વર્ષ કરતાં વધારે નહિ જીવવાની પોતાની આગાહી વિવેકાનંદે સાચી ઠેરવી હતી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે સ્વામી વિવેકાનંદજીની ૧૬૨મી જન્મ જયંતિએ તેમના જીવનની કેટલીક વાતો જાણી શ્રાધ્ધ સુમન અર્પણ કરવા પ્રયત્ન કર્યો છે છેલ્લે દર વર્ષે બારમી જાન્યુઆરી એ સ્વામી વિવેકાનંદજીના જન્મ દિવસને ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' ઉજવવામાં આવે છે. જણાવી દઈએ કે તેની શરૂઆત વર્ષ ૧૯૮૫થી કરવામાં આવી હતી.અસ્તુ.

### ફતેહ ફિલ્મ: દિગ્દર્શિત પ્રથમ ફિલ્મ આજે થિયેટરોમાં આવી રહી છે

# સોનુ સૂદની વાંનાબે 'એનિમલ' ૨-મિનિટની સાયબર ક્રાઈમ જાગૃતિ કોમર્શિયલ બની શકે

સોનુ સૂદે આ ફિલ્મથી દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી છે. અભિનેતા એક્શન થ્રિલર ફિલ્મનો પણ એક ભાગ છે. અભિનેતાએ અંકુર પજની સાથે પટકથા અને સંવાદો સહ-લેખ્યા હતા, જ્યારે સંકલ્પ રાવલ, રુદ્ર આનંદ અને શ્યામ નિર્મલે વધારાની પટકથાનું યોગદાન આપ્યું હતું. વિન્સેન્ઝો કોન્ડોરેલીએ સિનેમેટોગ્રાફર તરીકે કામ કર્યું છે, જ્યારે જ્હોન સ્ટુઅર્ટ એડુરી અને હંસ ઝિમ્મેરે ફિલ્મનો સ્કોર કમ્પોઝ કર્યો છે. શું મૂવી જોવા યોગ્ય છે? જ્યારે નિમ્રત (શિવ જ્યોતિ રાજપૂત) નામની છોકરી પંજાબમાં તેના ગામ મોગામાંથી ગુમ થઈ જાય છે, ત્યારે ફતેહ (સોનુ સૂદ) તેને શોધવાનું કામ જાતે લઈ લે છે. નિમ્રત છેતર પિંડીભરી લોન અરજીઓનો ભોગ બનવાના પરિણામે ગાયબ થઈ જાય છે, જેની તે કેટલાક ગ્રામજનોને ભલામણ કરે છે, જે આખરે કોઈના મૃત્યુ તરફ દોરી જાય છે. બદલો લેવાની સાથે, અમારો નાયક સાયબર ક્રાઈમ અને તે કેવી રીતે દરરોજ હજારો ભારતીયોના જીવનને બરબાદ કરે છે તે વિશે જાગૃતિ લાવવાનો પણ પ્રયાસ કરે છે. ફિલ્મના શરૂઆતના દ્રશ્યમાં ફતેહને એક રૂમની અંદર સેંકડો માણસોને મારી નાખતો દર્શાવવામાં આવ્યો છે. હા, તમને ચોક્કસપણે એનિમલ મૂવી ફ્લેશબેક મળશે . પરંતુ રસપ્રદ વાત એ છે કે તે એકવાર





થતું નથી. પછી વાર્તા એક મહિના પહેલાથી ફ્લેશબેકમાં શિફ્ટ થાય છે, જે દરમિયાન તે ઘણા પુરુષોની તેની નિર્દયતાથી હત્યા માટેનું ચોક્કસ કારણ સમજાવે છે. દુર્ભાગ્યે, તર્ક ક્યારેય પ્રભાવશાળી તરીકે આવતો નથી. ખરાબ રીતે ચલાવવામાં આવેલી અને અસંબંધિત દુર્ઘટના અમને વાર્તા માટે કંઈક અર્થપૂર્ણ બનાવવા માટે ભયાવહ છોડી દે છે. દિલ્હીમાં નિમ્રતના ગુમ થયા પછી, ફતેહ પણ શહેરમાં જાય છે, જ્યાં તે દુષ્ટ લોકોને આસાનીથી મારી નાખે છે. આનંદની વાત એ છે કે જે માણસ સાચા અને ખોટા વિશે વાત કરે છે તે પોલીસને શંકાસ્પદ હોવા છતાં લોકોને મારીને સરળતાથી છટકી જાય છે. દિલ્હીમાં, તે ખુશી (જેકલીન ફર્નાન્ડીઝ) ને મળે છે, જે એક હેકર છે જે લોકો સાથે છેતરપિંડી કરનારા આ છેતરપિંડી કરનારાઓને ટ્રેક કરી રહ્યો છે. અમે શોધી કાઢ્યું છે કે રઝા (નસીરુદ્દીન શાહ) આ ગેરકાયદેસર એપ્લિકેશનો ચલાવવા માટે જવાબદાર વ્યક્તિ છે. મૂવી એટલા બધા તત્વો અને રેન્ડમ પાત્રોથી ભરેલી છે કે, એક સમયે, તમે સાયબર ક્રાઈમની કોઈ વાસ્તવિક સમજણ વિના, રેન્ડમલી વસ્તુઓને ઉઘાડતા જ જોશો. ફિલ્મમાં સોનુ સૂદના પાત્રને લોકો વારંવાર પૂછે છે, 'તે શું કરે છે?' તે જવાબ આપે છે, 'દરેક વ્યક્તિ એ જ જાણવા માંગે છે.' કેટલીકવાર, એવું લાગતું હતું કે તે રોગચાળા દરમિયાન સામાન્ય પ્રશ્નનો જવાબ આપી રહ્યો હતો, જ્યારે તેણે મોટી સંખ્યામાં લોકોને ઉદારતાથી નાણાકીય સહાય પૂરી પાડી હતી. ઘણાને આશ્ચર્ય થયું કે તે શું કરે છે કે તે લોકોને સરળતાથી મદદ કરી શકે છે, જ્યારે મોટાભાગના રાજકારણીઓ પણ તે કરતા નથી. દુર્ભાગ્યે, રીલ વર્ઝન અસહ્ય છે કારણ કે ભયંકર પટકથા અને એક્ઝેક્યુશન કે જે તમને કંઈપણ અર્થ વગર નિરાશ કરે છે. જાગરૂકતા પરિબળને વળતર આપવા માટે કારણ કે અતિશય હત્યાઓ મોખરે છે, સોનુ મધ્યમ-વર્ગના ભારતીયોને અસર કરતા સાયબર ક્રાઈમ વિશે વાત કરે છે અને તેમની સાથે છેતરપિંડી કરે છે, જેનાથી વૉઈસઓવર સાથે નાણાકીય નુકસાન થાય છે.

### ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ

# દિગ્ગજ ગુજરાતી અભિનેતા ટીકુ તલસાનિયાને આવ્યો હાર્ટ એટેક

**અભિનેતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે**

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ટીકુ તલસાનિયાને હાર્ટ એટેક આવ્યો છે. અહેવાલો અનુસાર, અભિનેતાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ નાજુક છે. શ્રેષ્ઠ કોમિક ટાઈમિંગ અને યાદગાર ભૂમિકાઓ માટે જાણીતા બોલિવૂડના પીઢ અભિનેતા ટીકુ તલસાનિયાને હાર્ટ એટેક આવ્યો છે. અહેવાલો અનુસાર, અભિનેતાને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને અભિનેતાના હોસ્પિટલમાં દાખલ થવા અંગેની અન્ય માહિતી હજુ આવવાની બાકી છે. તેણે ફિલ્મો અને ટેલિવિઝન બંનેમાં કામ કર્યું. ટીકુ તલસાનિયાએ અંદાજ અપના અપના, દેવદાસ, સ્પેશિયલ ૨૬ અને લોકપ્રિય ટીવી શો ઉત્તરન જેવી ક્લાસિક



ફિલ્મોમાં કામ કર્યું છે. ટીકુ તલસાનિયાની કારકિર્દી તલસાનિયાએ ૧૯૮૪માં ટીવી શો 'યે જો હૈ ઝિંદગી'થી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. બે વર્ષ પછી, તેણીએ પ્યાર કે દો પલ, ફરજ અને અસલી નકલી સાથે બોલિવૂડમાં ડેબ્યુ કર્યું. ત્યાંથી તેમની કારકિર્દી શરૂ થઈ અને બોલ રાધા બોલ, કુલી નંબર ૧, રાજા હિન્દુસ્તાની, હીરો નંબર ૧ અને બડે મિયાં છોટે મિયાં જેવી ફિલ્મોમાં તેમના મનોરંજક અભિનયથી તેઓ ઘરગથ્થુ નામ બની ગયા.

# રશ્મિકાને જીમમાં ઈન્જરી, 'સિકંદર'નું શૂટિંગ અટવાયું

## 'સિકંદર'નું શૂટિંગ નિર્ણાયક તબક્કામાં પહોંચ્યું છે, પરંતુ રશ્મિકા ઈજાગ્રસ્ત થઈ હોવાથી તેના ભાગનું શૂટિંગ અટક્યું



રશ્મિકા મંદાનાએ 'પુષ્પા'ની સફળતા સાથે જ બોલિવૂડમાં પણ સ્થાન જમાવી લીધું છે. સલમાન ખાનની બિગ બજેટ એક્શન મૂવી 'સિકંદર'માં રશ્મિકાનો લીડ રોલ છે. 'પુષ્પા ૨'નું શૂટિંગ પૂરું કર્યા પછી રશ્મિકાએ સલમાનની ફિલ્મ શરૂ કરી હતી. રશ્મિકા પહેલી વખત સલમાન ખાન સાથે કામ કરી રહી છે. રિપોર્ટ્સ મુજબ, રશ્મિકાને જીમમાં ઈન્જરી થયેલી છે અને તેના કારણે 'સિકંદર'ના શૂટમાંથી આરામ લેવો પડ્યો છે. ફિટનેસ અને ફિગર બાબતે દરેક એક્ટર વધારે જાગૃત હોય છે અને ચુસ્ત ડાયેટ ઉપરાંત કલાકો સુધી જીમમાં વર્ક આઉટ કરે છે. 'પુષ્પ ા'ની સિમ્પલ શ્રીવલ્લી પણ તેમાં અપવાદ નથી. રશ્મિકા રેગ્યુલર વર્કઆઉટ કરે છે. તાજેતરમાં જીમ વર્કઆઉટ દરમિયાન તેને ઈજા થઈ હતી. રશ્મિકાને ડોક્ટરે આરામ કરવાની સલાહ આપી છે. 'સિકંદર'નું શૂટિંગ નિર્ણાયક તબક્કામાં પહોંચ્યું છે, પરંતુ રશ્મિકા ઈજાગ્રસ્ત થઈ હોવાથી તેના ભાગનું શૂટિંગ અટકી પડ્યું છે. થોડા દિવસના આરામ બાદ રશ્મિકા ફરી 'સિકંદર'ની ટીમ સાથે જોડાઈ જશે. રશ્મિકાના આ અનિવાર્યની બ્રેકની અસર તેની અન્ય ફિલ્મોના શૂટિંગ પર પણ પડી શકે છે. 'સિકંદર'ને આ વર્ષે ઈદ પર રિલીઝ કરવાનો પ્લાન છે. એ આર મુરગાદોસના ડાયરેક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં કાજલ અગ્રવાલ, સત્યરાજ, શરમન જોષી અને પ્રતીક બબ્બર પણ મહત્ત્વના રોલમાં છે. સાજિદ નડિયાદવાલા પ્રોડક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં 'જવાન' અને 'પુષ્પા ૨'નો રેકોર્ડ તોડવા સલમાન અને સાજિદ પ્રયાસ કરી રહ્યા છે.

# આમિર ખાન રોમાંસ-સાચા પ્રેમની વાત આનંદી ટ્વિસ્ટ સાથે કરે છે

લવયાપાના ટ્રેલર લોન્ચ સમયે આમિર ખાને પોતાના અંગત જીવન વિશે ખુલાસો કર્યો હતો. તેણે આનંદી રીતે તેની રોમેન્ટિક બાજુ જાહેર કરી.આમિર ખાન તેની નિખાલસ ઈમાનદારી અને નિખાલસ સ્વભાવ માટે લોકપ્રિય છે. તેણે પોતાના પ્રામાણિક વિચારો શેર કરવામાં, હ્રદયથી સીધા બોલવામાં ક્યારેય અવરોધો દર્શાવ્યા નથી. જ્યારે તેની નિખાલસતા પ્રસંગોપાત વિવાદોમાં પરિણમી છે, તે તેને ઉદ્યોગમાં સૌથી વધુ સંબંધિત અભિનેતાઓ પણ બનાવે છે. મિસ્ટર પરફેક્શનિસ્ટે તેમના વ્યાવસાયિક જીવન અને અંગત જીવનમાં ઘણા ઊંચા અને નીચા જોયા છે. તે બે નિષ્ફળ લગ્નોમાંથી પસાર થયો છે. છૂટાછેડા હોવા છતાં, તે તેની બંને ભૂતપૂર્વ પત્નીઓ સાથે સારો બોન્ડ શેર કરે છે. પોતાના અંગત જીવન વિશે વાત કરતી વખતે, આમિરે તાજેતરના એક કાર્યક્રમમાં, પ્રેમ વિશેનો પોતાનો વિચાર શેર કર્યો. તેણે પ્રેમ અંગેનો પોતાનો અભિપ્રાય શેર કર્યો અને ઉલ્લેખ કર્યો કે પ્રેમની તેની સમજ વર્ષોથી વિકસિત થઈ છે, કારણ કે તેને તેની ભૂલોનો અહેસાસ થયો છે.



તેમના મતે, સાચો પ્રેમ એ જીવનસાથીને મળવાનો છે જેની સાથે વ્યક્તિ પ્રેમ અને સંતોષ અનુભવી શકે. પરંતુ તે જ સમયે, તેણે સ્વ પ્રેમ વિશે વાત કરી. "સાચો પ્રેમ એ છે જ્યારે તમે તમારી જાતને પ્રેમ કરવાનું શીખો, તમારી જાતને મૂલ્ય આપો અને કાળજી સાથે બીજાના હૃદયને પકડી રાખવા માટે તૈયાર અનુભવો," તેમણે કહ્યું. લવયાપા ૭ ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મનું નિર્દેશન અદ્વૈત ચંદન દ્વારા કરવામાં આવ્યું છે. ટ્રેલર અને ગીતોએ ચાહકોને ફિલ્મમાં રસ લીધો છે. હવે જોવાનું એ રહેશે કે ફિલ્મ બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કરે છે કે નહીં.

# ચહેરો સંતાડી ભણસાલીને મળવા દોડ્યો

'પુષ્પા ૨' સ્ટાર અલ્લુ અર્જુન તાજેતરમાં સંજય લીલા ભણસાલીની ઓફિસ પાસે જોવા મળ્યો છે. અભિનેતા ફિલ્મ નિર્માતા ભણસાલીને મળવા ગયો હતો અને શક્ય છે કે હવે તે બંને સાથે કામ કરે.જો કે અભિનેતાએ પોતાનો ચહેરો છુપાવ્યો હતો તેમ છતાં પાપારઝીઓએ તેને ઓળખી લીધો હતો. .દક્ષિણના લોકપ્રિય સ્ટાર અલ્લુ અર્જુનને દેશભરમાં જાણીતો ચહેરો બની ગયો છે. તેમની ફિલ્મ પુષ્પા ૨ હાલમાં સિનેમાઘરોમાં ચાલી રહી છે અને અભિનેતા તેમના આગામી પ્રોજેક્ટ માટે સંજય લીલા ભણસાલીને મળવા પણ ગયા હતા.અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ૨ એ વિશ્વભરમાં ૧૮૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મ ૫ ડિસેમ્બરે રિલીઝ થઈ હતી અને તેની કમાણી હજુ પણ ચાલુ છે.પુષ્પા ૨ જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપનાર અલ્લુ અર્જુન હવે તેના આગામી પ્રોજેક્ટમાં વ્યસ્ત છે. એટલા માટે તે સંજય લીલા



ભણસાલીની ઓફિસની બહાર જોવા મળ્યો હતો.અલ્લુ અર્જુન ભણસાલીની ઓફિસની બહાર તેની ટીમ સાથે જોવા મળ્યો છે. આ દરમિયાન અલ્લુ અર્જુન પણ મીડિયા કેમેરાથી બચતો જોવા મળ્યો.ચાહકોની નજરથી બચવાનો તેમનો પ્રયાસ નિષ્ફળ ગયો. અલ્લુ અર્જુનની તસવીરો પાપારાઝી કેમેરામાં કેદ થઈ ગઈ છે. અલ્લુ અર્જુન તેની કારની પાછળની સીટ પર કાળા રંગના હૂડીમાં બેઠો જોવા મળ્યો હતો અને પછી તેને ઓફિસ જતો જોવા મળ્યો હતો. જો અલ્લુ અને ભણસાલી વચ્ચે બધું બરાબર થઈ જાય, તો ભણસાલી કેમ્પમાં દક્ષિણના સુપરસ્ટારનો જાદુ જોઈ શકાય તેમાં બે મત નથી.

# ભત્રીજા અમન માટે અજય દેવગન હોરર ફિલ્મ બનાવશે



## 'ઝમકુડી'ના ડાયરેક્ટર ઉમંગ વ્યાસને ડાયરેક્શન સોંપાયું

અજય દેવગને પોતાના ભત્રીજા અમનને લીડ રોલમાં નક્કી કરી હોરર ફિલ્મનું આયોજન કર્યું છે. 'ઝલક' નામની આ ફિલ્મ સત્ય ઘટનાઓ આધારિત હશે. દેગવન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટુડિયોઝ ભેગા થઈને આ ફિલ્મનું પ્રોડક્શન કરશે. ડર અને રમૂજને સાથે દર્શાવતી આ ફિલ્મ માટે રાઈટર-ડાયરેક્ટર નક્કી થઈ ગયાં છે, પરંતુ અમન સાથે લીડ એક્ટ્રેસ હજુ જાહેર થઈ નથી. દેવગન ફિલ્મ્સ અને પેનોરમા સ્ટુડિયોઝે અગાઉ 'શૈતાન' સાથે બનાવી હતી. ગુજરાતી ફિલ્મ 'વશ'ની આ રીમેકને વર્લ્ડવાઈડ સારો રિસ્પોન્સ મળ્યો હતો. અજય દેવગને જણાવ્યું હતું કે, 'શૈતાન' પછી કોમેડી અને હોરરના ઉત્તમ અનુભવને સાથે લાવવા માગતા હતા. 'ઝલક'માં હોરર અને કોમેડીનું પરફેક્ટ બ્લેન્ડ છે અને ઓડિયન્સ માટે આ ફિલ્મ એક યાદગાર અનુભવ બની રહેશે. પેનોરમા સ્ટુડિયોઝના કુમાર મંગત પાઠકે કહ્યું હતું કે, 'ઝલક'માં ફ્રેશ સ્ટોરી સાથે ઓડિયન્સને અવિસ્મરણિય અનુભવ મળશે. 'ઝલક'ની સ્ટોરી સત્ય ઘટના આધારિત છે. 'શૈતાન' બાદ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ટેલેન્ટ સાથે અજય દેગવનની નિકટતા વધી રહી હોય તેમ 'ઝમકુડી'ના ડાયરેક્ટર ઉમંગ વ્યાસને ડાયરેક્શનની જવાબદારી સોંપાઈ છે. ફિલ્મની સ્ટોરી તુષાર અજગાંવકરે લખી છે. તેઓ અગાઉ 'મુંજ્યા'ની સ્ટોરી લખી ચૂક્યા છે. ફિલ્મનું પ્રી-પ્રોડક્શન ચાલી રહ્યું છે અને ટૂંક સમયમાં તેનું શૂટિંગ શરૂ કરવાનું અજયનું આયોજન છે. અમન સાથે લીડ રોલમાં નવી પેઢીની કોઈ જાણીતી એક્ટ્રેસને લીડ રોલ અપાશે કે પછી અજય દેવગન નવા ચહેરાને શોધશે તે કહેવું અઘરું છે.

### ફિલ્મ 'ચામુંડા'ની ઓફર રિજેક્ટ કરી

# શાહરૂખ ખાનને હોરર કોમેડી નથી કરવી

**હોરર કોમેડી યુનિવર્સમાં જોડાવાના બદલે નવી દુનિયાની આગેવાની લેવાની ઈચ્છા**

ઓડિયન્સને હોરર કોમેડી પસંદ આવી રહી હોવાથી ફિલ્મ મેકર્સે આ જોનર તરફ દોટ લગાવી છે. હોરર કોમેડી જોનર પોતાનો દબદબો ટકાવી રાખવાના હેતુથી દિનેશ વિજાનની મેડ્ડોક ફિલ્મ્સે ૨૦૨૮ના વર્ષ સુધીનું આયોજન જાહેર કરી દીધું છે. વિજાન પોતાની આગામી ફિલ્મ 'ચામુંડા'માં શાહરૂખને લીડ રોલમાં લેવા માગતા હતા. જો કે શાહરૂખે જાણીતા બનેલા હોરર કોમેડી યુનિવર્સમાં કામ કરવાના બદલે દિનેશ વિજાનને યુનિક પ્રોજેક્ટ શોધવા કામે લગાડી દીધાં છે. નવી જોનર વિકસાવીને ફ્રેશ કન્સેપ્ટ સાથે મેડ્ડોક અને વિજાન સાથે કામ કરવા શાહરૂખે તૈયારી બતાવી છે. 'સ્ત્રી ૨'ની ઐતિહાસિક સફળતા પછી મેડ્ડોક ફિલ્મ્સના દિનેશ વિજાનનો આત્મવિશ્વાસ ટોચ પર છે. તેઓ કિંગ ખાન સાથે બંધબારણે અનેક બેઠકો કરી ચૂક્યા છે અને કિંગને પોતાના યુનિવર્સના રાજા બનાવવા માગે છે. આ બેઠકો વખતે ડાયરેક્ટર અમર કૌશિક પણ હાજર રહ્યા હતા. પ્રોડ્યુસર અને ડાયરેક્ટર સાથે શાહરૂખે સંખ્યાબંધ પ્રોજેક્ટ પર ચર્ચા કરી છે. હોરર કોમેડી ઉપરાંત ફેન્ટસી અને એડવેન્ચર જોનરમાંથી શાહરૂખની પસંદગી અંગે ચર્ચા થઈ હોવાનું કહેવાય છે. શાહરૂખ સાથે લાંબી ચર્ચા બાદ 'ચામુંડા' ઓફર થઈ હતી, જે ૨૦૨૬માં રિલીઝ થવાની છે. આ ફિલ્મથી હોરર કોમેડી યુનિવર્સનો વ્યાપ વધારવાનું આયોજન છે. આ ફિલ્મમાં આલિયા ભટ્ટ નક્કી હોવાનું મનાય છે. આલિયા સાથે કામ કરવા શાહરૂખ સરળતાથી તૈયાર થઈ જશે, તેમ મનાતું હતું. શાહરૂખના સ્ટારડમની મદદથી હોરર કોમેડી યુનિવર્સનું ભવિષ્ય વધારે સલામત બનશે તેવું વિજાનને લાગ્યુ હતું. સૂત્રોના જણાવ્યા મુજબ, શાહરૂખ ખાને અગાઉથી જાણીતા બનેલા યુનિવર્સમાં જોડાવાની અનિચ્છા દર્શાવી છે. મેડ્ડોક અને અમર કૌશિકને શાહરૂખે નવી જોનરના નવા યુનિવર્સની રચના કરવા કહ્યું છે. શાહરૂખના ઈનકાર બાદ વિજાને અન્ય સંભાવનાઓ અંગે પણ ચર્ચા કરી હતી. જો કે શાહરૂખને પસંદ આવે તેવો પ્રોજેક્ટ હજુ તૈયાર થયો નથી.



### બે ઉમદા એક્ટર્સના સંયુક્ત પ્રોજેક્ટ અંગે ઉત્સુકતા વધી રહી છે

# કેકે મેનન સાથે ફિલ્મની અટકળોને મનોજ બાજપેયીએ રદિયો આપ્યો

નીરજ પાંડેના ડાયરેક્શનમાં ઓટીટી ફિલ્મના આયોજન સંદર્ભે ઉત્સુકતા છવાતા બાજપેયીનો ખુલાસો, મનોજ બાજપેયી અને કેકે મેનનના ફૅન્સની હંમેશાથી તેમને એકસાથે જોવાની મહેચ્છા રહી છે. નીરજ પાંડેની ફિલ્મમાં તેઓ બંને એકસાથે કામ કરી રહ્યા હોવાની અટકળો વ્યાપક બની હતી. ફિલ્મની સ્ટોરી અને ડાયરેક્ટર ઉપરાંત ઓટીટી પ્લેટફોર્મ સહિતની વિગતો બહાર આવી હતી. બે ઉમદા એક્ટર્સના સંયુક્ત પ્રોજેક્ટ અંગે ઉત્સુકતા વધી રહી છે ત્યારે મનોજ બાજપેયીએ આ અંગે ખુલાસો કર્યો છે અને કે કે મેનન સાથે ફિલ્મની અટકળોને રદિયો આપ્યો છે. અગાઉ બહાર આવેલી વિગતો મુજબ, નીરજ પાંડે વધુ એક વખત દેશભક્તિની ફિલ્મ બનાવવા જઈ રહ્યા છે અને તેના માટે દેશના સૌથી ટેલેન્ટેડ કલાકારોમાંના બે કલાકારોને સાઈન કરી લીધાં છે. નીરજ પાંડેએ આ ફિલ્મ માટે નેટફ્લિક્સ સાથે મોટી ડીલ કરી હોવાનું પણ કહેવાતું હતું. આ ફિલ્મનું પ્રી પ્રોડક્શન શરૂ થઈ ગયું હોવાનું પણ કહેવાતુ હતું. બિનસત્તાવાર સૂત્રોએ મે ૨૦૨૫માંથી શૂટિંગની શરૂઆત તથા ભારતીય ઈન્ટેલિજન્સની ઈન્ટ્રેસ્ટિંગ સ્ટોરી પણ જાહેર કરી દીધી હતી. નીરજ પાંડે અને કે કે મેનને આ અંગે કોઈ વાત કરી નથી, પરંતુ મનોજ બાજપેયીએ રદિયો આપી દીધો છે. આવો કોઈ પ્રોજેક્ટ પોતાની પાસે ન હોવાનો દાવો મનોજે કર્યો છે. બાજપેયીના આ દાવા છતાં, કેટલાક લોકો કે કે મેનન સાથેના પ્રોજેક્ટને હકીકત માને છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ૨૦૧૬માં કેકે મેનન અને મનોજ બાજપેયીએ સાત ઉચક્કે ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. તેમાં વિજય રાઝ અને અદિતિ શર્મા, અપારશક્તિ ખુરાના, અનુપમ ખેર, વિપુલ વિજ, નિતિન ભસીન સગીતના કલાકારો હતા.



# દાહોદ જિલ્લામાં કલેક્ટર યોગેશ નિરગુડેના અધ્યક્ષસ્થાને ઝાલોદ તાલુકાના ખાખરીયા પ્રાથમિક શાળા ખાતે રાત્રિ સભા યોજાઈ

### ગામમાં થયેલ વિકાસના કામો, ગામજનોને પડતી મુશ્કેલીઓ અને પ્રશ્નોની જાણકારી લઇ કામગીરીની સમીક્ષા કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં આવેલ ખાખરીયા પ્રાથમિક શાળા ખાતે દાહોદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કલેકટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને રાત્રી સભા યોજવામાં આવી હતી.

રાત્રી સભા દરમ્યાન કલેકટરશ્રી યોગેશ નિરગુડે દ્વારા જિલ્લામાં ચાલતી સરકારની વિવિધ યોજનાઓ વિશે ગ્રામજનોને માહિતગાર કરવામાં આવ્યા હતા. ગામજનો સાથે વિવિધ વિભાગોની કામગીરીની અંગેની ચર્ચા - વિચારણા પણ કરવામાં આવી હતી. ઉપરાંત ગામના થયેલ વિકાસના કામો, ગામજનોને પડતી મુશ્કેલીઓ અને પ્રશ્નોની જાણકારી લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જે દરમ્યાન દાહોદ જિલ્લા કલેકટર દ્વારા ગ્રામજનોની રજુઆતોનો વહેલામાં વહેલી તકે નિકાલ કરવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી.

રાત્રી સભા પૂર્ણ થયા બાદ દાહોદ કલેકટર શ્રી યોગેશ નિરગુડે દ્વારા ખાખરીયા ગ્રામ પંચાયત કચેરી ની મુલાકાત લેવામાં આવી હતી જે દરમિયાન ત્યાંની દફતર ચકાસણી કરવામાં આવી હતી. કલેકટરશ્રી દ્વારા ઝાલોદ મામલતદાર કચેરીની પણ મુલાકાત લેવામાં આવી હતી. જે દરમ્યાન કચેરીની વિવિધ શાખાઓની મુલાકાત થકી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ઝાલોદ મામલતદાર કચેરીની વિવિધ શાખાઓના કર્મચારીઓને જિલ્લા કલેકટર યોગેશ નિરગુડે દ્વારા સંબંધિત સુચનાઓ પણ આપવામાં આવી હતી. રાત્રી સભા દરમ્યાન ઝાલોદ તાલુકા વિકાસ અધિકારીશ્રી કે. એચ. ગઢવી, ઝાલોદ મામલતદાર શૈલેન્દ્ર એમ પરમાર, ચાકલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ વી વસાવા, તાલુકા આરોગ્ય અધિકારી તુષાર ભાભોર, એમજીવીસીલ અધિકારીશ્રી વસૈયા ઝાલોદ પ્રાંત કચેરીના શિરસ્તેદાર ચિમન વહોનિયા, નાયબ મામલતદાર તેજસ અમલીયાર સહિત અન્ય સંબંધિત અધિકારીશ્રીઓ તેમજ ખાખરીયા પુર્વ સરપંચ, ખાખરીયા તલાટી કમ મંત્રી, ખાખરીયા ગ્રામ પંચાયતનાં વહીવટદાર ગામનાં આગેવાનો તેમજ ગ્રામજનો ઉપસ્થિતિ રહ્યા હતા.

# ઝાલોદની ડુંગરી પ્રાથમિક શાળાએ બેગલેસ-ડે અંતર્ગત દૂધ શીત કેન્દ્રની મુલાકાતે


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

આજ રોજ ઝાલોદ તાલુકાના ડુંગરી પ્રાથમિક શાળામાં જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત બેગલેસ-ડે કાર્યક્રમ ઉજવાયો. જે અંતર્ગત લીમડી દૂધશીત કેન્દ્રની મુલાકાત લીધી. દૂધની પેશ્ચુરાઈઝડ પ્રોસેસથી બાળકોને અવગત કરાયા તેમજ નજીક આવેલ અંબિકા સો મીલ ની મુલાકાત લીધી. જેમાં બાળકોને લાકડામાંથી વિવિધ બનાવટોની માહિતી આપવામાં આવેલ આ કાર્યક્રમમાં શાળાના શિક્ષકો અને આચાર્ય પણ જોડાયા હતા.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઊજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઊજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં જેમાં કોલેજમાં સ્વામી વિવેકાનંદના વિચારો ઉપર આધારિત પોસ્ટર્સ પ્રદર્શન, સ્વામિ વિવેકાનંદને શાબ્દિક વિચરાંજલી અને ઓનલાઈન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોલેજના વિદ્યાર્થીની ૪૮ ટીમ દ્વારા પોસ્ટર્સ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ કોલેજના પ્રોફેસર ડો. હરિગોપલ અગ્રવાલ, ડૉ. અજીતસિંહ પરમાર અને ડૉ. દિલીપ સિંહ ચૌહાણ દ્વારા સ્વામિ વિવેકાનંદજીને શાબ્દિક વિચારાંજલિ આપવામાં આવી હતી. તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સ્વામિ વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવાબોર્ડના યુવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. રોહિતભાઈ કપૂરી દ્વારા બધાનું સ્વાગત કરવામાં આવ્યું. તેમજ કોલેજ ના કાર્યકારી આચાર્ય ડૉ. આશિષ મોદી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ અનિતા બેન પાદરીયા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે ડૉ. રવિપ્રકાશભાઈ મેર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ જિલ્લા દ્વારા ઝાલોદ પ્રખંડની નવી સમિતિનુ ગઠન સોમનાથ મહાદેવ મંદિરે બેઠક યોજી કર્યું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ જિલ્લા માંથી આજરોજ ૧૦-૦૧-૨૦૨૫ શુક્રવારના રોજ ઝાલોદ પ્રખંડની સમિતિની રચના કરવા માટે નગરના સોમનાથ મહાદેવ મંદિરે ભેગા થયેલ હતા. આ બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદની કામગીરી થી ઉપસ્થિત સહુ લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં સહુની ઉપસ્થિતિમા દરેક વ્યક્તિઓની સહમતી થી ઝાલોદ પ્રખંડની સમિતિ રચવામાં આવી હતી. આજની મીટીંગમાં વિભાગ સહ મંત્રી કિરણસિંહ ચાવડા,જિલ્લા ઉપાધ્યક્ષ ગોપાલભાઈ સોની,જિલ્લા સહમંત્રી કમલેશભાઈ ગુજર,જિલ્લા સહમંત્રી રાહુલ પ્રદીપસિંહ જોધા રાઠોડ વિશેષ રીતે ઉપસ્થિત રહ્યા હતા અને ઉપસ્થિત સહુની સહમતી થી દિનેશ ઠક્કર ને પ્રમુખ તેમજ પ્રવિણચંદ્ર ચુનીલાલ ભટ્ટ ને મંત્રી બનાવવામાં આવેલ હતા તેમજ વિવિધ વિભાગના સંયોજકો પણ નિમવામાં આવેલ હતા. ઉપસ્થિત સહુ લોકોએ સર્વ સંમતિ થી બનાવેલ નવી સમિતિને ઓમ મંત્ર બોલી વધાવી લીધી હતી.

# દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના આઇ.સી.ડી. એસ ઘટક – ૧માં 'પોષણ ઉત્સવ-૨૦૨૫' યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

પોષણ ઉત્સવમાં THR(ટેક હોમ રેશન) અને મીલેટ્સમાંથી અવનવી વાનગીઓ બનાવવામાં આવી જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના આઈસીડીએસ દ્વારા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ઈરાબેન ચૌહાણના માર્ગદર્શન હેઠળ ઝાલોદ તાલુકામાં આઈસીડીએસ ઘટક – ૧ માં 'પોષણ ઉત્સવ-૨૦૨૫' નું આયોજન કરવામાં આવેલ જેમાં ઝાલોદ તાલુકા પંચાયત પ્રમુખ, ઉપ પ્રમુખ , મહિલા મોરચા પ્રમુખ, તાલુકા પંચાયત નાયબ ટીડીઓ, ખેતીવાડી અધિકારી, પોલીસ સ્ટેશન બેઝ સપોર્ટ સેન્ટર તથા તાલુકા પંચાયત કચેરી સ્ટાફ, સિડીપીઓ તેમજ આઈસીડીએસના તમામ સ્ટાફની ઉપસ્થિતિમાં પોષણ ઉત્સવ ૨૦૨૫ ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં THR (ટેક હોમ રેશન) અને મીલેટ્સમાંથી લાભાર્થીઓ અને આંગણવાડી વર્કરબહેનો દ્વારા અવનવી વાનગીઓ બનાવવામાં આવી હતી. આ ઉપરાંત, કિશોરી દ્વારા લાઈવ વાનગીઓ બનાવવાની સ્પર્ધામાં બાજરી તેમજ મિક્સ ભાજીના મુઠીયા બનાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા આ તમામ વાનગીઓમાંથી વિજેતા બહેનોને અને કિશોરીઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

ઉપરોક્ત પોષણ ઉત્સવ-૨૦૨૫, સીડીપીઓ માછી નીલુંબેન ઘટક-૧ ના સુપરવાઈઝર બહેનો, એનએનએમ, ડિસ્મુ કોઓર્ડીનેટર, પાપા પગલી પ્રોજેક્ટના કોઓર્ડીનેટર બહેન, બીએનએમ, આંગણવાડી કાર્યકરબહેનો, હેલ્પરબહેનો તથા લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

# ઝાલોદ પોલિસ દ્વારા ઉત્તરાયણના ઉત્સવ નિમિતે નગરના આગેવાનો સાથે બેઠક યોજી

### નગરમાં થતા ટ્રાફિક અંગે માઈક દ્વારા લોકોને પાર્કિંગ અંગે સૂચન અપાયા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઉત્તરરાયણનો પર્વ દરેક વ્યક્તિ હર્ષોલ્લાસ સાથે ઉજવે તેમજ કોઈના પરિવારમાં કોઈ હાનિ ન સર્જાય તે હેતુથી ઝાલોદ પોલિસ દ્વારા નગરના આગેવાનો સાથે એક બેઠક યોજી હતી જેમાં ચાઈનીઝ દોરી, તુક્કલ જેવા પ્રતિબંધિત વસ્તુનો ઉપયોગ ન કરવો તેમજ આવી પ્રતિબંધિત વસ્તુ કોઈ વેચતુ હોય તો પોલિસને જાણ કરવી. ઉત્તરાયણના પર્વ એટલે આકાશી પતંગનો તહેવાર જેથી ટૂ વ્હીકલ ચલાવતા દરેક લોકો વાહન ધીરે અને સાવચેતી થી ચલાવે જેથી પતંગની દોરી થી કોઈના ગાળા કે બીજી કોઈ ઘટના ન સર્જાય. પતંગ ચઢાવતા સમયે આગાસી પર આવેલ પાળી પર ચઢી પતંગ ઉડાવવુ નહી જેથી કોઈ પડી જાય અને દુર્ઘટના સર્જાય, પતંગ લૂંટવા દોડાદોડી કરવી નહીં તેમજ પતંગ ઉડાવતા સમયે ઉત્સવનો આનંદ લો પરંતુ નાની નાની વાતોમાં તકરાર ના થાય તેવી તકેદારી રાખવી. વિશેષમાં દરેક વાલીઓ એ પોતાની અગાસી પર બાળકો સાવચેતી થી પતંગ ચગાવે તે વિશે પૂરતી તકેદારી રાખવી. ઝાલોદ બસ સ્ટેશન વિસ્તારમાં ડી.વાય.એસ.પી ડી.આર.પટેલ, પી.આઈ રાઠવા તેમજ પી.એસ. આઈ રાઠોડ સહિતના પોલિસ અધિકારીઓ પોલિસ સ્ટાફ સાથે નગરના બસ સ્ટેશન તેમજ જાહેર માર્ગો પર પોલિસ દ્વારા જ્યાં ત્યાં પાર્કિંગ ન કરવા લોકોને અપીલ કરી હતી. જેથી નગરમાં ટ્રાફિક સમસ્યા ન સર્જાય.

# સાવરકુંડલામાં ટ્રક ખાલી કરવા બાબતે બે જૂથ બાખડયા

। અમરેલી, તા.૧૧ ।

સાવરકુંડલાના માર્કેટિંગ યાર્ડમાં ટ્રક ખાલી કરવા બાબતે વિધર્મીઓના બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ સમાધાન થઈ ગયું હોવા છતાં ૬ થી વધુ શખ્સોએ રહેણાંક મકાનમાં ઘુસી તોડફોડ કરી બે મહિલા અને બે પુરુષનેલોખંડના પાઈપ, ટોમી, ધોકાઓ વતી માર માર્યો હતો.આ અંગે એક મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી હતી. સાવરકુંડલાના માર્કેટિંગ યાર્ડમાં ટ્રક ખાલી કરવા બાબતે થયેલ બોલાચાલી બાદ સમાધાન થઈ ગયું હોવા છતાં જોહુકમી આચરી એક જૂથ ડેલો તોડી ઘરમાં ઘુસી ગયું હતું. મણિનગર વિસ્તારમાં રહેતી નમીરાબેન શબ્બીરભાઈ જાદવ એ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના જેઠ શિરાજભાઈને સાવર-કુંડલા માર્કેટિંગ યાર્ડમાં અરમાનભાઈ બેલીમ સાથે ટ્રક ખાલી કરવા બાબતે બોલાચાલી થઈ હતી અને એ પછી સમાધાન થઈ ગયું હતું. તે વાતનું મન દુઃખ રાખીને રુસ્તમભાઇ બાબુભાઇ કાજી હાથમાં લોખંડની પાઈપ તેમજ શાહરૂખભાઈ પઠાણ હાથમાં છરી તેમજ અરમાનભાઈ હાથમાં ટોમી શબ્બીરભાઈ બેલીમ હાથમાં લોખંડની પાઈપ તેમજ આસિફભાઇ ચૌહાણ હાથમાં લાકડાનો ધોકો તેમજ અન્ય લોકો હાથમાં લોખંડની પાઇપ તેમજ ધોકાઓ લઈને આવી મહિલાના ઘરના લોખંડનો ડેલો તોડી ફળિયામાં ઘૂસી ગયા હતા.

# રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવથી ઘઉંની ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરવા બાબત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

રાજ્ય સરકારશ્રીની સંસ્થા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૫-૨૬ માં લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી પ્રતિ ક્વિન્ટલ રૂ. ૨૪૨૫/- ના ભાવથી કરવામાં આવનાર છે. લઘુત્તમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ફઝઈ દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૫ થી કરવામાં આવી રહી છે. નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધારકાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭, ૧૨, ૮-અ ની નકલ, ગામ નમુના ૧૨ માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી-સિક્કા સાથેનો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત જેમ કે, બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

# ઝાલોદ તાલુકાના ગામડી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટીબી મુક્ત અભિયાનમાં ટીબી હારેગા દેશ જીતેગા તે અંતર્ગત મિટિંગ રાખવામાં આવી હતી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।



આજ રોજ ઝાલોદ તાલુકાના પ્રા.આ.કે ગામડી ખાતે જિલ્લા આરોગ્ય અધિકારી ડો આર ડી પહાડિયા તેમજ ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ તુષાર ભાભોરના માર્ગદર્શન હેઠળ પીઆઈઆર (પંચાયતી રાજ સંસ્થા) ની મીટિંગ કરવામાં આવી હતી જેમાં જીલ્લા પંચાયત સભ્ય, ગ્રામ પંચાયતના સરપંચો, ઉપસરપંચો, તાલુકા સભ્યો, ગ્રામ પંચાયત સભ્યો, તથા મેડિકલ ઓફિસર મેઈલ હેલ્થ સુપરવાઈઝર સાથે તમાંમ આરોગ્ય કર્મચારીઓ હાજર રહ્યાં હતા, જેમાં ટીબી મુક્ત અભિયાન અંતર્ગત મેડિકલ ઓફિસર અને સુપરવાઈઝર દ્વારા ટીબી મુક્ત વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## વિશેષ

### નર્મદાના ફલક ઉપર 'પોષણ'ની 'પતંગ' ઉડાડતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા

# આત્મનિર્ભર, સ્વસ્થ અને સશક્ત મહિલાની પિંક ઓટો રિક્ષામા સફર કરતા મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા

। (માહિતી) નર્મદા ।

પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃતિ લાવવાનો 'પોષણ ઉડાન' પહેલનો શુભાશયપોષણ માનવીની શારીરિક ખામીઓને દૂર કરીને દરેક બાળક અને મહિલાને શ્રેષ્ઠ પોષણ સેવા ઉપલબ્ધ કરાવવાના મુખ્ય ઉદ્દેશ સાથે રાજ્યકક્ષાના 'પોષણ ઉડાનઃ ૨૦૨૫' કાર્યક્રમને એકતાનગરના વ્યુ પોઈન્ટ-૧ ખાતેથી મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ કુલ રૂ. ૧૨૪૭ લાખના ખર્ચે ૫૮ આંગણવાડી કેન્દ્રોના ઈ-ભૂમિ પૂજનની સાથે કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. જેમાં જીએસ પીસીનાસીએસઆરભંડોળહેઠળસમગ્રદેશમાંપ્રથમવાખત લાઈટ ગેજ સ્ટીલ ફ્રેમ (એલજીએસએફ) ટેક્નોલોજીનો વપરાશ કરી મહત્વકાંશી દાહોદ જિલ્લામાં ૨૯ અને નર્મદા જિલ્લામાં ૨૫ તેમજ ગાંધીનગર જિલ્લાના ૪ મળીને કુલ ૫૮ આંગણવાડી કેન્દ્રોનો સમાવેશ થાય છે. 'પોષણ ઉડાન' અંતર્ગત પતંગોત્સવ થકી પોષણ વિશે જાગૃતિ લાવવાના હેતુથી આયોજિત આ પ્રસંગે મંત્રીશ્રી બાબરીયાએ જણાવ્યું કે, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સુપોષિત રાજ્ય બનાવવાની ઝુંબેશને વધુ વેગવાન બનાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ટીમ ગુજરાતે પોષણની ઉડાનને વધુ મજબૂતાઈથી પ્રોત્સાહિત કરી છે.મંત્રીશ્રીએ કહ્યું કે, પોષણ ઉડાનની પતંગને રાજ્યના ઘરેઘર પહોંચાડવા માટે રાજ્ય સરકાર



અને જિલ્લા વહીવટી તંત્ર સહિત પ્રજાની ભાગીદારી ખૂબ મહત્વપૂર્ણ છે. પોષણ ઉત્સવને જનભાગીદારીથી જનઆંદોલન તરફ લઈ જવાની જવાબદારી આપણી સૌની છે. મકરસંક્રાંતિના પર્વ સાથે પોષણ ઉડાન કાર્યક્રમને જોડવાનો એકમાત્ર આશય નર્મદા જિલ્લા સહિત રાજ્ય-રાર્ષ્ટ્રના લોકો પરંપરાગત ખોરાક પ્રેરિત કરવા અને પૌષ્ટિક ખોરાકના મહત્વ વિશે સમજણ પુરી પાડવાનો છે. મંત્રીશ્રી બાબરીયાએ પોષણની સાથે બાળ શિક્ષણ પર ભાર મૂકતા કહ્યું કે, આજે વાલીઓની સાથે આંગણવાડી કાર્યકર બહેનો માતા જશોદા બનીને આંગણવાડી કેન્દ્રોમાં આવતા બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસીને બાળકોમાં પડેલી છૂપી શક્તિઓને સુપેરે બહાર લાવીને તેમની સમજશક્તિનો વિકાસ કરી રહી છે, એટલું જ નહીં તેમનામાં શિક્ષણ અને પોષણની સમજ કેળવવા ખાસ કાળજી રાખી રહી છે એમ જણાવી બાળપણની તમામ રમતોને જીવંત કરનારી, જ્ઞાન અને ગમ્મત સાથેના બાળપણની ભેટ આપનાર રાજ્યની તમામ આંગણવાડી કાર્યકર બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની પતંગ સતત નવી ઉંચાઈઓ પાર કરી રહી છે. ત્યારે પોષણ ઉડાન કાર્યક્રમ દરમિયાન મંત્રી શ્રી બાબરીયાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે ૧૮૨ મીટર ઉંચી વિશ્વની સૌથી વિશાળ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને કેન્દ્રસ્થાને રાખીને ૧૮૨ રંગબેરંગી ફુગ્ગાઓને ઊંચા આસમાને ઉડતા મૂક્યા હતા. નોંધનીય છે કે, કાર્યક્રમ બાદ મંત્રીશ્રીએ પિંક ઓટોના માધ્યમથી એકતાનગર સર્કિટ હાઉસ ખાતે પહોંચ્યા હતા. તેમણે સ્થાનિક પિંક ઓટોની મહિલા ડ્રાઈવર રેખાબેન તડવી સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. રેખાબેને પિંક ઓટો થકી સારી કમાણી કરીને પોતાના પરિવારને આર્થિક ટેકો આપવા આજે હું સક્ષમ બની છું. આ કાર્ય બદલ મંત્રીશ્રીએ મહિલા ડ્રાયવરને પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે સાંસદ શ્રી મનસુખભાઈ વસાવાએ પણ ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણ, પોષણ અને સ્વાસ્થ્યના સ્તરને ઊંચું લાવવા બદલ અને વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં મહિલાઓની સહભાગીદારી સુનિશ્ચિત થાય તે દિશામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ડબલ એન્જિનની રાજ્ય અને કેન્દ્ર સરકારની કામગીરીનો ઉલ્લેખ કરી જનલક્ષી યોજનાઓનો બહોળો લાભ મેળવવા સૌને અનુરોધ કર્યો હતો. મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકરે પણ 'મહિલા-બાળ' ના આરોગ્ય અને પોષણ માટે સરકારના અવનવા કાર્યક્રમો, ઝુંબેશો, આયોજનોમાં નાગરિકોની ઉર્જાયુક્ત જનભાગીદારી માટે સૌને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ પ્રસંગે બાળ કલાકારોએ અભિનયગીત પ્રસ્તુત કર્યું હતું. મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ બાળકોની પ્રસ્તુતિને રસપૂર્વક નિહાળી હતી. મંત્રીશ્રીએ માતૃવાત્સલ્ય અભિગમ સાથે આત્મીય સંવાદ સાધીને બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામનાઓ પાઠવી પ્રોત્સાહિત કરી ભેટ અર્પણ કરી હતી. ''પોષણના સથવારે આંબીશુ આકાશે'' ની સુંદર થીમ સાથે યોજાયેલા પોષણ ઉડાન કાર્યક્રમમાં બાળકોએ પોષણ આધારિત ક્વીઝ, સૂત્રલેખન, પતંગ બનાવવાની સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. વધુમાં નાના બાળકો માટે રમતસ્પર્ધા પણ યોજાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે મંત્રી શ્રીમતી બાબરીયાએ શિયાળામાં બનતી વૈવિધ્યસભર વાનગીઓ તેમજ પ્રાદેશિક પૌષ્ટિક વાનગીઓ, સરગવા જેવા સુપર ફૂડની વિશેષતા અને લીલા શાકભાજીઓનું મહત્વ, લોહતત્વનું મહત્વ, ટેક હોમ રાશન અને શ્રી અન્ન (મિલેટ્સ) તેમજ તેમાથી બનતી વાનગીઓ, વિટામિન-સી (ચણીબોર, આંબળા, આંબલી, ખારેક, ગોટલી, કોઠું, ખજૂર, લીલી વરિયાળી, કાચીકેરી, શેરડી), ગ્રીન સલાડ, ફણગાવેલા કઠોળ, મિક્ષ કઠોળ, ફળોનું મહત્વ સમજાવતા વિવિધ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી હતી. પોષણ સુધા યોજના, વ્હાલી દીકરી યોજના, દૂધ સંજીવની યોજના, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, બાળશક્તિ, વન સ્ટોપ સેન્ટર ખાતે ઉપલબ્ધ સેવાઓની સ્ટેન્ડીઓ થકી લોકોને જાણકારી પુરી પાડીને જાગૃત કરવાનો પરિણામલક્ષી જાગૃતિ પ્રયાસ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભીમસિંહ તડવી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આઈસીડીએસ કમિશનર ડો. રણજીતકુમાર સિંહ, મહિલા અને બાળ વિકાસ વિભાગ કમિશનર-વ- સચિવશ્રી રાકેશ શંકર, જિલ્લા કલેકટર શ્રી એસ.કે.મોદી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, જીએસપીસીના મેનેજરશ્રી દીક્ષિત પટેલ, ટાટા સ્ટીલના પ્રતિનિધિશ્રી પ્રખર અગ્રવાલ, સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, મુખ્યસેવિકા, વાલીઓ, કિશોરીઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# આ રાજકીય ષડયંત્ર, મને ખોટી રીતે ફસાવાયો છે : નિખિલ ગુપ્તા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ખાલિસ્તાની આતંકવાદી અને અમેરિકન મૂળના નાગરિક ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું ષડયંત્ર રચવા મામલે ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે અને તે કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરી રહ્યા છે. તેમણે પોતાના વિરૂદ્ધ લગાવાયેલા આરોપોને સંપૂર્ણ રીતે બનાવટી અને ષડયંત્ર ગણાવ્યા છે. એટલું જ નહીં તેમણે એમ પણ કહ્યું કે, તેમને અમેરિકામાં કાઉન્સિલર એક્સેસ નથી મળી રહ્યું. નિખિલ ગુપ્તાના વકીલે પ્રાગની કોર્ટમાં તર્ક આપ્યો હતો કે, કોર્ટે એ નક્કી કરવું જોઈએ કે તેઓ હકીકતમાં ભારતીય ગુપ્તચર સેવામાં કામ કરનારા એજન્ટ હતા કે નહીં. જેને લઈને પન્નુનું કહેવું છે કે, તેમણે અને તેમના વકીલે આ પ્રકારની કોઈ દલીલ નથી કરી, સાથે એવા પણ તર્કો સામેલ કર્યા કે આ બંધારણીય અદાલત અને અન્ય અધિકારીઓ વચ્ચેની મિલીભગત છે.

નિખિલ ગુપ્તાનું કહેવું છે કે, 'આ સંપૂર્ણ કેસ ખોટી ઓળખનો મામલો છે. બીજી તરફ અમેરિકન આરોપ માં કથિત રીતે પોતાના ફોન નંબરથી મેસેજ અને વીડિયો પૂરાવા સામેલ છે. જેમાં તેઓ વાતચીત કરતા જોવા મળી રહ્યા છે. આ પૂરાવાને લઈને તેમનું કહેવું છે કે, આ બધુ જ બનાવટી છે. હું એવા કોઈ વ્યક્તિ કે એજન્ટ નથી ઓળખતો. આ બધુ મોટા પ્રમાણમાં માત્ર એક રાજકીય સ્ટંટનું પરિણામ છે.'

પ્રાગમાં ભારતીય એમ્બેસીના અધિકારીઓ સાથે મુલાકાતને લઈને કહ્યું કે, 'પ્રાગ એટલે ચેક રિપબ્લિકમાં મને ત્રણ વખત કાઉન્સિલર એક્સેસ મળ્યું હતું. તેમણે એ નથી ખબર કે તેમને મળવા કોણ આવ્યું હતું. તેમણે જ્યારથી પ્રાગથી અમેરિકા લવાયા છે, ત્યારથી કોઈ પણ કાઉન્સિલર એક્સેસ નથી મળ્યું. મારા પરિવારે તેના માટે અનેક વખત અપીલ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ જવાબ નથી આપવામાં આવ્યો.' અમેરિકામાં સરકારી વકીલની માગને લઈને નિખિલ ગુપ્તાએ કહ્યું કે, 'અમે સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા વકીલને અપીલ કરી છે, કારણ કે અમે ખાનગી વકીલ નિયુક્ત કરવાનું જોખમ ન ઉઠાવી શકીએ. આ મારા અને મારા પરિવાર માટે પહેલાથી જ એક અવિશ્વસનીય રીતે લાંબી અને થકવી દેનારી કાયદાકીય લડાઈ રહી છે, અને તેનાથી મોટું નાણાંકીય નુકસાન પહોંચ્યું છે. અમારી પાસે જે પણ પૈસા હતા, તે ચેક રિપબ્લિકમાં કેસ લડવામાં ખર્ચાઈ ગયા.' નિખિલે કહ્યું કે, કોર્ટે મારા માટે ૩૦ ઓક્ટોબરે એક વકીલની નિમણૂક કરી, પરંતુ પોતે ચકાસ્યા બાદ મને જાણવા મળ્યું કે મારા માટે નિયુક્ત કરાયેલા વકીલો પાસે ફોજદારી બચાવ અને આવા કેસોમાં જરૂરી કુશળતા અને અનુભવનો અભાવ હતો.

### ગેમિંગ પર ટેક્સ અંગે કોર્ટનો નિર્ણય નવી દિશા આપશે

# ગેમિંગ કંપનીઓ પાસેથી રૂ. ૧.૧૨ લાખ કરોડની કર વસૂલાત સામે સુપ્રીમનો સ્ટે

## સરકાર આખા પ્રાઇસ પૂલ પર વેરો લાદે છે તેની સામે તે ફક્ત પ્લેટફોર્મ ફી અને કમિશન જ લઈ શકે તેવી કંપનીઓની દલીલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।



સુપ્રીમ કોર્ટે ઓનલાઈન ગેમિંગ કંપનીઓને રાહત કરી આપી છે. ઓનલાઈન ગેમિંગ કંપનીઓ પાસેથી કેન્દ્રએ ૧.૧૨ લાખ કરોડનો જીએસટી માંગતી કારણદર્શક નોટિસ પાઠવી તેની સામે સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો છે. આ ચુકાદાના પગલે ઓનલાઈન ગેમિંગ કંપનીઓએ હાશકારો અનુભવ્યો છે. જ્યાં સુધી કોઈ નિર્ણાયક બાબત પર પહોંચાય નહીં ત્યાં સુધી નોટિસ હેઠળની દરેક પ્રક્રિયા સામે કોર્ટે સ્ટે આપ્યો છે. ઓનલાઈન ગેમિંગ કંપનીઓ પાસેથી કર વસૂલાત કેસની બાબતમાં મુખ્ય વિવાદ ઓનલાઈન ગેમિંગ પ્રવૃત્તિઓ પર જીએસટીના અમલીકરણને લઈને છે. સરકાર ભારપૂર્વક જણાવી રહી છે કે કુલ કન્ટેસ્ટ એન્ટ્રી રકમ પર ૨૮ ટકા જીએસટી લાગે, જે આખા પ્રાઈઝ પૂલ પર વેરો લાદે છે. સરકારના વલણ સામે ગેમિંગ કંપનીઓની દલીલ છે કે જીએસટી ફક્ત તેમની પ્લેટફોર્મ ફી કે કમિશન પર જ લઈ શકાય, તેઓનું કહેવું છે કે આમાની ઘણી ગેમ્સ ફક્ત તક કે નસીબ નહીં પણ ગેમ્સ પર આધારિત છે.ટેક્સ પાર્ટનર અર્ન્સટ એન્ડ યંગે જણાવ્યું હતું કે માર્ચમાં થનારી અંતિમ સુનાવણી નિયમનતંત્રના માળખાને ઓપ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે અને આ ઉદ્યોગમાં યોગ્ય અને પારદર્શક કરવેરા પ્રણાલિ હોય તે સુનિશ્ચિત કરશે. અગ્રવાલે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ડિરેક્ટોરેટ જનરલ ઓફ ઈન્ટેલિજન્સ (ડીજીસીઆઈ)ની કારણદર્શક નોટિસ પર મનાઈહુકમ આપીને ઓનલાઈન ગેમિંગ અને કેસિનો ઈન્ડસ્ટ્રીઝને ઘણી રાહત આપી છે. સુપ્રીમ કોર્ટનું આ પગલું દર્શાવે છે કે ઝડપી વૃદ્ધિ પામી રહેલા અને નિયમનતંત્રની જરુરિયાત અનુભવતા આ સેક્ટર માટે કાયદાકીય સ્પષ્ટતા અને યોગ્ય પ્રક્રિયા કેટલી જરુરી છે. સુપ્રીમના ચુકાદાના પગલે ઓનલાઈન ગેમિંગ કંપનીઓ ચોક્કસપણે રાહતનો શ્વાસ લેતી હશે.

### પવનની ગતિ વધતાં હજુ આગ વધુ વિકરાળ થઇ શકે છે

# લોસ એન્જેલસની આગ બેકાબૂ મૃત્યુઆંક વધીને ૧૦ને પાર થયો

## દરમિયાન માલિબુ અને પેસિફિક પેલિસાડેસ જેવા ઊંચું મૂલ્ય ધરાવતા વિસ્તારોમાં વિનાશથી નુકસાનનો આંકડો વધવાની આશંકા છે

। લોસ એન્જેલસ, તા.૧૧ ।

અમેરિકાના લોસ એન્જેલસના જંગલોની ભીષણ આગને પગલે પારાવાર નુકસાન થયું છે. વિવિધ વિસ્તારોમાં લાગેલી આગ અમેરિકાના અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી મોટી છે. આ આગમાં મૃત્યુઆંક વધીને ૧૦ને પાર કરી ગયો છે. આર્થિકરીતે નુકસાનનો અંદાજ ૧૦૦ અબજ ડોલરને પાર કરી ગયાનું જણાવવામાં આવી રહ્યું છે.'પેલિસાડેસ ફાયર'ને કારણે ૧૯,૯૭૮ એકરની જમીન પર વિનાશ વેરાયો હતો. ગુરુવાર રાત સુધીમાં માત્ર છ ટકા વિસ્તારમાં આગને કાબૂમાં લઈ શકાઈ હતી. જ્યારે 'ઈટોન ફાયર'ને લીધે ૧૩,૬૯૦ એકરની જમીન હોમાઈ ગઈ હતી અને આગ પર સહેજ પણ નિયંત્રણ મેળવી શકાયું ન હતું. દરમિયાન આગને કારણે મનોરંજન ઉદ્યોગને ગંભીર નુકસાન થયું છે. ડિઝની અને યુનિવર્સલ જેવા સ્ટુડિયોમાં શૂટિંગ અટકાવી દેવાયું હતું. વિવિધ ફિલ્મોના પ્રીમિયર શો રદ કરાયા હતા અને ઓફિસો બંધ કરવાની ફરજ પડી હતી. જેપી મોર્ગનના અંદાજ પ્રમાણે વીમો ધરાવતી પ્રોપર્ટીનું નુકસાન ૨૦ અબજ ડોલરને વટાવી શકે, જે લોસ એન્જેલસની આગને 'કેમ્પ ફાયર' કરતાં વધુ વિનાશક પુરવાર કરે છે. 'કેમ્પ ફાયર'માં વીમો ધરાવતી પ્રોપર્ટીનું નુકસાન ૧૦ અબજ ડોલર થયું હતું. દરમિયાન માલિબુ અને પેસિફિક પેલિસાડેસ જેવા ઊંચું મૂલ્ય ધરાવતા વિસ્તારોમાં વિનાશથી નુકસાનનો આંકડો વધવાની આશંકા છે. ઉપરાંત, આગમાં ખતમ થયેલી ઘણી પ્રોપર્ટીનો વીમો નથી.નિષ્ણાતોના જણાવ્યા અનુસાર તાજેતરની આગ 'ક્લાઈમેટ ચેન્જ'ના વધતા જોખમો તરફ ઈશારો કરે છે. જેની કેલિફોર્નિયાના અર્થતંત્ર અને ઈન્શ્યોરન્સ માર્કેટ પર નોંધપાત્ર અસર થવાની શક્યતા છે. જોકે, પારાવાર નુકસાન છતાં રહેવાસીઓ અને નેતાઓએ પુનઃ નિર્માણનો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ફાયરબ્રિગેડ આગને ઓલવવાનો સતત પ્રયાસ કરી રહ્યું છે. જ્યારે પાડોશીઓ પણ એકબીજાને પૂરતો ટેકો આપી રહ્યા છે. પવનની ઝડપ વધવાની શક્યતાને કારણે સત્તાવાળાએ રહેવાસીઓને સતર્ક રહેવાની સૂચના આપે છે. જંગલની આગને કારણે થયેલા નુકસાનથી ફાયર મેનેજમેન્ટ માટેની વ્યૂહરચનામાં સુધારો કરવાની તાકીદે જરૂર છે. જેથી ભવિષ્યની હોનારતોમાંથી લોકોને બચાવી શકાય.

### લોસ એન્જલસમાં આગની વચ્ચે લૂંટારાઓનો ત્રાસ

કેલિફોર્નિયાના લોસ એન્જલન્સમાં ફાટી નીકળેલા દાવાનળમાં લોકો પોતાનો જીવ બચાવવા ઘર-સામાન મૂકી સુરક્ષિત સ્થળે આશરો લઈ રહ્યા છે. ત્યાં બીજી તરફ ચોર-લૂંટારૂઓ આ દુર્ઘટનાનો લાભ લેતાં ખાલી પડેલાં ઘરોમાં લૂંટ મચાવી રહ્યા છે. પોલીસે લૂંટફાટ કરનારા સંદિગ્ધ ૨૦ લોકોની ધરપકડ કરી છે. લોસ એન્જલ્સ કાઉન્ટી સુપરવાઈઝર કેથ્રિન બર્ગરે જણાવ્યું હતું કે, 'આ કટોકટીના સમયમાં અમુક લોકો નિર્દયી બન્યા છે. તેઓ ખાલી પડેલા ઘરોમાં ચોરી-લૂંટ મચાવી રહ્યા છે.'

### વિધાનસભા ચૂંટણીમાં મળી શકે છે મોટી જવાબદારી

# નૂપુર શર્માની ફરીથી દિલ્હી ભાજપમાં એન્ટ્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫નો શંખનાદ થઈ ચુક્યો છે. રાજધાનીમાં ૫ ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે. તો વળી પરિણામ ૮ ફેબ્રુઆરીએ જાહેર થશે. આ વખતે ચૂંટણીમાં પણ ગત વખતની માફક ત્રિકોણીયો જંગ જોવા મળી શકે છે. આ દરમ્યાન વાત મળી રહી છે કે ભાજપના વિવાદિત આપનારા પાર્ટીના પૂર્વ પ્રવક્તા નૂપુર શર્માને ટિકિટ મળી શકે છે. જો કે તેના પર અંતિમ નિર્ણય કેન્દ્રીય ચૂંટણી સમિતિ લેશે. પાર્ટીએ તેમના નિવેદનના કારણે તેમને બે વર્ષ પહેલા સસ્પેન્ડ કરી દીધા હતા. આ દરમ્યાન સોશિયલ મીડિયા પર તેમના નામને લઈને કેમ્પેઈન ચલાવવામાં આવી રહ્યું છે. તો વળી કેટલાય લોકો તેમને સીએમ ફેસ બનાવવાની પણ માગ કરી રહ્યા છે. યુઝર્સ કહી રહ્યા છે કે નૂપુર શર્માને કાલકાજી સીટથી ટિકિટ આપવી જોઈએ. આપને જણાવી દઈએ કે, પાર્ટીએ કાલકાજી સીટથી પૂર્વ સાંસદ રમેશ બિધૂડીને મેદાનમાં ઉતાર્યા છે. પ્રિયંકા ગાંધી અને સીએમ આતિશી પર વિવાદિત નિવેદન બાદ પાર્ટીના કાલકાજીથી ઉમેદવાર બદલવાની ચર્ચા પણ થવા લાગી છે. આપને જણાવી દઈએ કે, નૂપુર શર્માએ ૨૦૨૨માં એક ટીવી ડિબેટ દરમ્યાન પયગમ્બર પર વિવાદિત ટિપ્પણી કરી હતી. ત્યાર બાદ વિપક્ષ સહિત વિદેશોમાં પણ નૂપુર શર્મા વિરુદ્ધ અવાજ ઉઠ્યો હતો. ભાજપને નિવેદન જાહેર કરી કહ્યું હતું કે, પાર્ટી આવી કોઈ પણ વિચારધારની વિરુદ્ધમાં છે. જે કોઈ ધર્મ અથવા સંપ્રદાયનું અપમાન કરે છે. ત્યાર બાદ તેમને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. પાર્ટીમાંથી સસ્પેન્ડ થયા બાદ નૂપુરે પોતાનું નિવેદન પાછું લેવાની જાહેરાત કરી હતી. અહીં ઉલ્લેખનિય છે કે આ વિવાદિત નિવેદન બાદ નૂપુર શર્મા મુસ્લિમ કટ્ટરપંથીઓના ટાર્ગેટ પર આવી ગઈ હતી, તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળતી હતી.

### મહારાષ્ટ્રની ધ્રૂજાવી દેતી ઘટના

# પિતાએ મોબાઈલની ના પાડતા દીકરાનો આપઘાત, પિતાએ પણ ફાંસો ખાધો

## સમગ્ર ઘટના મામલે પોલીસે ગુનો નોંધીને પુત્ર-પિતાના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

આજના ડિજિટલ યુગમાં સ્માર્ટ ફોન અને સોશિયલ મીડિયા જાણે જીવનનો એક ભાગ બની ગયો છે. દિવસે-દિવસે સ્માર્ટ ફોનનો વપરાશ વધી રહ્યો છે, ત્યારે મોબાઈલ-સોશિયલ મીડિયાના અનેક ફાયદા હોવાની સાથે ઘણા ગેરફાયદાઓ પણ છે. જ્યારે બાળકો અને યુવકોને જાણે મોબાઈલ વગર જીવવું મુશ્કેલ બન્યું હોય તેવી ઘટના સામે આવી છે. જેમાં મહારાષ્ટ્રના નાંદેડમાં મોબાઈલ ફોન ન મળતા એક યુવકે આપઘાત કરી લીધો હતો. બીજી તરફ, પુત્રએ આપઘાત કર્યો હોવાની જાણ થતા પિતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતુ. સમગ્ર ઘટના મામલે પોલીસે ગુનો નોંધીને પુત્ર-પિતાના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ મોકલીને આગળની કાર્યવાહી હાથ ધરી.

મળતી માહિતી મુજબ, મહારાષ્ટ્રના નાંદેડના બિલોલીમાં પિતાએ પુત્ર પાસેથી મોબાઈલ લઈ લેતા ૧૭ વર્ષીય પુત્રએ પોતાના રૂમમાં જઈને ગળેફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. જ્યારે પુત્રએ આ પ્રકારનું પગલું ભર્યું હોવાનું જાણવા મળતા, પિતાએ પોતાના ખેતરમાં જઈને આપઘાત કર્યો હતો. પિતા-પુત્રએ આપઘાત કરી લેતા પરિવારમાં શોક છવાયો હતો. જ્યારે આ ઘટના અંગે પરિવારજનોએ જણાવ્યું હતું કે, 'અમને ખબર ન હતી કે એક મોબાઈલના કારણે પરિવારના બે સભ્યો મોતને ભેટશે.' સમગ્ર ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. જેમાં પોલીસે આપઘાતનો ગુનો નોંધીને પિતા-પુત્રના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડીને આગળની કાર્યવાહી હાથ ધરી.

### દેશના સામાન્ય લોકો હવે સુપ્રીમ કોર્ટની ટૂર કરી શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક નિર્ણય લઈને સામાન્ય લોકો માટે પોતાના દરવાજા ખોલી નાખ્યા છે. હવ લોકો કામકાજના પ્રત્યેક શનિવારે(વર્કિંગ સેડરડે)એ ગાઈડેડ ટૂરના માધ્યમથી આ પ્રતિષ્ઠિત કોર્ટના અંદરના ભાગને જોઈ શકશે. આ નવતર પહેલનો ઉદ્દેશ્ય લોકોને સુપ્રીમ કોર્ટની કાર્યપ્રણાલી અને સાંસ્કૃતિક ધરોહરથી વાકેફ કરાવવાનો છે. સુપ્રીમ કોર્ટના રજિસ્ટ્રાર મહેશ ટી. પાટનકર દ્વારા ૯મી જાન્યુઆરીએ જાહેર કરેલા સર્કયુલરમાં કહ્યું છે કે, સક્ષમ ઓથિરીટીની ગાઈડલાઈન્સ મુજબ ગાઈડેડ ટૂર પ્રતિ કાર્યદિવસ શનિવારે(બીજા અને ચોથા શનિવાર સિવાય) આયોજિત કરાશે. આ ટૂર ચાર સ્લોટ્સમાં હશે - સવારે ૧૦થી ૧૧-૩૦ કલાકે, ૧૧-૩૦ કલાકથી ૧ કલાકે, બપોરે ૨થી ૩-૩- કલાક અને ૩-૩૦ કલાકથી પાંચ કલાક સુધી. આ ટૂરમાં સામેલ થતા પહેલા ઓનલાઈન બુકિંગ કરવું જરુરી રહેશે. એક અધિકારીએ જણાવ્યું કે, પ્રત્યેક મુલાકાતી માટે ઓનલાઈન બુકિંગની સાથે આ ટૂર પ્રી-પ્લાન હશે અને તેમને કોર્ટ પરિસરની અંદર ઐતિહાસિક મહત્વના સ્થળોની જાણકારી અપાશે.

### મુંબઈની આરે કોલોનીમાંથી આપઘાતનો કિસ્સો સામે આવ્યો

# ધોરણ - ૧૧ની વિદ્યાર્થીનીએ વોશરૂમમાં ફાંસો ખાઈ આપઘાત

## આ ઘટના અંગે પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, છોકરીને જાણતા લોકોએ જણાવ્યું છે કે, તે ભૂતકાળમાં પણ આવું પગલું ભરી ચૂકી છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

મુંબઈની આરે કોલોનીમાંથી આપઘાતનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. મળતી માહિતી અનુસાર, આરે કોલોનીમાં આવેલી એક ઈન્ટરનેશનલ કોલેજમાં ધોરણ ૧૧માં ભણતી સગીર છોકરીએ આપઘાત કરી લીધો હતો. આપઘાતની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને સમગ્ર ઘટનાની નોંધ લીધી હતી. પોલીસ હાલ આ કેસની તપાસ કરી રહી છે.

પ્રાથમિક માહિતી અનુસાર, મુંબઈના આરે કોલોનીમાં સ્થિત એક ઈન્ટરનેશનલ કોલેજમાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની સગીર છોકરીએ ગઈકાલે વોશરૂમમાં ફાંસી લગાવીને આપઘાત કરી લીધો હતો. આ ઘટના અંગે પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, છોકરીને જાણતા લોકોએ જણાવ્યું છે કે, તે ભૂતકાળમાં પણ આવું પગલું ભરી ચૂકી છે. હાલમાં મુંબઈની આરે પોલીસે આપઘાતના આ કેસની તપાસ શરૂ કરી દીધી છે. વિદ્યાર્થીનીના આપઘાત અંગે કોલેજ મેનેજમેન્ટ તરફથી પણ એક નિવેદન સામે આવ્યું છે. કોલેજે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે, 'અમે આ ઘટનાથી દુઃખી છીએ. કોલેજ સમગ્ર મામલામાં પીડિતાના પરિવારની પ્રાઈવસી જાળવવાની અપીલ કરે છે.'

## વિશેષ

### સ્માર્ટફોનથી લેપટોપ સુધીઃ આઇટી હાર્ડવેર મેન્યુફેક્ચરિંગમાં ભારત આગળ છે

# ભારતીય કંપની સિરમા SGSની અત્યાધુનિક લેપટોપ એસેમ્બલી લાઇનનું ચેન્નાઈમાં અશ્વિની વૈષ્ણવ દ્વારા ઉદ્‌ઘાટન

। (પીઆઈબી) નવી દિલ્હી ।

ભારતના ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્ર માટે એક અભૂતપૂર્વ વિકાસમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી, રેલવે અને માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે ચેન્નાઈમાં સિરમા એસજીએસ ટેકનોલોજીની અત્યાધુનિક લેપટોપ એસેમ્બલી લાઈનનું ઉદઘાટન કર્યું હતું.

મદ્રાસ એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન (એમઈપીઝેડ) માં આવેલી આ સુવિધા ભારતની 'મેક ઈન ઈન્ડિયા' સફરમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનનો સંકેત આપે છે, જે મોબાઈલ ફોનથી આઈટી હાર્ડવેર, ખાસ કરીને લેપટોપ્સ સુધી પોતાનું વર્ચસ્વ વિસ્તૃત કરે છે.

**'મેક ઇન ઇન્ડિયા'માં એક માઇલસ્ટોન**

નવી એસેમ્બલી લાઈન શરૂઆતમાં વાર્ષિક ૧૦૦,૦૦૦ લેપટોપનું ઉત્પાદન કરશે, જેની સ્કેલેબલ ક્ષમતા આગામી ૧-૨ વર્ષમાં ૧ મિલિયન યુનિટ સુધીની હશે. સિરમા એસજીએસ હાલમાં ચેન્નાઈમાં ચાર મેન્યુફેક્ચરિંગ યુનિટ્સનું સંચાલન કરે છે, તેના યુનિટ ૩ એ હવે લેપટોપનું ઉત્પાદન શરૂ કર્યું છે.

ઉદઘાટન પ્રસંગે શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ''આગામી સમયમાં ઈલેક્ટ્રોનિક કમ્પોનન્ટ ઈકોસિસ્ટમ પણ વિકસાવવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે આપણે સાવચેતીપૂર્વક કામ કરવું જોઈએ. આ ભારત માટે માત્ર એક મોટી વિકાસ ગાથાને જ આગળ વધારશે નહીં, પરંતુ આત્મનિર્ભરતા અને વૈશ્વિક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન લેન્ડસ્કેપમાં આપણી સ્થિતિને મજબૂત કરવાના અમારા દ્રષ્ટિકોણ સાથે પણ સુસંગત છે.''

આઈટી હાર્ડવેર માટેની પીએલઆઈ ૨.૦ યોજનાનો એક ભાગ, આ પહેલ, ઉચ્ચ-મૂલ્યવાળા ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં ભારતની વધતી જતી ક્ષમતાઓને પ્રકાશિત કરે છે અને આઈટી હાર્ડવેરમાં રાષ્ટ્રની આત્મનિર્ભરતાને મજબૂત બનાવે છે.

**એસેમ્બલી લાઈનની મુખ્ય હાઈલાઈટ્સ**

વૈશ્વિક ભાગીદારીઃ સિરમા એસજીએસએ તાઈવાનની અગ્રણી ટેકનોલોજી કંપની માઈક્રો-સ્ટાર ઈન્ટરનેશનલ (એમએસઆઈ) સાથે ભાગીદારી કરી છે, જે ભારતમાં ઉચ્ચ ગુણવત્તાવાળા લેપટોપનું ઉત્પાદન કરે છે અને સ્થાનિક અને વૈશ્વિક બંને બજારોને પૂરા પાડે છે.

સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા માટેઃ આ સુવિધા નાણાકીય વર્ષ ૨૦૨૬ સુધીમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં ૧૫૦-૨૦૦ વિશિષ્ટ રોજગારીનું સર્જન કરશે એવી ધારણા છે, જે તમિલનાડુનાં પ્રાદેશિક અને ભારતનાં રાષ્ટ્રીય અર્થતંત્ર એમ બંને પર નોંધપાત્ર અસર કરશે. જે આ ક્ષેત્રમાં ભાવિ કાર્યબળને આકાર આપશે અને વધારશે તેવી ધારણા છે. વર્લ્ડ ક્લાસ સ્ટાન્ડર્ડ્સઃ ઉત્પાદિત લેપટોપ આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના માપદંડોને પૂર્ણ કરશે, જે ભારતની વિકસતી તકનીકી અને ઉત્પાદન ક્ષમતાને પ્રદર્શિત કરશે.



**ભારતનું રાઇઝિંગ ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્ર**

છેલ્લા એક દાયકામાં ભારતના ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ઝડપથી વિકાસ થયો છે, કુલ ઉત્પાદન ૨૦૧૪માં રૂા. ૨.૪ લાખ કરોડથી વધીને ૨૦૨૪માં રૂા. ૯.૮ લાખ કરોડ થયું છે. માત્ર મોબાઈલ મેન્યુફેક્ચરિંગ જ રૂા. ૪.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે, જેમાં ૨૦૨૪માં રૂા. ૧.૫ લાખ કરોડની નિકાસ થઈ હતી.ભારતમાં વપરાતા ૯૮% મોબાઈલ ફોનનું ઉત્પાદન હવે ભારતમાં થઈ રહ્યું છે, જેમાં સ્માર્ટફોન્સ ભારતમાંથી ચોથી સૌથી મોટી નિકાસ વસ્તુ બની છે.

**તમિલનાડુઃ મુખ્ય ફાળો આપનાર**

તમિલનાડુમાં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (એમઈઆઈટીવાય)ની વિવિધ યોજનાઓ હેઠળ ૪૭થી વધારે ઉત્પાદન એકમોને ટેકો આપવામાં આવ્યો છે. રાજ્ય મોટા પાયે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજનાના સૌથી મોટા લાભાર્થીઓમાંનું એક છે, જેમાં પીએલઆઈ ૨.૦ હેઠળ મંજૂર થયેલા ૨૭ એકમોમાંથી સાત અહીં સ્થિત છે. આ પહેલ હેઠળના પ્રથમ એકમનું ઉદઘાટન ગઈકાલે કરવામાં આવ્યું હતું.

વધુમાં, તમિલનાડુને સ્કીમ ફોર પ્રમોશન ઓફ મેન્યુફેક્ચરિંગ ઓફ ઈલેક્ટ્રોનિક કોમ્પોનન્ટ્સ એન્ડ સેમિકન્ડક્ટર્સ (એસપીઈસીએસ) જેવા કાર્યક્રમો મારફતે નોંધપાત્ર ટેકો મળ્યો છે, જેમાં ચાર અરજીઓને રૂ.૧,૨૦૦ કરોડનું એમઈઆઈટીવાય (MeitY) સમર્થન મળ્યું છે, અને મોડિફાઈડ સ્પેશિયલ ઈન્સેન્ટિવ પેકેજ સ્કીમ (એમ-સિપ્સ), જેણે રૂા.૧૫,૦૦૦ કરોડની રોકાણ ક્ષમતા ધરાવતી ૩૩ અરજીઓને આકર્ષી છે, તેને એમઈઆઈટીવાય પાસેથી રૂા.૧,૫૦૦ કરોડનું સમર્થન મળ્યું છે. આ પહેલોએ સાથે મળીને તામિલનાડુની કંપનીઓને અત્યાર સુધીમાં ૧.૩ લાખ કરોડથી વધુનું કુલ ઉત્પાદન હાંસલ કરવામાં સક્ષમ બનાવી છે.

રાજ્યમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર (ઈએમસી) પણ આવેલું છે, જે પિલ્લાઈપક્કમ વિલેજ, શ્રીપેરુમ્બુદુર ખાતે આવેલું છે, જેની સ્થાપના મેસર્સ સ્ટેટ ઈન્ડસ્ટ્રીઝ પ્રમોશન કોર્પોરેશન ઓફ તમિલનાડુ (સિપકોટ) દ્વારા કરવામાં આવી છે. ભારત સરકારના સમર્થનમાં રૂા.૨૧૦ કરોડ સહિત રૂા.૪૨૦ કરોડના પ્રોજેક્ટ કોસ્ટ સાથે આ ક્લસ્ટરમાં રૂા.૮,૭૦૦ કરોડનું રોકાણ આકર્ષવામાં આવશે અને ૩૬,૩૦૦ રોજગારીનું સર્જન થવાની ધારણા છે. ભારતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસમાં તમિલનાડુનું યોગદાન આશરે ૩૦ ટકા છે, જે આ ક્ષેત્રમાં તેની મુખ્ય ભૂમિકાને રેખાંકિત કરે છે. ઉલ્લેખનીય છે કે, લેટેસ્ટ આઈફોન ૧૬ પ્રો ''મેડ ઈન ઈન્ડિયા'' છે. જેનું ઉત્પાદન તમિલનાડુમાં કરવામાં આવ્યું છે તેનું ગૌરવ છે. તમિલનાડુ રાજ્યમાં યોજના મુજબ લાભાર્થીઓની માહિતી અહીંથી મેળવી શકાશે.

**લેપટોપ ઉત્પાદન માટે ઉજ્જવળ ભવિષ્ય**

સિરમા એસજીએસની લેપટોપ એસેમ્બલી લાઈનનું ઉદઘાટન ભારતની ઈલેક્ટ્રોનિક્સ સફરમાં એક નવા અધ્યાયનું પ્રતીક છે, જે આયાત પરની નિર્ભરતામાં ઘટાડો, રોજગારીની તકોમાં વધારો અને વિશ્વ-સ્તરીય ઉત્પાદન ક્ષમતાઓ માટે માર્ગ મોકળો કરે છે. જેમ જેમ આ સુવિધા ઉત્પાદનમાં વધારો કરશે, તેમ તેમ ભારત આઈટી હાર્ડવેર ઉત્પાદનમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બનવાની તૈયારીમાં છે.

**IT હાર્ડવેર માટે PLI 2.0 ની સ્થિતિ**

આઈટી હાર્ડવેર માટે પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) ૨.૦, ૨૯ મે, ૨૦૨૩ ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું, જેનો ઉદ્દેશ પાત્ર કંપનીઓને ૫ ટકા પ્રોત્સાહન આપીને ભારતની ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવાનો છે. આ યોજનામાં લેપટોપ, ટેબ્લેટ્સ, ઓલ-ઈન-વન પીસી, સર્વર્સ અને અલ્ટ્રા-સ્મોલ ફોર્મ ફેક્ટર ડિવાઈસ જેવા ઉત્પાદનોને આવરી લેવામાં આવ્યા છે.

# રાકૃતિક કૃષિ સંદર્ભે જામનગરના ઉચ્ચ અધિકારીઓ અને ખેડૂત ટ્રેનર્સ સાથે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની સમીક્ષા બેઠક




જામનગર જિલ્લાના ૨૭,૮૨૩ ખેડૂતો ૧૮,૦૦૦ થી વધુ એકરમાં પ્રાકૃતિક કૃષિ કરે છે : જિલ્લામાં ૧૭૧ મોડેલ ફાર્મનું નિર્માણ કરાયું.

## અમદાવાદમાં નવ મહિનાના બાળકનો રિપોર્ટ પોઝિટિવ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

દુનિયાભરને હચમચાવી ચૂકેલા કોરોના વાઈરસની મહામારી બાદ હ્યુમન મેટાન્યૂમો વાઈરસે (HMPV) ચીન બાદ ભારતમાં એન્ટ્રી કરી. ગુજરાતમાં અમદાવાદ અને હિંમતનગર સહિત HMPVના અત્યારસુધીમાં ત્રણ કેસ નોંધાયો હતા. જ્યારે HMPVના વધુ એક કેસ અમદાવાદથી સામે આવતા રાજ્યમાં કુલ ચાર કેસ નોંધાયા છે. જેમાં HMPVના ચોથા કેસમાં ૯ મહિનાના એક બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે રાજ્યમાં HMPVના કેસમાં વધારો થતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે. રાજ્યમાં HMPVનો વધુ એક કેસ નોંધાયો છે. જેમાં અમદાવાદમાં ૯ મહિનાના એક બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બાળકને વિહા ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યું હતું. જો કે, બાળકને હાલ ચાઈલ્ડ હુડ હોસ્પિટલમાં શિફ્ટ કરાયો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં ચાંદખેડા વિસ્તારમાં આવેલી ઓરેન્જ હૉસ્પિટલમાં બાળકને ૨૪ ડિસેમ્બર ૨૦૨૪ના દાખલ કરાયા બાદ ૨૬ ડિસેમ્બરે રિપોર્ટ આવ્યો હતો.

## તમામ DCPને દર મહિને ૪ નાઇટ ડ્યૂટી કરવા આદેશ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

શહેર પોલીસ કમિશનરે થોડા સમય પહેલા તહેવારો પૂર્વે ઈન્સપેક્ટરો માટે હુકમ કર્યો હતો. જેમાં તકેદારીના ભાગરૂપે પોલીસ ઈન્સપેક્ટરોને વિસ્તાર ન છોડવા માટે સૂચના અપાઈ હતી. જે બાદ શહેરમાં કેટલીક ઘટનાઓ ઘટી હોવાથી રાજ્યના પોલીસ વડાએ કમિશનર કચેરીમાં અધિકારીઓ સાથે મીટિંગ કરી હતી. જેમાં ડીસીપીઓને એક માસમાં ચાર નાઈટ કરવા સૂચના આપવામાં આવી હતી. જેને લઈને શહેર પોલીસ કમિશનરે તાજેતરમાં ડીસીપી કક્ષાના અધિકારીઓ પાસેથી કડક હાથે કામગીરી લેવાનું શરૂ કર્યું છે. અગાઉ શહેરમાં ફરજ બજાવતા ડીસીપી કક્ષાના અધિકારીઓને એક માસમાં બે ત્રણ નાઈટ ડ્યૂટી ફાળવવામાં આવતી હતી. જોકે તેમાં ઉચ્ચ અધિકારીઓ તરફથી બદલાવ કરીને અઠવાડિયાના સાત દિવસોમાં બંને સેક્ટરમાં એક એક ડીસીપીને નાઈટ ડ્યૂટી કરવા સૂચના આપી છે. એટલે કે મહિનામાં એક ડીસીપીને ચાર નાઈટ ડ્યૂટી કરવા હુકમ કરાયા બાદ તેનું અમલીકરણ શરૂ થયું છે. જેના કારણે શહેરના બંને સેક્ટરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંકુશમાં આવી હોવાનું મનાઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે અગાઉ શહેરમાં ફરજ બજાવતા ડીસીપીને મહિનામાં બે અને ત્રણ નાઈટ ડ્યૂટી ફાળવવામાં આવતી હતી. કેટલાક ડીસીપીઓ મહિનાની બે નાઈટ ડ્યૂટીમાં પણ આળસ દાખવતા હોવાની ચર્ચા હતી.

# આજે શહેરના કેટલાક રસ્તા રહેશે બંધ, વૈકલ્પિક માર્ગ કરાયા જાહેર

**સિંધુભવન અને બોડકદેવના અમુક વિસ્તાર ૧૨ જાન્યુઆરીના દિવસે મર્યાદિત સમય માટે બંધ કરવામાં આવ્યા છે**

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

અમદાવાદનો ધમધમતો વિસ્તાર સિંધુભવન અને બોડકદેવના અમુક વિસ્તાર ૧૨ જાન્યુઆરીના દિવસે મર્યાદિત સમય માટે બંધ કરવામાં આવ્યા છે. અમદાવાદ ઈન્ચાર્જ પોલીસ કમિશનર શરદ સિંઘલ દ્વારા જાહેરનામું બહાર પાડીને આ વિશે માહિતી આપવામાં આવી છે. શનિવારે શહેરમાં આરોગ્ય અને તંદુરસ્તીની જાગૃતિ માટે મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે અમુક રોડ બંધ કરી વૈકલ્પિક માર્ગની પણ સુવિધા આપવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આગામી ૧૨ જાન્યુઆરીએ રોજ લોકોમાં આરોગ્ય તથા તંદુરસ્તીની જાગૃતિ લાવવા બોડકદેવ-સિંધુભવન રોડ ઉપર એક પ્રાઈવેટ કંપની દ્વારા મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું છે. જેના કારણે ઈવેન્ટ દરમિયાન નીચે જણાવેલા માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનો માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવ્યો છે.ઓરનેટ પાર્ક-૨ સામે ગ્રાઉન્ડ થી ચાઈનીઝ મેક્ષીકન ચાર રસ્તાથી ઓરનેટ પાર્ક કટથી જમણી બાજુના તાજ સ્કાય લાઈન તરફના જમણી બાજુના રોડ બંધ રહેશે. તાજ સ્કાઈ લાઈનથી પરત ઉપરોક્ત રોડ ઉપર ગોટીલા ગાર્ડન કટ થઈ ઝાઝરમાન ચાર રસ્તાથી ડાબી બાજુ વળી બાગબાન ચાર રસ્તાથી સિલ્વર રેડીયન્સ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી રેલ્વે ઓવરબ્રિજ થઈ શુકન મોલ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સાયન્સ સીટી રોડ થઈ સાયન્સ સીટી બસ સ્ટેન્ડ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી સાયન્સ સીટી ગેટ નં.૫ સામે થઈ અમાયા નવી બનતી સાઈડ સુધીનો ડાબી બાજુનો માર્ગ/રોડ વાહનોની અવર જવર માટે પ્રતિબંધિત રહેશે.ઓરનેટ પાર્ક-૨ સામે ગ્રાઉન્ડ થી ચાઈનીઝ મેક્ષીકન ચાર રસ્તાથી ડાબી બાજુ વળી ગ્રીન ફિલ્ડ બંગલો થઈ શોહમ પ્રેટીસ ચાર રસ્તા સુધીનો બન્ને બાજુનો માર્ગ/રોડ વાહનોની અવર જવર માટે બંધ રહેશે.

## પશુઓના ગોબરમાંથી મનપાએ કમાણીનો પ્લાન બનાવ્યો

**। અમદાવાદ, તા.૧૧ ।**

અમદાવાદ મહાનગર પાલિકાએ હવે કમાણી માટે એક નવો રસ્તો શોધી લીધો છે. અમદાવાદ પાલિકા હવે પશુઓના છાણમાંથી કમાણી કરશે. આ માટે પાલિકાએ પ્લાન પણ બનાવ્યો છે. amc ઢોરવાડામાં રહેલા પશુઓના છાણમાંથી સ્ટિક, છાણા, કોડિયા બનાવી તેનુ બજારમાં વેચાણ કરશે. શહેરમાંથી પકડાયેલા રખડતા ઢોરને જે તે પશુ માલિક છોડાવવા નથી, તેનો નિભાવ અને દેખરેખ મનપા કરે છે ત્યારે આ પશુઓના છાણને વેસ્ટ માંથી બેસ્ટ બનાવી માર્કેટ માં વેચવાનો નિર્ણય કરાયો છે. અમદાવાદ મ્યુનિસિપલ કપરપોરેશનના દાણીલીમડા અને બાકરોલ ઢોરવાડામાં લગભગ ૧૬૦૦થી વધુ પશુઓ છે, જેનાથી દરરોજ લગભગ ૮ ટન જેટલું છાણ એકત્ર થાય છે. તેને છાણ માંથી મશીન વડે છાણ સ્ટીક, છાણની ટીકી , દીવા કરવા માટે કોડિયાં બનાવમાં આવી રહ્યા છે. નોંધનીય છે કે amcના સ્મશાનમાં જ્યા લાકડાનો ઉપયોગ થાય છે ત્યાં હવે આ કાઉ ડંગ સ્ટીકનો ઉપયોગ કરવામાં આવશે.

## મહેસાણાના આંબલિયાસણ ગામ પાસે આગની ઘટના ઘટી

**। મહેસાણા, તા.૧૧ ।**

મહેસાણાના આંબલિયાસણ ગામ પાસે આગની ઘટના બનવા પામી છે. આંબલિયાસણ-ભાસરિયા રોડ પર ફેક્ટરીમાં આગ લાગતા ભાગદોડ પચી ગઈ હતી. સ્થાનિકોએ ફાયર વિભાગની ટીમને આગની જાણ કરતા ટીમે પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. મહેસાણા જીલ્લામાં આંબલિયાસણ ગામે આંબલિયાસણ-ભાસરિયા રોડ પર આવેલ અંબિકા વુડ પ્રોસેસ નામની કંપનીમાં અચાનક આગ લાગી હતી.

# ભાવનગરમાં નકલી ઈનવોઈસ અને ક્વોટેશન બનાવી રૂપિયા ૧ કરોડથી વધુની છેતરપિંડી

**। ભાવનગર, તા.૧૧ ।**

ભાવનગરમાં લઘુ ઉદ્યોગ શરૂ કરવા લઘુ ઉદ્યોગકારોને નાણાકીય સહાય મળે તે માટે સરકારની વિવિધ યોજના, કાર્યક્રમ અંતર્ગત મળતી સબસીડી કે લોનનો બેંક ઓફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચમાં દુરૂપયોગ કરી નકલી ક્વોટેશન અને ઈન્વોઈસ બિલોની મદદથી છેતરપિંડી કરવામાં આવી છે.લઘુ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આર્થિક સહાય આપવા કેન્દ્ર સરકાર PM એમ્પ્લોયમેન્ટ જનરેટિંગ પ્રોગ્રામ, PM મુદ્રા યોજના અને બાજપાઈ બેંકેબલ યોજના જેવી યોજના હેઠળ લોન આપવામાં આવે છે. આ યોજનાનો દુરૂપયોગ કરી નકલી ક્વોટેશન અને નકલી ઈનવોઈસ બિલો રજૂ કરી સરકારી યોજનાનો ગેરકાયદેસર લાભ લઈ સરકાર સાથે રૂપિયા ૧.૦૧ કરોડની છેતરપિંડી આચરવામાં આવી છે. છેતરપિંડી કરનારાઓ બેંક ઓફ બરોડાની મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલિન ક્રેડિટ ઓફિસર, તત્કાલિન બ્રાંચ મેનેજર અને તેના સાથીઓ સહિત ૨૮ શખ્સો વિરૂદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ કરાતા ખળભળાટ મચી ગયો છે.

ફરિયાદ મુજબ ૨૦૨૩ નાણાકીય વર્ષમાં બેંક ઓફ બરોડાની બ્રાંચનું ઓડિટ થયું હતું. જેમાં લોન લેનારાઓએ બનાવટી ઈનવોઈસ બિલો રજૂ કરી નાણાકીય સહાય મેળવી હતી. તેમજ અરજીમાં ધંધાના સ્થળે મશીનરી કે ધંધાનું સ્થળ નહીં મળી આવતા શંકા ઊભી થઈ હતી. અનુસંધાને ૨૪ જેટલા લાભાર્થીઓને નોટિસ પાઠવવામાં આવી હતી. જેમાંથી ૧૦ લોકોએ નોટિસ આપ્યાથી લોન ભરપાઈ કરી દીધી હતી, પરંતુ અન્ય લાભાર્થીઓએ લોન ભરી નહીં. રૂપિયા ૧૦૧૩૫૩૪૧નું મસમોટુ કૌભાંડ આચરવામાં આવ્યું હતું.

બાદમાં મોખડાજી સર્કલ બ્રાંચના તત્કાલિન બ્રાંચ મેનેજર શિવશંકર ઝા અને તત્કાલિન ક્રેડિટ ઓફિસર પ્રદીપ મારૂને સસ્પેન્ડ કરી દેવાયા હતા. બાદમાં બેંકની ઈન્ટરલન ઈક્વાયરી કરવામાં આવી હતી. ઘટનાને પગલે બેંક ઓફ બરોડાના રિજનલ હેડએ ડોક્યુમેન્ટસ સાથે ચેડા કરી વિશ્વાસઘાત કરી છેતરપિંડી આચરવા બદલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ભાવનગર પોલીસે પુરાવાના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તત્કાલિન બ્રાંચ મેનેજર, તત્કાલિન ક્રેડિટ ઓફિસર, હિતેશ દલપતભાઈ ગલચર, રમેશ મગનભાઈ જાવિયા, ટીલાવત જયશ્રીબેન અનિલભાઈ, નિખિલ પ્રકાશભાઈ સોલંકી, વૈભવ હિતેશભાઈ દોશી, સ્વાતી ધર્મેશભાઈ સવાણી, માયાબેન ઘનશ્યામભાઈ પંડયા, દિનેશ નાગજીભાઈ ડાભી, વિજય દેવજીભાઈ પરમાર, કૃણાલ રમેશભાઈ બથવાર, ચેતનાબેન રમેશભાઈ જાવિયા, શૈલેન્દ્ર પરશોત્તમભાઈ પટેલ, રિદ્ધિબેન બટુકભાઈ ડગરા, ધર્મિષ્ઠાબેન કિશનકુમાર સાવલીયા, પ્રદિપ રણછોડભાઈ મકવાણા, જેસિંગ રણછોડભાઈ રાઠોડ, અમિત મનુભાઈ ચૌહાણ, જવલબેન ભલાભાઈ દિહોરા, કેતન ધનજીભાઈ પરમાર, અક્ષય પ્રવિણભાઈ મકવાણા, ભાયા કાનાભાઈ ડાભી, શૈલેષ બોઘાભાઈ ગોહિલ, જયદીપ બુધાભાઈ બારૈયા, મુકેશ દલાભાઈ બારૈયા, હેતલબેન અરવિંદભાઈ બારૈયા, હિતેષ ચંદ્રકાંતભાઈ રાઠોડ વિરૂદ્ધ ગુના નોંધાયા છે.

# ફ્લેટ આપવાનું કહી લાખોની ઠગાઇ કરનાર ત્રણની શાહીબાગ પોલીસે ધરપકડ કરી

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।**

ફ્લેટ આપવાનું કહી લાખોની ઠગાઈ કરનાર ત્રણ આરોપીઓની શાહીબાગ પોલીસે ધરપકડ કરી છે. ત્યારબાદ આરોપીઓને કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એ.એન. વોરાએ આરોપીઓના બે-બે દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે. ફ્લેટ આપવાનું કહી ઠગાઈ કરવાના કેસમાં પોલીસે સતિષ વિઠ્ઠલભાઈ પટેલ, પવન ડાહ્યાભાઈ પટેલ અને તુષાર દશરથભાઈ પટેલની ધરપકડ કરી કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. જ્યાં સરકારી વકીલ મનિષા સેન્ડરે રિમાન્ડ અરજી મુદ્દે એવી રજૂઆત કરી હતી કે, આરોપીઓ બોગસ દસ્તાવેજ બનાવવા તથા તૈયાર કરાવવા મામલે કોની મદદ મેળવી, આરોપીઓએ મૂળ માલિકો સાથે બનાખત કે મિલકત અંગે લખાણો કર્યા છે કે નહીં, આરોપ ીઓએ ફરિયાદી પાસેથી પૈસા મેળવ્યા હતા તે રકમ ક્યાં છે, આ કેસમાં અન્ય આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે તેઓ ક્યાં છે, એક આરોપી પ્રદ્યુમન પટેલ હાલ જેલમાં છે તેને સાથે રાખી આરોપીઓની પૂછપરછ કરવાની છે, આરોપીઓએ આ રીતે અન્ય કોઈ લોકોને ઠગ્યા છે કે નહીં, આરોપીઓએ જે એમઓયુ બનાવ્યા હતા તે લખાણો કોના કહેવાથી બનાવ્યા, આરોપીઓના કુદરતી લખાણના નમૂના લેવાના છે, આરોપીઓ તપાસમાં સહકાર આપી રહ્યાં નથી અને સમય વેડફી રહ્યાં છે ત્યારે સાત દિવસના રિમાન્ડ આપવા જોઈએ. જો કે, આરોપીઓ તરફે એવી દલીલ કરવામાં આવી હતી કે, જે જાણતા હતા તે વિગતો પોલીસને જણાવી દીધી છે, ૨૪ કલાકથી વધુ સમય સુધી પોલીસની કસ્ટડીમાં હતા, પોલીસ જે મુદ્દે તપાસ માટે રિમાન્ડ માગી રહી છે તેમાં આરોપીઓની હાજરી જરૂર નથી ત્યારે રિમાન્ડ ન આપવા જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીઓના બે દિવસના રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા છે.

# રાજકોટ પોલીસે ગુપ્ત ઓપરેશન કરી આરોપીને કર્ણાટકથી દબોચ્યો

**। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।**

આસારામ રેપ કેસના સાક્ષી અમૃત પ્રજાપતિની હત્યાના કેસમાં રાજકોટ પોલીસને મોટી સફળતા મળી છે. હત્યાના આરોપીને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. પોલીસની ટીમે ગુપ્ત ઓપરેશન હાથ ધરી આરોપીને કર્ણાટકથી ઝડપી લીધો છે. ૧૦ વર્ષ પહેલાં હત્યાની ઘટના બની હતી.આસારામની સામે પડીને તેમનો જાહેરમાં ભાંડો ફોડનારા અમૃત પ્રજાપતિ પ્રથમ હતા. પ્રસાર માધ્યમોમાં ઈન્ટરવ્યૂ આપીને, ટીવી ચેનલ્સની ડિબેટમાં ભાગ લઈને તેમણે આસારામના અનેક કરતૂતો ઉજાગર કર્યા હતા. નારાયણ સાંઈ સામે સુરતની બે બહેનોએ બળાત્કારનો કેસ દાખલ કર્યો તેમાં અમૃત પ્રજાપતિ સરકારી સાક્ષી બનતાં નારાયણની મુશ્કેલીઓ વધી હતી. ૨૩ મે, ૨૦૧૪ના દિવસે રાજકોટ ખાતે બે અજાણ્યા હુમલાખોરોએ રસ્તો પૂછવાના બહાને અમૃત પ્રજાપતિની સાવ નજીક ધસી જઈને પોઈન્ટ બ્લેન્ક રેન્જથી તેમના પર ત્રણ ગોળીઓ ધરબી દીધી હતી. માથામાં, ગળામાં ગોળી વાગવાથી લોહી નીંકળતી હાલતમાં તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં સારવાર કારગત ન નીવડતા ૧૭ દિવસ પછી તેમનું મોત નીપજ્યું હતું.વડોદરામાં વસતા વૈદ્ય અમૃત પ્રજાપતિ લગભગ બે દાયકા જેટલાં સમયથી આસારામ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. આસારામ જ્યારે હજુ ગુજરાત પૂરતા જ લોકપ્રિય હતા ત્યારથી તેમના ચુસ્ત અનુયાયી ગણાતા પ્રજાપતિ વ્યવસાયે વૈદ્ય હોવાથી આસારામના સ્વાસ્થ્યની અંગત કાળજી લેવાની જવાબદારી પણ તેમની હતી. અમદાવાદ નજીકના મોટેરા આશ્રમમાં કિશોર વયના બે સાધકો દિપેશ-અભિષેકના શંકાસ્પદ અપમૃત્યુ પછી અમૃત પ્રજાપતિએ આસારામ સાથે છેડો ફાડ્યો અને પોતે નજરે જોયેલી, જાણેલી અને અનુભવેલી વિગતોનો જાહેરમાં હિંમતભેર પર્દાફાશ કરવા માંડ્યા હતા.બળાત્કારના કેસમાં લાંબા સમયથી જેલમાં રહેલા આસારામને કોર્ટે જામીન આપી દીધા છે.

